શાંતિકુંજની સુંદરી

સમર્પણ પત્ર.

અનેક સદ્‌ગુણાલંકૃત વિદ્યાવિલાસી

રા. રા. શેઠજી સાહેબ,

શેઠ જીવણચંદ ધર્મચંદ ચોકસી,

મુંબઈ.

આપની સાહિત્ય પ્રત્યેની પ્રેમદષ્ટિ, દીનજનો પ્રત્યે દયાની લાગણી અને તે કામમાં પોતાથી બનતી મહેનત આપ કરો છો. સર્વ સાધારણ મનુષ્યોને આગળ વધવા માટે આપ જે સહાયતા કરો છો, તે પ્રશંસનીય કાર્ય માટે આપને ધન્યવાદ ઘટે છે. તેમજ આપ સાહેબ મારી પ્રત્યે જે શુભેચ્છાની લાગણી ધરાવો છો, તેથી હું આપનો સદાનો આભારી છું. આપના આવા ઉત્તમ ગુણોથી આકર્ષાઈ આ '**શાંતિકુંજની સુંદરી**' નામક પુસ્તક આપ સાહેબની સેવામાં અર્પણ કરવા આજ્ઞા માગું છું. તે સ્વીકારી ઉપકૃત કરશોજી.

લી. આપનો કૃપાભિલાષી,

ઉદયચંદ લાલચંદ શાહ.

અમદાવાદ.

પ્રસ્તાવના.

" A good novel is an inductive study in sociological biology " Proff. H. STODDARD.

અર્થાત્ " એક ઉત્તમ નવલકથા સમાજશાસ્ત્રની પ્રાણીગુણધર્મ વિદ્યાનું અનુમાનજન્ય અધ્યયન છે."

નવલકથા એટલે શું ? નવલકથા એ મનુષ્ય જીવનની વાર્તા છે. તે વિકાર આવેશ પ્રેરિત એક કરતાં અધિક માનવ જીવનની કથા છે. ગૃહ જીવનની વાર્તા છે. ઐતિહાસિક પાત્રે તેના સમયમાં લાગણી આધીન કરેલા કાર્યની વાત છે. જે પાત્રના કાર્યમાં રસ, ઉમંગ લેવાને જરૂર પાડે છે તેવાં પાત્રોના સાહસિક અને અદ્દ્ભુત કાર્યોની કથા છે.

બીજું નવલકથા એ સંસારનું ચિત્ર છે. સંસારમાં કાર્ય કરતાં નરનારીઓના મનોવ્યાપારનું ચિત્ર છે. માનવ જીવન અનેક પ્રકારની વિલક્ષણતાથી ભરપૂર છે. માનવ હૃદયમાં અનેક પ્રકારના ભાવો પ્રસંગવશાત્ જબરૂં યુદ્ધ કરે છે. અમુક લાગણીઓથી પ્રેરાઈ અમુક કાર્ય કરે છે વા કાર્ય કરવા પ્રવૃત્ત થાય છે. રા. નરસિંહરાવ કહે છે તેમઃ—

" મનુજ હૃદયમાં કલહજ ક્રૂરા,
લોભ દ્વેષ રાગાદી ઉંડા;
ભક્તિભાવ ગંભીરી દયા,
અનેક ભાવ એવા અણગણ્યા."

(છેલ્લે પ્રસ્તાવનાના અન્તમાં.)

હું જાતે મારવાડી છું. માતાપિતા ઉદ્યોગાર્થે દક્ષિણમાં જઈ વસ્યા હતાં. મારો જન્મ તેજ ભૂમિમાં છે. થોડી ઘણી પ્રાથમિક કેળવણી મરાઠી ભાષામાં લીધી છે. થોડા એટલે લગભગ સાત વર્ષથી ગુજરાતમાં રહું છું. તે ભાષાનો અભ્યાસ તેટલીજ મુદતથીજ છે. જ્યારે હું પ્રથમ ગુજરાતમાં આવ્યો ત્યારે હું ગુજરાતી ભાષાથી તદ્દન અ-

ગ્નાત–નિરક્ષર હતો. મારી માતૃભાષા મારવાડી છે. એટલે નરજાતિ અને નાન્યતર જાતિના શબ્દોનો થોડો ઘણો પ્રયોગ પરસ્પર થઇ ગયો છે, એમ મને પુસ્તક બીજી વખત વાંચતા જણાયું, અને તેમ બને તે સ્વાભાવિક છે. તેમજ હું પુષ્ત કે વધારે વયનો નથી. બહુ તો એ દહકો પણ પૂરા નહીં થયાં હોય! એવાં અનેક કારણોએ આમાં જે કંઇ ખામી જણાય તે મારી અજ્ઞાનતાનુંજ પરિણામ જાણવું જોઇએ. તે માટે સુજ્ઞ જનો દયાદૃષ્ટિથી જોશે.

નવલકથાના પુસ્તકોથી લાભ શું? એ સવાલનો જવાબ આપવો એ ઘણું કઠિન છે. તથાપિ નિવેદન કરવાની રજા લઇશ કે, "નવલકથાઓથી ઘણા ખરા લાભો છે. પણ તેનો આધાર નવલકથાના સારા યા નરસા લેખ ઉપર છે. જે નવલકથાઓ બિભત્સ અને હદ બહારના શૃંગારરસથી ભરપૂર, લોકોને લોભાવી પૈસા કમાવવાની જેની પ્રબળ ઇચ્છા હોય તે તો ધારેલી અસર કરતાં ઉલટીજ અસર નિપજાવે છે. તેમાં કદાચ લાભને બદલે નુકસાન પણ થાય. જે નવલકથાઓમાં સદ્ગુણ અને તેવાજ બીજા ઉત્તમ પ્રસંગોમાં હદ કુદાવવામાં ન આવે, કલ્પનાશક્તિના તરંગોને મર્યાદિત રાખવામાં આવે અને સદ્ગુણનેજ સાધ્યબિન્દુ ગણી જે નવલકથાઓ લખાઈ છે, લખાય છે અને લખાશે તેનાથી અસર તો સારીજ થવાની! ઉક્ત બન્ને પ્રકારની નવલકથાઓનો આપણા સાહિત્યક્ષેત્રમાં તોટો નથી. પણ તેમાંથી સારા સદ્ગુણો ગ્રહણ કરવા કે દુર્ગુણો ગ્રહણ કરવા તેનો આધાર વાંચક પર છે.

નવલકથાઓમાં ઘણીક જાતના પ્રસંગોનું વર્ણન કરવામાં આવે છે. વિશેષતઃ તેમાં કલ્પનાનું મિશ્રણ અધિક જોવામાં આવે છે. તે પ્રસંગો એવા હોય છે કે ઘડીક હસાવે ઘડીક રડાવે બદ્ધે બોધ બતાવે–પણ તેનો આધાર ગ્રહણ કરનાર પર છે. પણ ઉપરના સવાલનો જવાબ એમજ ધ્યાનમાં આવે છે કે નવલ કથાઓથી લાભતો છેજ.

આ નવલકથા લખતાં એવોજ વિચાર ઉત્પન્ન થયો હતો. આ

નવલકથા જો કે એક બંગાળી અને મરાઠીને આધારે લખવામાં આવી છે; તોપણ તેમાં સાધ્યબિન્દુ તો બીજાઓ કંઇ સારૂંજ ગ્રહણ કરે એજ છે. આ નવલકથાનો આ એકજ ભાગ છે. એટલે પાત્રો સંબંધી બીજા ભાગમાં કેટલોક ઉલ્લેખ કરીશ.

કલ્પિત નવલકથાઓ કરતાં જે નવલકથાઓ ઐતિહાસિક હોય છે તે વાંચનાર પર પોતાનો આદર્શ ઘણી સારી રીતે પાડી શકે છે. એ નિઃસંશય છે. કારણ કે વસ્તુતઃ તે બનાવો સત્ય રીતે બનેલા હોય છે. બનાવટ કરતાં સત્ય વસ્તુ સારૂં અજવાળું પાડવાને સમર્થ થાય છે. તેવીજ રીતની આ એક વાર્તા છે. આ વાર્તા વિક્રમની સોળમી સદીમાં બંગાળામાં, શહેનશાહ અકબરના સામ્રાજ્ય સમયે બનેલી છે. આ પુસ્તકની મૂળ રચના **સ્વર્ગસ્થ વડોદરાના દિવાન બાબુ રમેશચંદ્ર દત્ત** સી. આઈ. ઈ. ની છે, અને તે **બંગ વિજેતા** નામથી આખા બંગ દેશમાં પ્રસિદ્ધ છે. તેનું મરાઠીમાં ભાષાંતર થયેલું છે. એ ઉક્ત પુસ્તકોનો આધાર લેવામાં આવ્યો છે, અથવા તો આ પુસ્તકને ઉક્ત પુસ્તકનું ભાષાંતર કહેવામાં આવે તો હરકત જેવું નથી. તથા કલ્પનાનું જુજ મિશ્રણ કર્યું છે. અને કલ્પના પણ કેટલેક ઠેકાણે કરી લખવામાં આવ્યું છે; તથાપિ તે મુખ્ય ઘટનાઓથી બહાર ન જાય તેને માટે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ઉક્ત પુસ્તકનો ઉલ્લેખ ગુજરાતીમાં કદાચ થયો હોય તો તેથી આ લેખક અજ્ઞાત છે. ઉક્ત પુસ્તકોના કર્ત્તાઓનો ખાસ આભાર માનું છું.

આમાં **સરલા** અને **અમલા** નામના બે પાત્રો છે, તેમના નામ એક બે ઠેકાણે, સરખા હોવાથી, **સરલાને** બદલે **અમલા** અને **અમલાને** બદલે **સરલા** રહી ગયું છે. તે વાંચકો સુધારીને વાંચશે એવી આશા છે.

જયશ્રી ગુર્જર સાહિત્યનો.

ખમાસાનો ચકલો.
અમદાવાદ.

લી. સજ્જનોનો સેવક,
ઉદયચંદ લાલચંદ શાહ.

પ્રેમાંજલિ.

વિદ્યાવાડી વિષે તરૂવર વૃંદ હિંસે,
મૃદુબાળ તરૂ ત્યાં વિમળ વિલસે;
મંદ મંદ સુગંધી સમીર વડે,
મનકુંજ વિહારી તણુંજ હરે. ૧

રમતાં ભમતાં કંઈ સંધ્યા સમે,
[૧]વિહંગ [૨]વિપીન થકી ઉતરે;
તરૂ બાળ લીધું નિજ પાંખડીયે,
કાંઇ પ્રેમ અનૂપ ધરી હૃદયે. ૨

વિધી વ્યાપારે વૃંદ વિહંગ તણું,
શિળી ચંદા મહિ આવી મળિયું;
સંયોગ વિણા એક તાર થયે,
વહ્યું ગાન ગભીરૂં જ શાન્તિ સરે. ૩

પ્રહરે પ્રહરે રતિ રમ્ય બની,
લાલિત્ય લલી લાગી લગની;
ગઈ નહીંજ તુટી વાધી બમણી,
ભુલ્યું ભાન ચુમ્યું તે સવિ રજની. ૪

રમતાં ભમતાં કંઇ આવી ઉષા,
નિજ માળી ગ્રહે ગુણ મંજૂષા;
તરૂ બાળ ગયું અભિવંદન દઈ,
વૃંદ પંખી રહ્યું લિન અબ્ધી થઈ. ૫

ઉદયચંદ.

---

૧ પક્ષીઓ. ૨ આકાશ.

શાંતિકુંજની સુંદરી.

પ્રકરણ ૧ લું.

વ્રતધારિણી.

She stole along, she nothing spoke,
The sighs she heaved were soft and low,
And naught was Green upon the oak
But moss and rarest mistletoe:
She kneels beneath huge oak tree
And in silence prayeth she.

Coleridge.

તગદીર કે તૂટે હુએ તદબીર કયા કરે;
થાંભા ગિરે તો થાંભલે પર્વત ગિરે તો કયા કરે?

બે પ્રહર રાત્રી વ્યતીત થઇ ગઇ છે. આજે શુકલપક્ષની ચૌદસ છે; છતાં આકાશ મેઘથી છવાઇ ગયું છે. તેને લીધે ખેતર, ગામ અને અરણ્ય એ સઘળાં અંધકારમાં છુપાઇને બેઠા હતા. વેલીઓ અને વૃક્ષો ઉપરની ખદ્યોતમાળા નિબીડ અંધકારમાં બહુજ મનોહર દેખાય છે. **ઇચ્છામતી** નદીનું પાત્ર પાણીથી ટાંચે ટાંચ સુધી ભરેલું છે. મોટા વેગથી ધોધો કરતી વહન કરી રહી છે. રાત્રીના પ્રચંડ પવનથી નદીના પૃષ્ટ ભાગ ઉપર મોજાંઓ ઘણાંજ ઉછળી રહ્યાં છે. નિબીડ કુંજવન-માંથી સું સું શબ્દ કરતો પવન સ્વૈરગતીથી વાય છે. પવન અને

પાણીના મોજાંઓ સિવાય બીજો કોઇ પણ શબ્દ સાંભળવામાં આવતો નથી. સર્વ જગત્ નિદ્રા દેવીના સામ્રાજ્યમાં પડયું હતું. શાંતિથી દિવસે લાગેલા પરિશ્રમને ઉતારવા સારૂ જગતના ચરાચર જીવો નિદ્રિત અવસ્થામાં પડયા હતા.

એવા પ્રકારના ભયંકર અંધકારમાં, શીતળ પવનમાં, નદીમાં આ એકલીજ શુભ્રવસન પરિધાન કરેલી કઇ સ્ત્રી સ્નાન કરી રહી છે વારૂ ? આ કોઈ વ્રતધારિણી તો નહીં હોય ? ભયંકર અંધકારમાં, એના દેહ ઉપર એક ધોળા વસ્ત્રસિવાય બીજું કાંઇ પણ દેખાતું નથી. સ્નાન કરી રહ્યા પછી તે વનપુષ્પો ચુંટવા લાગી, ત્યાર બાદ પાસેના એક મોટા પુરાતન વટવૃક્ષ નીચેના શિવમંદિરમાં તેણે પ્રવેશ કરી, મંદિરના બંને દરવાજા બંધ કરી લીધા.

મંદીરમાં સામેજ એક નાની સરખી ધોળા પાષાણની શિવમૂર્તિ અને ખુણામાં રહેલો એક મંદ દીપકનું કોડિયું એ સિવાય અધિક કાંઇપણ દેખાતું નહતું. દીપકનો પ્રકાશ તે સ્ત્રીના સર્વાંગ ઉપર પડયો હતો. તેનું યૌવનવયનું કયારનું અતિક્રમણ થઇ ગયું હતું; અત્યારે તેની ઉમર ચાળીસ વર્ષની હતી. પરંતુ તેણીની મુખમુદ્રા ઉપરથી, વચમાં વચમાં દેખાતા તેણીના માથામાંના ધોળા કેસો ઉપરથી અને વિગલિત ગાત્રો ઉપરથી તેની ઉમર પચાસ કરતાં પણ અધિક હોવી જોઇએ; એમ જોનારને જણાઈ આવતું હતું. તે ક્ષીણ અને ઉંચી દેખાતી હતી, તો પણ તેના શરીરનું નાજુકપણુ તેને છોડી ગયું નહતું. ભાલ–લલાટ ઉચ્ચ અને પ્રશસ્ત હતું. તેના ઉપર ચિંતાની રેખાઓ પડેલી સ્પષ્ટપણે દેખાતી હતી. તેના મસ્તક ઉપરના શુભ્રકૃષ્ણ વર્ણના કેસના ગુચ્છોના ગુચ્છ તેના મુખ ઉપર, ખાંધા ઉપર અને હૃદય ઉપર આમતેમ વિખરાયેલાં હતાં. આંખો એટલી બધી તો ઉજ્વળ દેખાતી હતી કે, તેવીં ઉજ્વલતા એક નવયૌવના તરૂણીના નેત્ર યુગલમાં કવચિતજ દેખાય! પરંતુ આ

યૌવનકાળની ઉજ્વલતા નહતી; પરંતુ તેના હૃદય પ્રદેશમાં સતત ભડકી રહેલી ચિંતાગ્નિના કણીઆઓ, જાણે તેના નેત્રમાંથી પડતા હોયની! એમ ભાસ થતો હતો. ઓષ્ટ અત્યંત ચીકણાં અને દૃઢ પ્રતિજ્ઞા સૂચક હતા. તેનું સર્વ શરીર ગંભીર અને ઉન્નત દેખાતું હતું. તેમાં પણ તેણીએ વૈધવ્યસૂચક શુભ્રવસ્ત્ર પરિધાન કરેલું હોવાથી તેની મુખમુદ્રા ઉપર અધિક ગાંભીર્ય વિરાજમાન થયું હતું. સાથે લાવેલાં સર્વ ફૂલો તેણીએ શિવની મૂર્તિ સામે મુક્યાં, અને સાષ્ટાંગ નમસ્કાર કર્યો.

ઉપાસના કરતાં કરતાં ઘણોક સમય વ્યતીત થઈ ગયો હતો. ક્રમે ક્રમે વાયુ પ્રચંડ ગર્જના કરવા લાગ્યો. વડલાના ઝાડોની જુની અને એક એકમાં બાઝી ગયેલી ડાળીઓમાંથી–કડ–કડ–કડ એવો ધ્વની નીકળવા લાગ્યો. મંદીરના દરવાજા ખખડવા લાગ્યા. દીપકની જ્યોતી થરથર કાંપવા મંડી પડી; પરતું તે સ્ત્રીની શાંત અને ગંભીર મુખમુદ્રામાં યત્કિંચિત પણ ફરક પડયો હોય, એમ દેખાતું નહતું. આંખો મીંચીને અને એકાગ્રધ્યાન કરીને તેણીએ એક પ્રહર સુધી આરાધના ચાલુ રાખી હતી. તેણીની મનોકામના શું હતી? કયા હેતુની ફલ પ્રાપ્તિ કરવા સારૂ તે એટલા મનોભાવ અને એકાગ્રતાથી શિવની આરાધના કરતી હતી? તે એટલામાંજ કહેવાનું અમે સાહસ કરતા નથી. પરંતુ ધીમે ધીમે બધું ગાજતે વાજતે માંડવે આવશે, અને બધું સમજાઈ જશે.

ઉપાસના પૂરી થઈ ગયા પછી તે સ્ત્રીએ હાથમાં દીવો લઇને, બહાર આવવાના હેતુથી મંદિરના કમાડ ઉઘાડ્યાં. કમાડ ઉઘાડતાંજ પવનના પ્રતાપથી દીવો એકદમ બુઝાઈ ગયો. રાત્રીનો સમય સર્વત્ર ઘોર અંધકાર પ્રસરી રહેલો હતો. વાયુ પ્રબળ વેગથી વહેતો હતો. પરંતુ એવા સમયમાં પણ એક રતીમાત્ર ન ડગમગતાં, તે સ્ત્રી ધીરે ધીરે રૂદ્રપુરના રસ્તે પોતાના ઘર તરફ જવા લાગી. માર્ગ ઘણોજ સાંકડો હતો. બન્ને બાજુએ જંગલજ જંગલ લાગેલું હતું. વૃક્ષોના

ખરી પડેલા પાંદડાઓથી માર્ગ ઢંકાઈ ગયો હતો. રસ્તાની બન્ને બાજુએ આવી રહેલા મોટા મોટા વૃક્ષોની ડાળીઓ એક બીજામાં પેસી ગયેલી હોવાને લીધે તે અંધકારનું સ્વરૂપ અતિ ભયંકર થયું હતું. તે ઝાડોમાં ક્યાં ક્યાં એક બે ઝુંપડીયો દૃગ્ગોચર થતી હતી. ઝુંપડીયોમાં રહેનારા સર્વ મનુષ્યો આ વખતે ગાઢ નિદ્રામાં મગ્ન થયા હતા. રાત્રિમાં કીડાઓનો શબ્દ પણ સાંભળવામાં આવતો ન હતો. આવા વખતે રસ્તે ચાલતાં અનેક વખતે આમથી તેમ, અને તેમથી આમ, વળતી તે સ્ત્રી પોતાની ઝુંપડી પાસે આવીને ઉભી રહી, અને તેણીએ ધીમે રહીને દરવાજાપર થાપ મારી. તરતજ દરવાજો અંદરથી ઉઘડયો, અને તેણીએ અંદર પ્રવેશ કર્યો. હાથમાં દીવો લઇને દ્વાર ઉઘાડવા માટે આવેલી સુંદર બાળાએ પાછો દરવાજો બંધ કર્યો.

રસ્તે ચાલતાં તે સ્ત્રી ઘણીજ ઘોર ચિંતામાં મગ્ન થઈ હતી; પરન્તુ દરવાજો ઉઘાડવા માટે આવેલી, તે બાળીકાનું સુહાસ્ય–મધુર મુખકમળ જોતાંજ તેની ચિંતા તત્કાળ દૂર થઈ ગઈ, અને મુખમુદ્રા ઉપર ધીમે ધીમે શુદ્ધ અને પવિત્ર એવા વાત્સલ્ય પ્રેમભાવનું પ્રતિબિંબ દૃષ્ટિગોચર થવા લાગ્યું. "**સરલા** આટલી રાત્રી થઈ તોપણ તું અત્યાર સુધી જાગે છે? જા બેટા, અંદર જા અને સુઈ રહે." એમ કહીને **મહાશ્વેતાએ** અત્યંત પ્રેમભાવથી તે મુગ્ધ બાલીકાને પોતાના હૃદયથી ચાંપી.

"માતાજી! રાત્રિ ઘણી થઈ ગઈ છે, તે મને સમઝાયું નહીં. બ્રહ્મચારી મહારાજ મહાભારતમાંની કથા કહેતા હતા, અને હું બેઠી બેઠી સાંભળતી હતી. મને લાગે છે કે, ભારતમાંની વાતો સાંભળવા મલવાથી મને રાતે ઊંઘની પણ યાદ થવાની નથી." **સરલાએ કહ્યું.**

સરલહૃદયા બાલિકા દીવો લઇને સુવાને માટે જવા લાગી. તે સમયે કેટલાક વખત સુધી તેની માતા અનિમિષ નેત્રોએ તેની તરફ જોતાં ઉભી રહી. મનમાં ને મનમાં બોલવા લાગી કે "બેટા! તું તો

મારૂં જીવન સર્વસ્વ છે! વિધાતાએ આ અમૂલ્ય રત્ન, આ અનુપમ સુંદર પુષ્પ કેવળ વનની શોભાને માટેજ નિર્માણ કર્યું છે?" એમ બોલતી બોલતી બ્રહ્મચારી મહારાજ જે ઓરડીમાં બેઠા હતા, તે તરફ ચાલતી થઈ.

સરલા પોતાની સુવાની ઓરડીમાં જઈ સુઈ ગઈ. તેણીએ દીવો ખુણામાં મુક્યો. માતા જલદીજ સુવાને માટે આવશે, એમ સમજી તેણીએ કમાડ બંધ કર્યાં નહીં, અને દીવાને રજા પણ આપી નહીં. સરલાની ઉમર ૧૩ વરસની હતી. યૌવનકુસુમની આ મોહક કળી, હજી પૂર્ણપણે વિકસિત થઈ ન હતી. તેની મુખમુદ્રા ઉપરથી હજુ તે એકાદ અનાડી છોકરી જેવી દેખાતી હતી. તેના અવયવોમાં યા મુખ ઉપર સૌંદર્યની છટા, અથવા લાવણ્યતનું ચિન્હ દેખાતું ન હતું. કવિ લોકો જેવી રીતથી સૌંદર્યનું પ્રેમ ભરીને વર્ણન કરવા સારૂં અત્યંત ઉત્સુક હોય છે, તેવા પ્રકારનું સૌંદર્ય સરલામાં કાંઈ પણ દગ્ગોચર થતું ન હતું; તોપણ તેણીનું શરીર અત્યંત નાજુક હતું. મુખમંડળ ઉપર સ્વર્ગીય મધુરતા અને સરલતા સ્પષ્ટ દેખાતી હતી. સુંદર બાલિકાનું હૃદય સુશીલતા–સરલતા, મનુષ્ય માત્રને માટે પવિત્ર પ્રેમ અને અકૃત્રિમ સ્નેહ એનાથી પૂર્ણપણે ભરેલું છે, એમ તેણીની મુખમુદ્રા તરફ ફક્ત એક વખત જોવાથીજ સ્પષ્ટ જણાઈ આવતું હતું. સરલાનું સર્વ સૌંદર્ય તેના બન્ને નેત્રોમાં ભર્યું હતું. માતા સમાનજ તેના બન્ને નેત્રો અતિ ઉજ્વળ, પરંતુ શાંત, સરલ અને માધુર્યપૂર્ણ હતાં. તેણીના હોઠ જરા વિશેષ કોમળ ન હતા, તોપણ અત્યંત સુધારસથી ભરપૂર, અને સદા મધુર હાસ્યથી વિકસિત થયેલા દિસતા હતા. માથા ઉપરના આમતેમ વિખરેલાં કાળાં કોમળ કેશોએ તો તેણીનું અલ્લડપણું અને સરળતાને વધારેજ વૃદ્ધિંગત કર્યાં હતા. તેનું સર્વાંગ કોમળ અને મૃદુ હતું. આખો દિવસ કામ કરીને શ્રાંત થવાથી સરલાને

પથારીપર દેહ નાંખતાંજ તરત ગાઢ નિદ્રા આવી ગઈ. જાણે પૂર્ણ વિકાસ પામેલા કમળે રાત્રિનો સમય થતાંજ ફરીથી પોતાની પાંખડીઓ સમેટી લીધી હોય !

આ બન્ને માદીકરી રહેતી હતી, તે એક સામાન્ય પ્રતીની ઝુંપડી હતી. એક ઓરડીમાં રાંધવા કરવાની, બીજીમાં ગાયો બાંધવાની, એ પ્રમાણે યોજના કરેલી હતી. એ સિવાય બીજા મોટા બે ઓરડાઓ હતા. તેમાંથી એકમાં આ બન્ને માદીકરી અને એક દાસી એમ ત્રણ જણીઓ સુતી હતી. બીજાનો ઉપયોગ દિવસે કામકાજ કરવામાં, અને કોઈ અતિથિ અભ્યાગત આવ્યો હોય તો ત્યાં તેની સુવાની તજવીજ થતી હતી. બે ત્રણ ગાયો હતી. આંગણામાં એક અનાજની કોઠી હતી. ઝુંપડીના પાછલા ભાગમાં એક નાનકડું ઉપવન હતું. તેમાં ડાડેમ, જામફળ, પપનસ ઈત્યાદિક કેટલાક સુંદર અને મધુર ફળ ઝાડો હતા. તેજ પ્રમાણે સરલાએ પોતાના હાથે વાવેલી વેલીઓ અને ફૂલના છોડ હતા. જોકે તે ઝુંપડી ઘણીજ સામાન્ય પ્રકારની હતી તોપણ તેમાં રહેનારી વ્યક્તિઓ છેકજ સામાન્ય ન હતી. એમ ત્યાં કોઈ પણ આવનાર માણસને એકદમ જણાઈ આવતું હતું. ઘરમાંનો સર્વે સામાન ઉત્તમ પ્રકારનો, સ્વચ્છ અને સુંદર હતો. લુગડાંલત્તાં અને ઘરમાંની બીજી વસ્તુઓ જરાક સામાન્યપ્રતીની હતી; તોપણ તે હમેશાં સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવામાં આવતી હતી. ઘર છેકજ સાદું હતું, પરંતુ દરેક ઓરડાઓમાં સામાનની રચના છેકજ વ્યવસ્થાપૂર્વક અને ટાપટીપથી કરવામાં આવી હતી. આંગણું વાળી ઝાડીને એટલું તો સ્વચ્છ રાખવામાં આવતું હતું કે, ત્યાં દવાને માટે પણ એક ઘાસનું તરણું પણ મળી આવવું મુશ્કેલ હતું. યત્કિંચિત્ આવી ઝુંપડીમાં રહેનારી સ્ત્રીઓની વર્તણુક જોઇને, પહેલાં પહેલાં ગામમાંના લોકોમાં નાના પ્રકારના કુતર્ક નિકળી આપસમાં કડક ટીકા થતી હતી. પરંતુ

ગયા સાત વરસમાં એક સરખું આંખમાં તેલ ઘાલીને તેમની વર્તણુક પર નજર રાખતાં છતાં પણ ગામમાંના લોકોને તેમાં કોઈ પણ જાતનું દુર્વ્યસન કે કુચાલ ન જણાયાથી તેઓએ પોતાનો મત સાફ બદલી નાંખ્યો હતો. મહાશ્વેતા એ કોઈ પણ કાયસ્થ જાગીરદારની સ્ત્રી હોઇને, દુર્દૈવના ફેરામાં સપડાઈ જવાથી સર્વ વૈભવ, ઐશ્વર્ય નષ્ટ થઈ ગયું છે, તેથી પોતાનું ઘરબાર છોડીને દિકરી સાથે તેને અહીં આવવું પડયું છે. એવી ગામમાંના સર્વે મનુષ્યોની સમજ થઈ હતી.

આ તરફ ઓરડામાં આવતાંજ મહાશ્વેતાએ શિખંડીવાનનો ઘણોજ આદરસત્કાર કર્યો, અને તેણીએ તેને થોડો ફરાળ—નાસ્તો કરવા લગાડયો, અને પોતે પણ થોડું ખાઈને પાણી પીધું. પશ્ચાત્ બ્રહ્મચારી મહારાજને એક ઉત્તમ આસનપર બેસાડી, પોતે નીચે જમીનપરજ બેઠી, અને તેની સાથે વાર્તાલાપ કરવા લાગી. આખી રાત તે બન્નેનું ભાષણ ચાલ્યું હતું, તેનો કાંઇક ભાગ અત્રે આપીએ છીએ.

" બાઇ! હું ધર્મપિતા ચંદ્રશેખરની તરફથી આવ્યો છું. પિતાજી અત્યારેજ તીર્થયાત્રાથી આવ્યા છે. આજ સાત વર્ષ થયા તેઓ તીર્થાટન કરવાને માટે ગયા હતા. હિમાલયથી કાવેરીનાં તીર સુધીનાં સર્વે તીર્થો તેઓ કરી આવ્યા છે. " શિખંડીવાહને કહ્યું.

"પિતાજીએ ખરેખર પોતાના જન્મનું સાર્થક્ય કર્યું" મહાશ્વેતાએ કહ્યું.

" આખરમાં બંગાલમાં આવતાંજ તેઓને જણાયું કે, અહીંનું પઠાણુ રાજ્ય નષ્ટ થઇને, મોગલ બાદશાહનો હિંદુ સેનાપતિ રાજા તોડરમલ્લે આ દેશ પાદાક્રાંત કર્યો છે. તેવીજ રીતે બંગાલમાંના જાગીરદાર કુળતિલક સુપ્રસિદ્ધ રાજા સમરસિંહ એઓએ પરલોકગમન કર્યું છે. આપના વ્રતનું અથોપાંત વૃત્તાંત મેં તેઓને નિવેદન કર્યો. તે સાંભળીને પિતાજી વિસ્મિત થયા; પરંતુ તે સંબંધી તેઓએ પોતાનો કાંઈ પણ મત પ્રદર્શિત કર્યો નહીં. પણ મને લાગે છે કે, આ વ્રતથી

કાંઈ અનિષ્ટ થશે. બાઇ! હવે તો કાંઇ વિચાર કર, અને હઠ છોડી દે.” શિખંડીવાહને કહ્યું.

“મહારાજ! માફ કરો, આ સંબંધમાં મને માત્ર કાંઈ પણ કહેશો નહીં. આ વ્રત ફક્ત મારા પ્રાણુનો અંશ અને જીવનનો આધાર બની રહ્યો છે. એટલો શોક, એટલો મનસ્તાપ સહન કરીને, જે હું અત્યાર સુધી જીવતી રહી છું, એટલી વિલક્ષણ દુઃખદ સ્થિતિ પ્રાપ્ત થઈ છે; છતાં હજુ સુધી સ્વસ્થ છું. તે ફક્ત આ વ્રતનાજ પ્રભાવે! જે દિવસે આ વ્રતનું ઉદ્યાપન થશે, તેજ દિવસે આ પ્રાણ પણ આ કુડીમાંથી ઉડી જઈ પરલોકે પ્રયાણ કરી જશે.” મહાશ્વેતાએ કહ્યું.

મહાશ્વેતાનું આ પ્રકારનું નિર્ધારિત ઉત્તર શ્રવણ કરીને શિખંડીવાહન તેનું મન પાછું વાળવાના પ્રયત્નથી પરાંગમુખ થયો. કેટલીક વાર પછી તે બોલ્યો “વેર લેવાનો તું કાંઈ વિશેષ પ્રયત્ન કરે છે કે?”

“એક સિદ્ધ પુરૂષ પાસેથી મેં એક અઘોરમંત્ર લીધો છે. તેણે આ મંત્ર સાધન કરવાની જે રીત બતાવી છે, તે તો તેથી પણ અઘોર છે- પણ હું છેકજ શાંતતાથી અને દૃઢ નિશ્ચયપૂર્વક સર્વે જેમ કહેલું છે, તેમ કરૂં છું. રોજ સાંજે સ્નાન કરીને શુચિર્ભૂત થઇને બે પ્રહર રાત સુધી દેવાધિદેવ મહાદેવની મંત્રદ્વારાએ હું આરાધના કરૂં છું. જેટલા દિવસ સુધી મહાદેવ શત્રુનો નિઃપાત કરશે નહીં, તેટલા દિવસ મારી કન્યા અવિવાહિત રહેશે. સાત વર્ષ સુધી મારો આ પ્રમાણે ક્રમ ચાલશે. તેટલા સમયમાં જો શત્રુનો નિઃપાત નહીં થયો, તો હું મહાદેવ સામે કન્યાનો વધ કરી પછીથી ચિતારોહણ કરીશ.” મહાશ્વેતાએ કહ્યું.

ત્યાર બાદ ઘણાક વખત સુધી બન્ને સ્તબ્ધ બેસી રહ્યાં. બ્રહ્મચારીએ ફરી પુછ્યું કે, તારૂં વ્રત શું છે તે મને પૂર્ણપણે ખબર છે. મેં તો તને પુછ્યું હતું કે, આ વ્રત સિવાય બીજો કોઈ ઉપાય તેં યોજ્યો છે કે?

"જેણે આ વિશાળ વિશ્વ નિર્માણ કર્યું છે, તેની સહાયતા સિવાય બીજો કયા ઉપાયનું અવલંબન કરનાર છે? મહાશ્વેતાએ ગંભીરતાપૂર્વક કહ્યું.

સરલ સ્વભાવવાળા બ્રહ્મચારીએ મહાશ્વેતાને તેના વ્રતથી પરાંગ્મુખ કરવાનો ફરી એકવાર પ્રયત્ન કરી જોયો. ત્યારે મહાશ્વેતા બોલીઃ-

"મહારાજ! આપને જો પાછળની હકીકતની ખબર હોત તો, આપ મને આ પ્રમાણે કહેત નહીં. આજ હું તે સર્વ હકીકત આપને કહું છું. તે કાન દઇને સાંભળો, અને અહીંથી ગયા પછી મહાત્મા ચંદ્રશેખરને પણ તે બધી વાત કહેજો."

ગઇ વાતના સ્મરણથી મહાશ્વેતાનું સર્વ શરીર કાંપવા લાગ્યુ. તેની ચર્યા પલટાઇ ગઈ. પ્રથમથીજ ઉજ્વલ એવા નેત્રો એટલા તો તેજસ્વી થયા કે, તેમાંથી અગ્નિની જ્વાળાઓ નિકળે છે કે શું! એવો ભાસ થતો હતો. દીપકની જ્યોતી ક્ષીણ અને ઝાંખી દેખાવા લાગી. ઘરની બહાર કાળો ભયંકર અંધકાર પ્રસરી રહ્યો હતો. વાયુ સું સું શબ્દ કરતો પ્રબળ ઝડપે વહી રહ્યો હતો, અને મહાશ્વેતાની ક્ષુદ્ર ઝુંપડીપર જોરથી આઘાત કરતો હતો; પરંતુ ગત વાતના સ્મરણથી ઉત્પન્ન થયેલો પ્રચંડ ચિંતારૂપી ઝંઝાવાત મહાશ્વેતાના હૃદયસ્કંધ ઉપર સોગણા જોરથી આઘાત કરવા લાગ્યો હતો. ઘણાક વખત સુધી તે નિસ્તબ્ધ બેઠી હતી. પશ્ચાત્ બોલીઃ—

"મહારાજ હું પાપિણી છું. બીજાનું અમંગળ થવું એવા હેતુથી સાત વર્ષ સુધી જેણે ઘોર વ્રતાનુષ્ઠાન આરંભ્યું છે, તે પાપિણી નહીં તો બીજું શું? પરંતુ એકાદ સામાન્ય અત્યાચારનું વેર લેવા માટે મેં આ પાપવ્રત આરંભ્યું નથી. મારી કર્મ કથા લક્ષ્ય આપીને સાંભળો.' મહાશ્વેતાએ કહ્યું.

પ્રકરણ ૨ જું.

પૂર્વ વૃત્તાંત.

બંગાળ અને બહારદેશ ઇ. સ. ૧૨૦૪ ની સાલ સુધી હિંદુ રાજાઓના અમલ નીચે હતો. પરંતુ આગળ હિંદુ રાજાઓને હાંકી કાઢી પઠાણ લોકોએ આ પ્રાંત પોતાને કબજે કર્યો. ઇ. સ. ૧૫૭૪ ની સાલ સુધી એટલે લગભગ ૩૭૦ વરસ સુધી આ પ્રાંત ઉપર અમલ ગજાવ્યો હતો. આ પઠાણ લોકો સમય જોઇને દિલ્હીના બાદશાહનું માંડલિકત્વ કબૂલ કરતા અને બીજી વખતે ઘણાક સ્વતંત્રતાથીજ રાજ્યકારભાર જોતા હતા. યુરોપમાંની "ફ્યુડલ સીસ્ટમ" જેવીજ ઘણુંકો સાથે એઓની રાજ્યપદ્ધતિ હતી. રાજગાદી ખાલી પડે તો, કયારે કયારે ગાદીના વારસ રાજકુમારને તેપર બેસાડે; તો ક્યારે ક્યારે કોઈ બલીષ્ઠ સેનાપતિજ તે પચાવી બેસે. રાજ્યમાંના એકાદ ઉત્કૃષ્ટ પ્રાંતનું સ્વામીત્વ રાજા તરફ રહીને, બીજા જીલ્લાઓ ઉપર મુખ્ય મુખ્ય સરદારોની સત્તા હતી. આ સરદારો પણ પોતપોતાના જીલ્લાના વિભાગ પોતાના કામદારોમાં કરતા હતા. આ સરદાર લોકો પણ પ્રસંગાનુસાર બંગાલના રાજાની તાબેદારી માન્ય કરતા, તો ક્યારે સ્વતંત્રતાથી પણ વર્તતા હતા. સારાંશ કે, "મારે તેની તરવાર" એવો પ્રકાર તે વખતે ચાલતો હતો.

પઠાણ લોકોની કારકીર્દિમાં હિંદુ જાગીરદારોમાં સારૂં સામર્થ્ય અને સત્તા એટલી હતી કે, બંગાલમાંના પઠાણ રાજ્યમાં આપણને એક હિંદુ રાજાનું પણ નામ જણાઈ આવે છે. પહેલાં એક સાધારણ જમીનદાર ગણેશરાજાએ પોતાના બાહુબળ ઉપર ઇ. સ. ૧૩૮૫ ની સાલમાં બંગાલની રાજગાદી પ્રાપ્ત કરી લીધી, અને સાત વરસ

સુધી નિર્વિઘ્નપણે રાજ્યગાડું ચલાવ્યું. તેના છોકરાએ આગળ ઉપર મુસલમાન ધર્મની દીક્ષા લીધી; તથાપિ ગણેશરાજાના વંશજોએ ૪૦ વરસ સુધી બંગાલ દેશમાં રાજ્ય કર્યું.

આગળ ઉપર જ્યારે મોગલ લોકોએ બંગાલ પ્રાંત પોતાને કબજે કર્યો, તે વખતે હિંદુ જાગીરદારો પાસે આઠ લાખ પાયદળ, તેવીસહજાર ઘોડેસ્વાર અને ચારહજાર લઢાઉ જહાજો એટલી સૈન્ય સામગ્રી હતી. જાગીરદારો ઘણું કરીને કાયસ્થ જાતીના હતા, તોપણ ખરેખર કહેવામાં આવે તો તેજ બંગાલના ખરા રાજાઓ હતા. દેશમાંના ખેડુતો અને પ્રજાજનો પૂર્ણપણે આ જાગીરદારોના અંકિત–તાબામાં હતા. પ્રજાજનોની ફરિયાદો, તંટા, ઝગડા, ઈત્યાદિનો ફેંસલો જમીનદાર કિંવા જમીનદારોએ નીમેલા પ્રતીનિધીજ કરતા હતા. ચોર, લુટારૂ અને બીજા ગુનેહગારોનો બંદોબસ્ત કરવો, તેઓને શિક્ષા કરવી, તેમજ ગામેગામ શાંતતા રાખવી, લોકોના હિતાહિત તરફ જોવું, ઇત્યાદિક કામો આ જમીનદારજ કરતા હતા. જમીનદાર લોકજ પ્રજાના પાલનકર્ત્તા ન્યાયદાતા અને રક્ષણકર્તા તથા રાજાઓ હતા. સારાંશ કે પઠાણ રાજ્યની કારકીર્દિમાં ખરૂં પુછવામાં આવે તો, બંગાળાના જમીનદારોનીજ સત્તા હતી.

છેલ્લો પઠાણ રાજા દાઉદખાન ગાદી ઉપર બેઠો, તેના બીજાજ વર્ષે એટલે ઇ. સ. ૧૫૭૪ની સાલમાં અકબર બાદશાહે બંગાળાપર સ્વારી કરી. અકબર બાદશાહે પોતે પટના નગર હસ્તગત કરીને મનાઇમખાનની મુખ્ય સેનાપતિની જગ્યા પર નિમણુક કરી, અને દિલ્હી પાછો ગયો. મનાઇમખાન પોતે નામનોજ સેનાપતિ હતો. ખરૂં કહીએ તો ક્ષત્રિય ચૂડામણિ રાજા તોડરમલ્લેજ પઠાણો પાસેથી બંગાલ જીતી લીધો હતો. દાઉદખાનનો વખતો વખત પરાભવ કરીને રાજા તોડરમલ્લેજ આખરે કટકના ઘનઘોર મહાયુદ્ધમાં જય મેળવ્યો હતો. દા-

ઉદખાન ભયભીત થઇને દાંતમાં તૃણ લઇને રાજા **તોડરમલ્લને** શરણે આવ્યો અને તેણે સુલેહ કરી. તેમાં ફક્ત ઓરીસા પ્રાંતનું રાજ્ય તાબામાં રાખીને બાકી બંગાળ અને બહાર એ બન્ને પ્રાંતો મોગલોને સોંપી દીધા. સુલેહ પ્રમાણે બધી વ્યવસ્થા કર્યા પછી રાજા **તોડરમલ્લ** પાછો દિલ્હી ગયો; પરંતુ **તોડરમલ્લ** દિલ્હી જતાંજ **દાઉદખાન** સુલેહની શર્તો બધી વિસરી ગયો; અને બંગાલ પ્રાંત પાછો પોતાના તાબામાં લઇ લીધો. આગળ ઉપર ઇ. સ. ૧૫૭૬ની સાલમાં **અકબર** બાદશાહે **હુસેનકુલીખાનને દાઉદખાનનું** પારિપત્ય કરવાને માટે મોકલ્યો, આ **હુસેનકુલીખાન** પણ **મનાઇમખાનનો** ભાઇજ હતો ! આ સમયે સાથે રાજા **તોડરમલ્લને** પણ બાદશાહે મોકલ્યો હતો. **તોડરમલ્લે** બીજી વખત બંગાલ ઉપર સ્વારી કરીને, રાજમહાલના ભારતી યુદ્ધમાં **દાઉદખાનનો** પૂર્ણપણે પરાભવ કરીને, તેને હંમેશને માટે સમરાંગણરૂપ રણશૈય્યા ઉપર સુવાડી દીધો. આ પ્રમાણે બધો બંગાલ દેશ મોગલોના તાબામાં આવવાથી **અકબર** બાદશાહે **હુસેનકુલીખાનને** આ પ્રાંતનો સુબેદાર નીમ્યો. **તોડરમલ્લ** પાછો દિલ્હી આવ્યો.

ઇ. સ. ૧૮૫૦ની સાલમાં બંગાલમાં ફરીવાર ભયંકર બંડ ઉઠયું. આ બંડ બહારનું ન હોઇને ઘરમાંનુંજ હતું. **અકબર** બાદશાહે નીમેલા સુબાએ અને બાજા કેટલાક મોગલ સરદારોએ મળીને આ બંડ ઉઠાવ્યું હતું.

અકબર બાદશાહ એક મોટો બુદ્ધિમાન્, ધોરણી અને દૂરદર્શી ચતુર પુરૂષ હતો. જે હિંદુ સરદારે એ વખત અતિ આવેશથી લડીને પઠાણ શત્રુઓનો નિઃપાત કર્યો; અને મોગલોની સત્તા પ્રસ્થાપિત કરી, તે રાજા **તોડરમલ્લ** શિવાય આવા વિકટ પ્રસંગમાં બીજા કોઇથી પણ હિંદુ જમીનદારોને પોતાના પક્ષમાં લઇને ઘરભેદુ મોગલ સરદારોએ ઉઠાવેલું બંડ શમાવવાને માટે બીજો કોઈ પુરૂષ યોગ્ય જણાતો નથી. એવો પુખ્ત વિચાર કરીને તેણે રાજા **તોડરમલ્લનેજ** મુખ્ય સે-

નાપતિ અને બંગાલદેશની સુબેદારીનાં વસ્ત્રો અર્પણ કરી, સર્વે અધિકાર આપી બંગાલમાં મોકલ્યો. આ વીર પુરૂષે ત્રીજી વખત બંગાલ દેશ જીતીને બે વર્ષ સુધી બંગાળ, બહાર અને ઓરીસા પ્રાંતનું રાજ્ય શકટ* કેવા પ્રકારે ચલાવ્યું, તે અને તે વખતની બંગાળાની સામાજીક સ્થિતિ, તથા ઇ. સ, ૧૫૮૦ ની સાલની હકીકત અર્થાત્ તે સમયમાં હિંદુ અને મુસલમાન, જમીનદાર અને પ્રજા, પઠાણ અને મોગલ, એઓમાં કેવા પ્રકારનો સંબંધ હતો, તેનું પણ સંક્ષેપમાં વર્ણન કર્યું છે. તથા **શાંતિકુંજની સુંદરીની** વાર્તા તે વખતની છે. **સરલા** કોણ? કોની પુત્રી? કોની સ્ત્રી? ક્યાંની રહેનારી? રૂદ્રપુર ગામડામાં શા માટે રહે છે? **મહાશ્વેતાની** પ્રતિજ્ઞા શું છે? ઇત્યાદિના ખુલાસાઓ આગળના પ્રકરણમાં જોઇશું. માટે વાચકો! આગળ ચાલો.

પ્રકરણ ૩ જું.

રૂદ્રપુરમાં આગમન.

While the Ploughman near at hand,
Whistles o'er the furrowed Land,
And the milkmaid singeth blithe
And the mower whets his scythe
And every shepherd tells his tale,
Under the hawhorn in the dale.

Milton.

એક દિવસે પ્રાતઃકાળમાં એક બ્રહ્મચારી નદિયા જીલ્લામાંથી વહન કરનારી ઇચ્છામતી નદીના તીર ઉપર આવેલા એક નાના ગામડે

* ગાડું.

જતો હતો. આ સમયે ચારે બાજુ આવેલા લીલાંછમ અને લાંબા લાંબા પ્રસરી રહેલા ખેતરોની શોભા અપૂર્વ દેખાતી હતી. લીલાંછમ એવાં તે ખેતરોમાં પ્રાતઃકાળનો પવન કૌતુકથી ક્રીડા કરી રહ્યો હતો. ખેતરો પણ વાયુના સમાગમ સુખથી જાણે તેની સાથે નૃત્ય કરતા હોયની! એવો ભાસ થતો હતો. દૂર આઘે—અતિ દૂર એક બે ગામડાઓ દેખાતા હતા. ગામમાંના ઘરો તો દેખાતા ન હતાં; પરંતુ વૃક્ષની ગીચ ઝાડી ઉપરથી ત્યાં ગામ હોવું જોઇએ, એવો સહજ તર્ક થતો હતો. આકાશ સ્વચ્છ અને નીલવર્ણનું હતું. પક્ષીગણ મધુર ગાન ગાવામાં મગ્ન થયા હતા. તે પ્રમાણે પોતપોતાના ખેતરો તરફ નીકળેલા ખેડુતો પણ ઉલ્હસિત ચિત્તથી ગાયન ગાતા ચાલ્યા જતા હતા. રસ્તે ચાલતાં ચાલતાં બ્રહ્મચારીએ એક રસ્તે જનારાને પ્રશ્ન કર્યો કે "ભાઈ! રૂદ્રપુર અહીંથી કેટલું આઘું છે?"

"ઘણું આઘું નથી. લગભગ અર્ધો ગાઉ." રસ્તે જનારે પ્રશ્નનો ઉત્તર આપ્યો.

આ મનુષ્યની ઉમર લગભગ ચાલીસ વર્ષની હતી. બ્રહ્મચારીને નમ્રપણાથી પ્રણામ કરીને તે બોલ્યો "મહારાજ, આપ રૂદ્રપુર જાવો છો કે? હું ત્યાંનોજ રહેનારો છું. ચાલો, આપણે બન્ને સાથે જઇશું. આપનું નામ શું? આપનું ઘર ક્યાં?"

"મારૂં નામ શિખંડીવાહન. ઇચ્છામતિ નદીના કાંઠા ઉપરના મહેશ્વર મંદિરમાં હું રહું છું. તમારૂં નામ શું?" બ્રહ્મચારીએ ઉત્તર આપી ફરી પ્રશ્ન કર્યો.

"મને નવીનદાસ કહે છે. અહીં પાસેજ મારૂં ખેતર છે; તે તરફ હું આવ્યો હતો." રસ્તે જનારાએ કહ્યું.

કેમ ભાઈ! આ વરસમાં પાક કેવો છે? બ્રહ્મચારીએ પુછ્યું.

"મહારાજ ? આજ પાસે પાસે મેં ચાળીસ શીયાળા જોયા છે, પરંતુ એટલા સમયમાં આવો સુંદર પાક મારો જોવામાં ક્યારે પણ આવ્યો નથી. આ વરસે પરમાત્માની અમારા ઉપર મોટી કૃપા છે." નવીનદાસે પરમેશ્વરનો આભાર માનતાં કહ્યું.

થોડા સમય પછી નવીનદાસ પુનઃ બોલ્યો. "અમારા જમીનદારના છોકરાની હકીકત આપના કાનપર આવી છે કે ?"

"નારે ભાઈ શું વાત છે ?" બ્રહ્મચારીએ કહ્યું.

"તે એક રીતિએ તો ગાંડો થયો છે. આ ગાંડાપણાનું શું કારણ છે, તે તો પરમેશ્વર જાણે ! તે ગાંડાપણું દૂર થવાને માટે તેના માતા-પિતાએ કેટલાંક પ્રયત્નો કર્યા, પણ કાંઈ ઉપયોગ થયો નહીં. આપ શિખેલા ભણેલા છો, તો તેના ગાંડાપણાનું કારણ કહેતાં આવડશે કે ?" નવીનદાસે પુછ્યું.

શાસ્ત્રમાં ગાંડાપણું લાગવાના અનેક કારણો કહ્યાં છે; પ્રિય મનુષ્યનો વિયોગ, યા સ્ત્રીનો પ્રેમ !

"છટ, એમાંનું એક પણ કારણ દેખાતું નથી. તે એટલી તો વિલક્ષપણે વાતો કહે છે કે, એકનો બીજી સાથે સંબંધ પણ બેસતો નથી. મને લાગે છે કે, અતિ વિદ્યાભ્યાસને લઇનેજ તે ગાંડો થયો હોવો જોઇએ." નવીનદાસે પોતાનો મત દર્શાવતા વચમાંજ કહ્યું.

"તેના બોલવામાં શું ઉદ્દગાર નિકળે છે? તમે ક્યારે સાંભળ્યાં છે કે ? બ્રહ્મચારીએ પુછ્યું.

"ક્યારે કહે છે કે, એનો વેર લેવો એજ કર્તવ્ય છે. ક્યારે કહે છે કે, સ્ત્રી રત્ન એજ પરમ રત્ન છે. ક્યારે કહે છે, કે ભાઇની હત્યા સરખું બીજું ભયંકર પાપ નથી. ક્યારે કહે છે કે, પ્રજાનું કષ્ટ સ્વ-પણે જોઈ રહેવા કરતાં મરી ગયા તો શું ખોટું ?"

થોડોક સમય વિચાર કરી શિખંડીવાહન બોલ્યો. "મને લાગે છે કે, તેણે કોઇ ઘોર પાપનું કર્મ કર્યું હોવું જોઇએ. મહાપાતકને લઇને ચિત્તની વૃત્તિ એવીજ થવાની."

"પણ તેના હાથે કાંઈ પાતકી કાર્ય થયું હોય એમ સંભવતું નથી." નવીનદાસે કહ્યું.

એટલું બોલીને તે કેટલોક વખત સ્તબ્ધ રહ્યો. જાણે કે કોઇ ગઇ ગુજરી વાતનું સ્મરણ કરતો હોયની. થોડી વાર પછી નવીનદાસ બોલ્યો. "અમારા જમીનદારનો છોકરો સચ્છીલ છે. તેનું અંતઃકરણ દયાથી એટલું ભરેલું છે કે, તેના હાથથી એક ક્ષુલ્લક પણ પાપ બની આવશે, એવી શંકા કરવી એ પણ બરાબર નથી. આજ લગભગ બાર વરસ થયાં હશે, હું ઇચ્છાપુર ગયો હતો. બેચાર આસામીઓ પાસે કાંઇક બાકી રહી હતી, તેથી જમીનદારોએ એક ઓરડામાં પુરી મુક્યા હતા. તે વખતે અમારા જમીનદારના છોકરાની ઉમર સાત યા આઠ વર્ષની હશે. તેણે છુપી રિતે દરવાજો ઉઘાડી દરેકના હાથમાં બબે રૂપીયા આપી તેઓને ત્યાંથી કાઢી મુકયા. તેઓએ પણ આનંદથી પોતપોતાની બાકી ખુશીથી ભરીને ચાલતા થયા."

"સારૂં. આગળ શું થયું?"

"આગળ શું! તે માણસોએ બાકી ક્યાંથી ભરી, તેઓને એકાએક રૂપિયા કેમ મળ્યા, એ વિષયમાં કોઇનો પણ તર્ક ચાલતો ન હતો. અન્તમાં જ્યારે તે લોકો પોતપોતામાં રહેલી બાકી રકમ ચુકવીને ચાલતા થયા, ત્યારે તે બાળકે ડરતે ડરતે પોતાના માબાપની સામે તે વાત કબુલ કરી. માતપિતાએ તે બાળકને હૃદયથી દૃઢ ધરીને પ્રેમથી તેનું ચુંબન લીધું, તે વખતે હું દરવાજામાંજ હું ઉભો હતો. મારા નેત્રો આંસુથી ભરાઈ આવ્યાં."

આવી રીતે ગામ ગપાટા હાંકતાં હાંકતાં તેઓ બન્ને રૂદ્રપુરમાં આવી પહોંચ્યા. નાના પ્રકારના મોટા મોટા ઝાડોથી ગામ છેકજ ઢંકાઈ

ગયું હતું. ઝાડોના લીલાંછમ પાંદડાઓમાંથી રસ્તો કાઢતા સૂર્યના કીરણો નીચે રસ્તા ઉપર અને સુકા એવાં પાંદડાઓના ઢગલા પર આવી પડયા હતા. ઝાડની ડાળીઓ પર બેસીને કોયલ, પોપટ અને બપૈયાદિ અનેક જાતનાં પક્ષીઓ શ્રુતિમનોહર કલરવથી અને હૃદયંગમ આ-લાપથી પોતપોતાના મનનો આનંદ પ્રદર્શિત કરતાં હતાં. સરોવરમાં રમ્ય અને ચિત્તાકર્ષક કમળો વિકસિત થયાં હતાં. સ્થળે સ્થળે ઝાડ નીચેથી એકાદ બે ઝુંપડીઓ જણાતી હતી. ક્યાં ક્યાં એકાદો ખેડૂત ગાયન ગાતો ગાતો ચાલ્યો જતો હતો. ખેડુતોની સ્રીયો કમર પર બેડું મુકીને ઠમકતી, ઝમકતી અને મરડાતી પાણી લાવવાને માટે જતી હતી. શિખંડીવાહને નવીનદાસને પ્રશ્ન કર્યો કે " મહાશ્વેતા નામની એક વિધવા આ ગામમાં રહે છે, તેના ઘરની તમને ખબર છે ? "

"ચાલો આવો, મારી સાથે હું તમોને તેનું ઘર બતાવું." નવીન-દાસ બોલ્યો. પછી તેઓ બન્ને એક રસ્તે થઇને મહાશ્વેતાને ઘેર ગયા. શિખંડીવાહને મહાશ્વેતાને ઘેર ઉતારો કર્યો. બ્રહ્મચારીને અત્યંત નમ્રતાપૂર્વક પ્રણામ કરીને નવીનદાસ પોતાને ઘેર ગયો.

વાંચક જન ! રૂદ્રપુરમાં મહાશ્વેતાના ઓરડામાં શિખંડીવાહન અને મહાશ્વેતા વાર્તાલાપ કરી રહ્યાં છે, તે તો જોઈ આવ્યો છો. હવે મહાશ્વેતા પોતાની કર્મકથા કેવી રીતે કહી બતાવે છે, અને એ કથા આપણી વાર્તાની નાયિકા સાથે ઘણો નિકટ સંબંધ ધરાવે છે; તેમજ તેમાંથી તેણીની ઘણીખરી માહિતી આપણને મળશે. માટે આવો મારી સાથે આપને કર્મકથાનું પ્રકરણ વંચાવું.

પ્રકરણ ૪ થું.

સરલા અને અમલા.

We Harmia, like two artificial gods,
Have with our needles created both on flower,
Both on one sampler, sitting on one cusbion,
Both worbling of one song, both in one key;
As if our hand, our sides, woices and minds,
Hed been in corporate, so we grew together,
Like to a double cherry seeming Parted,
And yet a union in partition,
Two lovely berries moulded on one stem.

Shakespeare.

પક્ષિઓનાં વૃંદ વૃક્ષોની ડાળીઓ ઉપર બેસીને મધુર અને કર્ણપ્રિય ગાયનાનંદમાં ગર્ક થાય, તેના થોડાક વખત પહેલાં સરલા પથારીમાંથી ઉઠીને, શુચિર્ભૂત થઇને, આંગણું ઘરબાર વિગેરે ગૃહકૃત્ય–ઘરના કામો કરવા લાગેલી હતી. ઘરબાર આંગણું આદિ બધા ઝાડીઝુડીને તેણીએ સ્વચ્છ કર્યા, ઘરબાર ઇત્યાદિ સાફ કરી એક બેડું લઇને નદી ઉપર સ્નાન કરવા જવાના ઉદ્દેશથી તે ઘરથી નિકળી. દરરોજ સૂર્યોદય પહેલાં સ્નાન કરવાનો તેનો નિયમ હતો. રસ્તામાં એક ઝુંપડી સામે ઉભી રહીને વીણાસ્વરને પણ લજ્જા પમાડનારા મધુરસ્વરે "બ્હેન" આવી હાક મારી. પરંતુ તેની હાકને જવાબ મળ્યો નહીં. ફરી તેને " અમલા બ્હેન ! " આવી હાક મૃદુસ્વરે મારી.

"આવી. બ્હેન આવી." એવો અંદરથી કોઇએ ઉત્તર આપ્યો, અને તરતજ એક પંદર વરસની ઉમરવાળી સુંદરી અંદરથી બહાર આવી.

આ તરૂણીના નેત્રો પાણીદાર હતા, હૃદય ચંચલ હતું. તેણીએ લાલ રંગની કોરવાળી સાડી પહેરી હતી. હાથમાં સોનાની બંગડીઓ અને પગમાં પેંજણુ હતાં, કમરપર બેડું હતું. બહાર આવતાંજ તે તરૂણીએ તેના ખભાપર હાથ મુકીને, ધીરેથી એક ચુંટલી ખણીને તે બોલી "તુ કોણુ ગાંડી છે વારૂ ? તને સમજાતુ નથી કે, મારા પતિ વૃદ્ધ છે, તેઓની સેવા ચાકરી મારે કરવી પડે છે. હા સખી ! ખરૂં છે. તેમાં તારો શો દોષ ! હજુ તારી માતાએ તારૂં લગ્ન પણ કરી દીધું નથી; ને તે ચિંતાને લઇને તને સારી ઉંઘ પણ નથી આવતી. માટે બ્હાણું વાતાં ન વાતાં તુ ઘર બહાર નિકળી પડે છે. એમ બોલતાં બોલતાં સરલાને બીજી ચુંટલી ખણીને, હસતાં હસતાં ગાલ પણ આમળ્યા.

"સખી ! તેં મને આવવાતું કહ્યું, એટલે હુ આવી. તેમાં મારો શો દોષ વારૂ !" સરલા બોલી.

"મેં બોલાવી એટલે તું આવી, નહીં તો તુ આવત કે નહીં ?" બીજી આવનાર સ્ત્રીએ સવાલ કર્યો.

"હા, નજ આવતતો ?" સરલાએ કહ્યું.

"કેમ વારૂ ?" આવનાર સ્ત્રીએ ફરી પ્રશ્ન કર્યો.

"કેમ શું તે હુ કહી શકતી નથી. સવારે ઉઠતાંજ તારૂં આ મુખ આંખો સામે દેખાવા લાગે છે, જો કોઈ દિવસે તુ દેખાતી નથી, તો આખો દિવસ મને ચેન પડતુ નથી, અને કામકાજમાંએ મન લાગતુ નથી." સરલા બોલી.

વાંચક ! આપને જાણુવાની ઇચ્છા થઈ હશે કે, આવનાર સ્ત્રી તે કોણુ અને સરલાની સાથે તેનો સંબંધ શો ? બીજી આવનાર સ્ત્રી રૂદ્રપુરમાં રહેનાર નવીનદાસ (જે શિખંડીવાહન નામના બ્રહ્મચારી સાથે વાતો કરતો આવ્યો હતો, તે) ની સ્ત્રી અમલા હતી, અને

સરલાની પ્રાણપ્રિય સાહેલી હતી, અને તેમનો પરસ્પરમાં ઘણો સારો પ્રેમ હતો.

અમલા પ્રેમપૂર્ણ લોચનવડે સરલાના મુખ તરફ જોવા લાગી. સરલાનું મુખ કમળ પણ પ્રેમતરંગોથી દેદીપ્યમાન દેખાવા લાગ્યું. થોડી વાર પછી અમલા બોલીઃ–" સરલા ! તને ખબર પડી છે કે ? આપણા જમીનદારને ત્યાંની કાંઈ બાતમી તારા કાનપર આવી છે ?"

" નારે બાઈ, મેં તો કાંઈ સાંભળી નથી; શી બાતમી છે ?

" આપણા જમીનદારે કે, નહીં પોતાના છોકરાનું એક મોટાની છોકરી સાથે લગ્નનું મેળવ્યું હતું અને કહે છે કે, છોકરી પણ એવી સુંદર છે કે, જાણે પ્રત્યક્ષ રતીજ! તેના બન્ને નેત્રો એવા સુંદર છે કે, જાણે–એ કાળા કાળા ભમરાજ ! " અમલાએ કહ્યું.

" વારૂ, આગળ ? " સરલાએ પુછ્યું.

" આગળ શું ! લગ્ન સંબંધી તૈયારીઓ થઇ હતી; પરંતુ છોકરાએ ખરા વખતે ઘોટાળો કર્યો. કહે છે કે, તે ક્યાંક નાશી ગયો. તે કહે છે કે, આ છોકરી સાથે હું લગ્ન કરીશ નહીં."

" કેમ, શા માટે વારૂ ? " સરલાએ ફરી પુછ્યું.

" કેમ તેતો મને ખબર નથી; પરન્તુ કહે છે કે કોઇક નાના ગામમાંની એક ગરીબ છોકરીને જોઇને તે છેકજ દીવાનો બની ગયો છે. સરલા ! તેણે ક્યાંએ તને તો નથી જોઇને ? " અમલાએ મશ્કરી કરતાં પુછ્યું.

" અરે જા બ્હેન, બળ્યું તને તો હમેશાં મશ્કરીજ સુજે છે; પરન્તુ આ કેની એક મોજજ છે. બાપ લગ્ન ઠરાવે એકથી, અને છોકરો ઇચ્છે છે બીજીજ ! " સરલાએ રમુજીપણે કહ્યું.

" આ જેની તેની મરજીની વાત છે. બાપે જેની સાથે લગ્ન ઠરાવ્યું છે, તે જો તેને મુળમાંજ પસંદ નહોય તો પછી શું કરે. " અમલાએ કહ્યું.

"બ્હેન, કેમ પસંદ નહીં ?" સરલાએ પ્રશ્ન પુછ્યો.

"સરલા તું કેટલી ગાંડી છે, તને હું ક્યાં સુધી શિખવું. તું તારી બાને કહે કે, તારૂં લગ્ન જલદી કરી દે. એટલે પોતાની મેળે તું સમજવા લાગીશ." અમલાએ હસતાં હસતાં કહ્યું.

આવી રીતે થઠ્ઠા મશ્કરી અને વિનોદ કરતી કરતી બન્ને સાહેલીઓ નદીના ઘાટ ઉપર આવી પહોંચી. ત્યાં આવતાંજ તેમને એક વિચીત્ર દેખાવ જોયો; પરન્તુ તે વિચીત્ર દેખાવ શું ?

પ્રકરણ ૫ મું.

મહાશ્વેતાની કર્મકથા.

But o'er he warrior's bloody bier
The lady dropped nor flower nor tear,
Vengeance deep brooding on the slain,
Had locked the source of softer woe,
And burning pride and high disdain,
Forbade the rising tear to flow.

Scott.

"મારા પતિ રાજા સમરસિંહ રાય, કાયસ્થ કુળમાં ભૂષણ રૂપ હોઇને કાયસ્થ જમીનદારોના શિરોરત્ન હતા. જ્યારે પઠાણ દાઉદખાનની સાથે મોગલોએ યુદ્ધ આરંભ્યું, અને શહેનશાહ અકબરે પોતે આવીને પટણા શહરને ઘેરો ઘાલીને ગંગાનદીના પેલી તરફના હાજીપુર શહરને કબજે કરવાની અભીલાષાથી આલમખાનને મોકલ્યો, ત્યારે રાજા સમરસિંહે પોતાની સાથે એક હજાર ઘોડેસ્વાર લઇને.

અલૌકિક પરાક્રમ બતાવ્યું હતું. હાજીપુર કબજે થવામાં રાજા સમરસિંહનું જ પરાક્રમ મુખ્ય કારણ થયું હતું. તેમનું આવું અલૌકિક વીરત્વ શ્રવણ કરીને મોગલાધિપતિ શહેનશાહ અકબર અત્યંત પ્રસન્ન થયા. પટણા શહેર હસ્તગત કર્યા બાદ તેઓએ ત્યાં એક મોટા દરબાર ભર્યો હતો. તેમાં સમસ્ત હિંદુ જમીનદારોમાં મારા પતિનેજ અગ્રસ્થાન આપ્યું હતું. આ હકીકત બન્યા પછી થોડાજ સમય બાદ મોગલ્ય સૈન્યે સાગરતરંગની જેમ સર્વ બંગાલ દેશ વ્યાપ્ત કરી નાંખ્યો. મહાપરાક્રમી વીરધુરંધર રાજા તોડરમલ્લે પોતાની સાથે થોડાક માણસો લઇને ન્હાસી ગયેલા દાઉદખાનની પાછળ પડવાને સિદ્ધ થયા, તે સમયે રાજા સમરસિંહ પણ અત્યંત ઉલ્હસિતચિત્તે, આમ તેમ ભયંકર બંડ મચેલાં બંગાલ દેશને પાદાક્રાંત કરવા માટે અને ઉઠેલા બંડ શમાવી દેવા માટે તોડરમલ્લની સાથે નિકળ્યા. તંડાથી વીરભૂમિ, વીરભૂમિથી મેદિનીપુર, મેદિનીપુરથી કટક, સારાંશ કે, જ્યાં જ્યાં રાજા તોડરમલ્લ ગયા, ત્યાં ત્યાં મારા પતિ જમણા હાથ પ્રમાણે સાથે રહેતા હતા. જે જે યુદ્ધમાં તોડરમલ્લને જય પ્રાપ્ત થયો, તે તે યુધ્ધમાં અશ્રુતપૂર્વ એવું વીરત્ત્વ અને સાહસ તેઓએ બતાવ્યું હતું. તે સાહસને અને વીરત્ત્વને આવોજ બદલો મળવો જોઇએ કે ?

“ પછી કટક પાસે જે ધનઘોર યુદ્ધ થયું, તેમાં મોગલ લોકોને ઘણાક ભાગે પરાભવજ થયો હતો. મનાઇમખાને પોતે રણાંગણમાંથી પગ કાંઢી લીધો. આલમખાન તો રણભૂમિમાંજ પડયો હતો; પરન્તુ રાજા તોડરમલ્લ અને રાજા સમરસિંહ છેકજ નિર્ભયપણે અને અતિશય શૌર્યથી લઢતા હતા. ભય કોને કહે છે તેની બન્નેને લેશ માત્ર પણ ખબર નહતી. સ્વપક્ષની આ સ્થિતિ જોઇને રાજા તોડરમલ્લ બોલ્યા “આલમખાન યુદ્ધમાં મરણ પામ્યો તેથી શું થયું ? તેજ મુજબ મનાઇમખાન પણ પલાયન કરી ગયો તેથી શું થયું? મને તેની પરવા

નથી! બાદશાહી આજ સુધી અમારા હાથમાંજ છે, અને તે અમારા હાથમાંજ રહેશે." તોડરમલ્લના મુખે આ શબ્દો બહાર નિકળ્યા કે ન નિકળ્યા તેટલામાંજ મારા પતિએ સિંહસમાન છલંગ મારી શત્રુના સૈન્યમાં પ્રવેશ કર્યો. તેઓનું આવું વિલક્ષણ સાહસ જોઇને હતવીર્ય થયેલા મોગલ સૈન્યને જોશ આવ્યું, અને તે ફરીવાર ધૈર્ય, શૌર્ય અને ખુબજોરથી શત્રુ ઊપર તુટી પડયું. બોલતા બોલતામાં દાઉદખાનના સૈન્યનો પરાભવ કર્યો. આ યુદ્ધ પછી પઠાણ લોકોએ બંગાલ દેશ મોગલોના સ્વાધીન કરીને તહ કર્યો. આ સુલેહની વખતે મનાઇમખાને દાઉદખાનને પુછ્યું કે ' પઠાણરાજ! તમે અમારી સાથે લગભગ એક વર્ષ થયું લઢી રહ્યા છો, ત્યારે આ યુદ્ધમાં અમારા કયા સેનાપતિએ આધક ધૈર્ય અને શૌર્ય પ્રગટ કર્યું, એ આપ અવશ્ય કહી શકશો?' પઠાણરાજે ઉત્તર આપ્યો કે, ' ક્ષત્રિયકુળ ચુડામણિ રાજા તોડરમલ્લ અને બીજા સમરસિંહ સિવાય એક પણ વીર મારા જોવામાં આવ્યો નહીં.'

"આ શબ્દ દાઉદખાનના મુખમાંથી નિકળતાંજ સર્વ દરબાર જયધ્વનિ અને કોલાહલથી ગાજી રહ્યો, થોડાજ સમયમાં બંગદેશ રાજા સમરસિંહના કીર્તિરવથી વિઘોષિત થઇ રહ્યું. પતિ યુદ્ધમાં ગયા છે, તેથી હું હમેશાં ચિંતામગ્ન રહેતી હતી. ચતુર્વેષ્ટિત કિલ્લાની કોટડીમાં હું એવીજ સ્થિતિમાં એક દિવસ બેઠી હતી; ત્યારે આ હકીકત મારા કાને આવી. મારા પ્રિય પતિના શૌર્યની અને ગૌરવની આવી આનંદદાયી વાત સાંભળતાંજ મારૂં સર્વ શરીર રોમાંચિત થયું. હાય! તેજ સમરસિંહને રાજદ્રોહી ઠરાવીને તેઓનો શિરચ્છેદ કરવામાં આવ્યો. દેવાધિદેવ મહાદેવ! આ કાર્યને આ સૃષ્ટીમાં પારિપત્ય નથી કે? સ્વર્ગલોકમાં પણ આનો વિચાર થશે નહીં?"

એકાએક વીણાના તુટી ગયેલા તાર મુજબ મહાશ્વેતાનો ગંભીસ્વર એકદમ બંધ પડયો. શિખંડીવાહન બોલ્યો. "બાઇ, ગયગુજરી

વાતનું સ્મરણ કરીને તારા જીવને નકામો સંતાપ કરી લઇશ નહીં. સમરસિંહની શૌર્યકથાઓની બંગદેશમાં સર્વને ખબર છે. રાજા સમરસિંહની પત્નીએ હવે પાછળની વાતો ભૂલી જવી જોઇએ."

"સમરસિંહની પત્નિ નહીં; પણ તેની હું રાજમહિષી અર્થાત્ પટરાણી હતી ! પણ આ સમયે નિરાધાર વિધવા થઈ છું. મારે હવે થોડુંજ કહેવાનું બાકી છે, ધ્યાન પૂર્વક સાંભળો. મહાશ્વેતા આવેશથી બોલી.

"સતીશચંદ્ર નામનો એક અતિ ચતુર અને ધૂર્ત બ્રાહ્મણ પઠાણનો આશ્રિત હતો. પઠાણનો ઐશ્વર્ય દિવાકર અસ્તાચળે ગયેલો જોઇ, તેણે પઠાણનો પક્ષ છોડયો, અને તે રાજા તોડરમલ્લ તરફ ગયો. મારા પતીએજ તે ગરીબ બ્રાહ્મણની રાજા તોડરમલ્લ સાથે ઓળખાણ કરાવીને તેની ભલામણ કરી હતી. સતીશચંદ્ર ઉપર તેઓએ બીજા પણ ઘણા ઉપકારો કર્યા હતા.

"તે બ્રાહ્મણ ઘણો ધૂર્ત અને કાર્યદક્ષ હતો. સૈન્યમાંના લોકોને વખતો વખત ખબર પહોંચાડવી, આપણા પક્ષને અનુકુળ એવા શત્રુ સાથે સલાહ કરી લેવી, સમય પ્રસંગે શત્રુના સૈન્યમાં ધાંધલ મચાવવું, આ કાર્યમાં તો તે બહુ ચતુર હતો. સતીશચંદ્ર ઉપર રાજા તોડરમલ્લની ઘણીજ મર્જી બેસી ગઇ, અને તેની કૃપાથી ક્રમેક્રમે કીર્તિ, ધન અને વિપુલ સંપત્તિ તેને પ્રાપ્ત થઈ.

"આ ઉત્કર્ષ થવાની સાથેજ સતીશચંદ્રના મનમાં ભયંકર મહત્વાકાંક્ષા ઉદ્દભવી. બંગદેશમાંના સમસ્ત હિંદુ લોકોમાં મને અગ્રસ્થાન મળે, એની તેને પ્રબળ લાલસા હતી, અને તેને લઇને તે મારા પતિનો અત્યંત દ્વેષ કરવા લાગ્યો. મહારાજ ! આપ કહો છો કે, કોઈ ઉપર ઉપકાર કર્યો હોય તો, તે કૃતઘ્ન થાય છે; પરન્તુ મારા પતિએ સતીશચંદ્ર ઉપર ઉપકાર કરીને કાળો સર્પ ઘરમાં ઉછેર્યો !

" રાજા તોડરમલ્લ બંગદેશમાંથી પાછા જતાંજ સતીશચંદ્રને તક મળી અને તેણે કાંઇ બનાવટી કાગળ તૈયારી કરીને તેમાં ઓરિસાનો પઠાણ રાજા દાઉદખાનની સાથે રાજા સમરસિંહ સરકાર વિરૂદ્ધ ખટપટ કરે છે; એવું સિદ્ધ કર્યું. બંગાલના મુસલમાન સુબેદારનો આ અપૂર્વ વાત ઉપર એકદમ વિશ્વાસ બેસી ગયો. રાજા સમરસિંહને રાજદ્રોહી ઠરાવીને ફાંસીપર ચઢાવ્યા. સરકારનું મોટું કામ ઉત્તમ પ્રકારે બજાવ્યું તેના બદલામાં દુષ્ટ સતીશચંદ્રને અમારી વિસ્તીર્ણ જાગીર બક્ષીસ આપવામાં આવી ! મારા પ્રિય અને પરાક્રમી પતીનું આવી રીતે કપટથી વધ કરાવનારો ચંડાળ, આજ આખા બંગાલદેશનો દિવાન બની બેઠો છે. ! !

" મહારાજ બસ, પૂરી થઇ મારી કર્મકથા! આ શોકથી હું ગાંડી બની છું. પ્રાણથી પણ પ્રિય એવા મારા પતિના વધનું વૈર લેવાને માટેજ મેં આ વ્રત સ્વીકાર્યું છે."

પછી ઘણો વખત બન્ને સ્તબ્ધ બેઠા. મહાશ્વેતાને તેના વ્રતથી ચલાયમાન કરવી એ ઘણું અશક્ય છે; અગ્નીના ઢગલાને એક પાણીના ટીપાથી બુઝાવવાનો પ્રયત્ન કરવો એ નિરર્થક અને ઉપહાસ્યાસ્પદ થવા જેવું આ કામ છે; એમ શિખંડીવાહનને પૂર્ણપણે જણાઇ આવ્યું. તે બોલ્યો. " આ સર્વ વૃત્તાંત પિતાજીને જણાવું ?"

" હા, જણાવજો અને તેઓને એ પણ કહેજો કે, પાપનું પ્રાયશ્ચિત પાસેજ છે. નરહત્યા કરનારાને જલદીજ દંડ થવાનો છે. હવે રાજા તોડરમલ્લ ફરી બંગદેશમાં આવનાર છે. યુદ્ધનું કાર્ય એકંદર સમાપ્ત થયા પછી સમરસિંહની પત્નિ પતિના વધના વિષયમાં ચોકસી કરવા માટે તેઓને વિનંતિ કરનાર છે." મહાશ્વેતાએ દાંત ઓઠ પીસીને અને ચમત્કારિક મુદ્રા કરીને તે આગળ બોલી " વધારામાં પિતાજીને કહેજો કે એકાદ પક્ષીના શરીરને શિકારીએ ઘાયલ કર્યું હોય તો તે બિચારો

પોતાની અસહ્ય વેદનાને લઇને ચીંચીં કરતો પ્રાણ ત્યાગ કરે છે; પરન્તુ માનિની રૂપી સર્પિણીના અંગ ઉપર એકાદનો પગ પડયો હોય તો તે પ્રથમ પોતાને દુઃખવનારને દંશ દેશે, અને પછી આનંદથી હસતાં હસતાં પ્રાણ છોડશે!"

બોલતાં બોલતાં મહાશ્વેતા જ્યાં બેઠી હતી ત્યાંથી એકદમ ઉઠીને ઉભી થઈ ગઇ. તેનું સર્વે અંગ આ વખતે રોમાંચિત હોઇને થર થર કાંપતું હતું; પછી તેણીએ ઘરનો દરવાજો ઉઘાડયો. પ્રભાતકાળનો પ્રકાશ તેના સંકુચિત લલાટ પર પડતાંજ તે એકદમ દચકી ગયેલાની જેમ થઇ ગઇ. તેને જોયુંકે વૃક્ષોના અગ્રભાગોએ તરૂણ અરૂણ કીરણોને લઇને સુવર્ણવર્ણ ધારણ કર્યો હતો. વૃક્ષની ડાળીઓપર નાના પ્રકારના પક્ષીઓ બેસીને ગાયન લલકારતા હતા. પ્રાતઃકાળનો સૂર્ય ઉદયાચળથી કેટલોક ઉંચો આવ્યો હતો.

પ્રકરણ ૭ મું.

ગાંડીનું ભવિષ્ય કથન.

એક કાળી શાહીના વર્ણ જેવી, ઉંચી અને વાચાળ તેમજ કમ્મરની આસપાસ ફાટેલું વસ્ત્ર વિંટાળેલી ભીષણ સ્ત્રી મર્તિ ઉભી હતી, તેના ગળામાં શીપની માળા લટકતી હતી; હાથમાં એક સારો સોટો હતો; સર્વાંગે ભસ્મ રમાડેલી હતી; આંખો લાલ સિંદુર જેવી અને ચઢી ગયેલી હતી. આ વિચિત્ર મૂર્તિને જોતાંજ બન્ને બ્હેનપણીઓ ચકિત થઈ અમલાએ ધીરજ ધરી પુછ્યું:—

" તું કોણ છે?

" મને વિશ્વેશ્વરી ગાંડી કહે છે. " તે વિચીત્ર સ્ત્રીએ વિકટહાસ્ય કરતાં કહ્યું.

"એમ કે! વીશી ગાંડી કહે છે તેજ તું કે! તું પ્રથમ પણ એક વખત અહીં આવી હતી ને?" અમલાએ કહ્યું.

"હા, આવી હતી."

"કહે છે કે તને હાથ જોતાં આવડે છે?"

"હા, આવડે છે."

"મારો હાથ જો-જોઇએ."

એમ કહીને અમલાએ વીશી ગાંડીને પોતાનો હાથ બતાવ્યો. થોડો વખત સુધી હાથ જોઇને તે બોલી "તું દિવાનની બાયડી થનાર છે."

અમલા રીસનો આવિર્ભાવ બતાવીને કહે છે. "ચાલ દૂર થા! મુઈ, ચિબાવલી ક્યાંની! કહે તું દિવાનની બાયડી થવાની છે! અરે એ મારૂં તો લગ્ન થઈ ગયું છે, મારા પતિ જીવે છે મારે ન જોઇએ તે દિવાની અને વજીરી! પરમેશ્વર મારા વૃદ્ધ પતિનેજ દીર્ઘાયુષ્ય આપો. વારૂ, કહે જોઉં આ મારી સખીનો વિવાહ ક્યારે થશે તે. વરની ચિંતાને લીધે મારી બેન કેવી ઝૂરી રહી છે."

સરલાનો હાથ પોતાના હાથમાં લઇને ગાંડી જોવા લાગી. વચમાં વચમાં તેણીના મુખ તરફ જુએ, ને ફરીને હાથ તરફ જુએ. થોડા સમય પર્યંત આ ક્રમ ચાલ્યો. પછી અન્તમાં ગાંડી બોલી– "બેટા! તારા નશીબમાં શું છે તે કાંઈ સમજાતું નથી. તારૂં આયુષ્ય રૂપી આકાશ મેઘોથી વ્યાપેલું છે. છવાઈ ગયું છે. કાળા ભમર જેવા વાદળાં અને ઘોર અંધકાર સિવાય ત્યાં બીજું કોઇ પણ દેખાતું નથી. જલદીજ તારી ઉપર ભયંકર વિપત્તિ પડવાની છે, ત્યાર પછી શું છે તે કાંઈ સમજી શકાતું નથી. આ ત્રણ દિવસોમાં મોટું તોફાન ઉઠવાનું છે. એટલા માટે આજેજ તું અહીંથી ન્હાસી જા, ન્હાસી જા!"

ગાંડીનું આ પ્રમાણે ભાષણ સાંભળીને **સરલા** ભયભીત થઈ. પોતાની પ્રિય સખીની આ અવસ્થા જોઇને **અમલા** ગાંડીને ઉદ્દેશીને કહે છે. "ઉભી રહે, તારી ખોડ તોડું છું. હું પુછું છું કંઇને આ બતાવે છે ભલતું જ? મારી સખીનું લગ્ન ક્યારે થશે તે કહેવાનું છોડી દઇને આણે તો પોતાનું આકાશ, મેઘ, અંધકાર, તોફાન અને વિપત્તિની જ વાતો ચલાવી છે!"

એમ કહીને **અમલાએ** ગાંડીના શરીર ઉપર પાણીના છાંટાઓ ઉડાડવા માંડયા. ગાંડી એક એક ડગલું પાછળ ખસતી આધી જઇને ઉભી રહી, અને ત્યાંથી ફરીવાર **સરલાને** ઉદ્દેશીને બોલી. ન્હાસી જા! ન્હાસી જા!! ન્હાસી જા!!!

આ તરફ ધીમે ધીમે ઘાટ ઉપર ગામમાંની સ્ત્રીઓની ભીડ થવા લાગી. **શાંતિ, લક્ષ્મી, ઉમા, રમા, તારા, મેઘાની મા, ભગાની** બ્હેન ઈત્યાદિ સુંદરીઓ એક પછી એક આવીને પોતાના શુભાગમનથી ઘાટની શોભામાં વધારો કરવા લાગી. જોતા જોતામાં ત્યાં શોરબકોર થઇ રહ્યો. કોઈ વાસણ માંજવા લાગી, કોઈ કપડાં ધોવા લાગી, કોઇ ઉભી રહીને ફક્ત ગામ ગપાટા હાંકવા લાગી; સારાંશ કે ત્યાં એકજ કોલાહલ મચી રહ્યો. પોતાના તટ ઉપર એકઠો થયેલો એટલો મોટો સ્ત્રી સમુદાય જોઇને ઇચ્છામતિ નદી પણ દ્વિગુણિત આનંદથી કલકલ શબ્દ કરવા લાગી. આ સમયે એકઠી થયેલી પ્રૌઢ અને તરૂણ સ્ત્રીયોએ તો એકજ જાતનો કકળાટ કરી મુક્યો હતો. તરૂણીઓ પોતપોતાના પતિ સંબંધી સખી સાથે મીઠી મીઠી વાતો કરવા લાગી; પ્રૌઢ સ્ત્રીઓ પરનિંદા કરવામાં મશગુલ થઇ હતી. **સરલા** અને **અમલા** પોતપોતાનાં બેડાં પાણીથી ભરી લઇને ઘર તરફ પાછી વળી.

અમલાના પતીને અમારા વાંચકો પ્રથમથીજ ઓળખે છે. **નવીનદાસ** ગામમાં ચાર પ્રતિષ્ઠિત મનુષ્યોમાં ખપતો હતો. સ્વભાવ

એનો શાંત અને સરળ હૃદયી હતો તેમજ તે ભોળો પણ હતો. તેની પાસે મિલ્કત પણ સારી હતી. લગભગ સો વીઘા જમીન, ૨૦–૨૫ પશુઓ, ૪–૫ હળ અને અનાજના ૮–૧૦ કોઠારો તેની માલેકીના હતા. ખેતી સિવાય તે થોડો ઘણો વ્યાપાર ઉદ્યમ પણ કરતો. ગામમાં એક એવી સચોટ વદન્તી હતી કે, નવીનદાસે ઘણું ખરૂં રોકડ નાણું જમીનમાં પૂરી રાખ્યું છે. એ સિવાય એની સ્ત્રીના શરીર ઉપર પણ ઠીક ઠીક દાગ દાગિના હતા. પહેલાંની સ્ત્રીના ગુજરી જવા પછી નવીનદાસે કેટલોક સમય વ્યતીત થતાં એટલે કે પોતાની પાંત્રીસ વર્ષની ઉમરે તેણે અમલાથી લગ્ન કર્યું હતું; તે વખતે અમલાની ઉમર લગભગ દશ વર્ષની હશે. નવીનદાસ કાંઈ હજુ વૃદ્ધ થયો નહોતો; પરંતુ અમલા પોતાના પતિને વિનોદથી ડોસાજી એ નામાભિધાનથી સંબોધતી હતી. અમલાનો પોતાના પતિ ઉપર અતિશય પ્રેમ હતો, પણ તે ઘણી વિનોદપ્રિય સ્ત્રી હતી. એથી તે ડોસાજીની સેવા શુશ્રૂષા કરવામાં રાત દિવસ મચી રહેતી; પરંતુ તેની સાથે સાથે તેણીની થટ્ટા–મશ્કરી પણ હમેશ ચાલતી હતી. એવા પ્રકારના પતી પત્નિ મળવાને લીધે ડોસાજીના આનંદના, સુખની અને પ્રેમની સીમા રહી નહોતી.

સરલા રૂદ્રપુરમાં આવી તે દિવસથી અમલા તેની ઉપર સગી બ્હેન કરતાં પણ વિશેષ પ્રેમ રાખતી હતી. પ્રાણ કરતાં પણ અધિક તેની ઉપર પ્રીતિ હતી. દુઃખના સમયમાં સરલાનું તે નિર્દોષ, નિર્મલ બાલમુખ જોતાંજ અમલા પોતાનું સર્વ દુઃખ તત્કાળ વિસરી જતી સુખ સમયે સરલાનું પ્રેમપૂર્ણ નેત્રોએ અવલોકન કરતાંજ અમલાનુ સુખ દ્વિગુણિત થાય! લાગટ ૭ વર્ષ સુધી સાથે રહેવાથી તેઓની પ્રીતિ હવે પાર વિનાની થઈ હતી. સમય સાંપડતાંજ સરલા અમલાને ઘેર જઈ બેસે, અને અમલા પણ વખત કાઢી સરલાને ઘેર જાય.

કદિ કદિ બબે પહોર સુધી રાત્રી જાય ત્યાં સુધી એકલીજ બેસીને વાતો કરતી રહેતી, એકની પાસેથી બીજીએ દૂર થવું, એવી એકની પણ ઇચ્છા ન થાય, અને તેને લીધે તેઓની વાતો પણ પૂરી થતાં થતાં બાકી રહી જતી. ટુંકમાં એટલુંજ કે તેઓ જો કે શરીરથી ભિન્ન હતી તો પણ તેઓનાં મન, પ્રાણ અને હૃદય તો એકજ હતાં.

મહાશ્વેતા અને બ્રહ્મચારી બન્ને દરવાજા બહાર આવે એટલામાં સરલા ઘેર આવી. માને જોઇને તે બોલી "બા ! તું આજ આખી રાત ઉંઘી નથી ?"

"નહીં બેટા, બ્રહ્મચારી મહારાજ સાથે વાતાચત કરતી બેઠી હતી. આજે તને નદી ઉપરથી આવતાં એટલી વાર કેમ લાગી ? જો, સૂર્ય કેટલો ઉપર આવ્યો છે." મહાશ્વેતાએ કહ્યું.

"હા, માતાજી આજ વાર થઇ છે. આજ કે નહીં વિશ્વેશ્વરી નામક ગાંડી ઘાટ ઉપર આવી હતી." એટલું કહીને સરલાએ માતાને ઘાટ ઉપર બનેલો વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળતાંજ મહાશ્વેતા ઘણી ગભરાઈ. તેણીએ વિશ્વેશ્વરીનો ઘણો તપાસ કર્યો પરંતુ કાંઈ પણ પત્તો લાગ્યો નહીં.

પ્રકરણ ૯ મું.

પ્રથમ પ્રેમ દર્શન અથવા પુનમનો કોલ.

"સંસારમાં પારસમણી ચિંતામણિ છે નામનાં,
કામધેનુ, કલ્પતરૂ, રસકુંપી સૌના કામના;
અજબકાન્તિ, અલખશાન્તિ, વેદ કરતા વાચના,
છે પ્રેમ નિર્મળ રત્ન, જેની નવે ખંડે નામના."

સ્વર્ગવાસી "નવીન"

"છે પ્રેમને ભાગ્ય લખ્યુંજ રોવું"

સમય સંધ્યાકાળનો હતો. નિત્યના નિયમ પ્રમાણે મહાશ્વેતા નદીપર સ્નાન કરવાને ગઈ હતી. ઘરમાં સરલા એકલીજ કામ કરતી બેઠી હતી. આખો દિવસ કામ કરવાથી થાકી જવાને લીધ કહો કે ઘણોક વખત સુધી એકલી બેસી રહેવાને લીધે કહો, આ વખતે સરલાનું મુખમંડલ કિંચિત્ મ્લાન થયેલું દેખાતું હતું. જાણે સાંજની છાયા તેણીના હૃદયમાં પણ ધીમે છાયા ગાઢ થતી હતી. ચિંતા કોને કહે છે અને સુખ દુઃખ એ શી વસ્તુઓ છે તેની અત્યાર સુધી આ નિર્દોષ બાલિકાને બીલકુલ ખબર નહતી; તો પણ તેણીનું હૃદય રૂપ આકાશ જાણે નાનાં નાનાં મેઘોથી આચ્છાદિત થતું ચાલ્યું હતું. ભવિષ્યની ભીતિ પણ હતી નહીં તેમજ કાંઈ માનસિક પીડા પણ નહતી; તથાપિ તેણીનું હૃદય પોતાની મેળે ભારગ્રસ્ત થવા લાગ્યું. સરલાના લલાટ ઉપર ઘર્મબિંદુ ચમકતું હતું. આ વખતે તે એકલીજ કંઈ કામ કરતી બેઠી હતી. અત્યંત મૃદુ સ્વરે કાંઈ એકાદ ગાયન ફરી ફરી ગાતી હતી. ગાન કુશલ ભૃંગના મંજુળ ગુંજારવ પ્રમાણે સરલાની ગણુ ગણુ ચાલી રહી હતી. ગાયન એક વખત, બે વખત અને ત્રણ વખત પુરૂં થયું; તથાપિ ચોથી વખત બોલવાની તૈયારીમાં હતી, એટલામાં કોઇએ પીઠ પાછળથી હાક મારી " સરલા "

આ હાક મારનાર એક તરૂણ યુવક હતો. આ યુવકનું વય લગભગ ૨૦ વર્ષનું હશે. તેનું મુખમંડલ અત્યંત સુંદર, તેજસ્વી અને ઔદાર્યવ્યંજક, પરંતુ આ વખતે તે મ્લાન અને ગંભીર દેખાતું હતું. ઘણા દિવસોથી કેસોની કાંઇ પણ સાર સંભાળ ન લેવાથી તે ઘણાજ મલીન દેખાતા હતા, અને તેને લઇને યુવકનું મુખ અધિક ઉદાસ દેખાતું હતું. બન્ને નેત્રો તેજઃપુંજ હતા, પરંતુ દારિદ્ર અગર ચિંતાથી અથવા કોઇ પણ કારણથી તેની આસપાસ શ્યામતા છવાએલી હતી. લલાટ પ્રશસ્ત, વક્ષસ્થળ ઉન્નત, વિશાળ બાહુયુગલ, શરીર ગંભીર,

શાંત અને સતેજ હતું. સારાંશ કે તેની મુખમુદ્રા જોતાંજ તે કોઇ વીરપુરૂષ હોવો જોઇએ, એવો તત્કાળ બોધ થતો હતો. સરલા ગાયન ગાતી હતી ત્યાં સુધી આગંતુક તેની પાછળ છેકજ સ્તબ્ધપણે ઉભો રહીને અનિમિષ નેત્રે તેની તરફ જોતો હતો. જાણે કે સરલાના તે કરૂણાજનક ગાયનને લઇને તેના હૃદયમાં ઘોર ચિંતાનો પ્રાદુર્ભાવ થયો હોય ! આ પ્રમાણે ઘણોક વખત સ્વસ્થતાથી ઉભા રહીને આખરે યુવકે હાક મારી "સરલા !"

સરલા એકદમ ચમકીને પાછું જોઇને બોલી "કોણ ! તમે છો કે ?"

"સરલા ! સંસાર સંબંધી તું આટલી ઉદાસીન કેમ થઇ છે; કે ફરી ફરી તેનું તેજ દુઃખનું ગાયન ગાઈ રહી છે ?" યુવકે કહ્યું.

"નાજી, તેવું કાંઈ પણ નથી. મને કે નાઈ તે આ એકજ ગાયન આવડે છે અને તે વારંવાર ગાઉં છું. થયું. અમલા બ્હેને મને ઘણાં ગાયનો શિખવાડયાં હતાં; પણ તેમાં મને આ ઘણું પ્રિય લાગ્યું, અને તે મેં મોઢે કરી રાખ્યું છે. જ્યારે એકલી હોઉં છું, ત્યારે ઘણા પ્રેમ સાથે આ ગાયન ગાઉં છુ. મને શી ખબર કે તમે છુપાઇને મારૂં ગાયન સાંભળો છો તે !" એટલું બોલીને ગરદન નીચે ઘાલી.

કેટલીકવાર પછી સરલા બોલી "બા પૂજા કરવા ગઇ છે; મજુરણ બજારમાં ગઇ છે. તમે અહીં ક્ષણભર બેસો. મજુરણ અત્યારે આવશે."

એટલો વખત સુધી સરલા પોતાની ઝુંપડીમા એકલી હોવાને લીધે તેનું મુખ કમળ મ્લાન થયું હતું; પરંતુ ઘણા દિવસે આ તેના ચિરપરિચિત સુહૃદની ઓચિંતી ભેટ થવાથી તેનું મુખકમળ હર્ષથી પ્રફુલ્લિત થયું. આનંદ અને ઉત્સુકતાથી તેની સાથે બોલવા લાગી. સરલાની બીજી વાત તે શી હોવાની ! સરલ ચિત્ત બાલિકાઓની જે

વાતો હોય છે, તેવીજ તેની વાતો હતી. પ્રથમ પોતાની મા વિષે તે વાત કરવા લાગી, પછી પોતાના કામકાજ સંબંધી કહેવા લાગી. ત્યાર બાદ પોતાના નાનકડા બગીચામાં લઈ જઇને પોતે વાવેલાં ફુલઝાડો બતાવવા લાગી. તે વાતો યુવક અત્યંત પ્રેમ અને ઉત્સુકતાથી સાંભળતો હતો અને જોતો હતો. ધીમે ધીમે ગાઢ વૃક્ષરાજીમાંથી ક્ષિતિજા પાસે પૂર્ણચંદ્ર દેખાવા લાગ્યો. પ્રથમ આકાશ સુવર્ણવર્ણું દેખાવા લાગ્યું, ત્યાર પછી ક્રમે ક્રમે ચંદ્રકિરણો વૃક્ષોના દાટ પાંદડાઓમાંથી નીચે આવવા લાગ્યાં. સત્વર પૂર્ણચંદ્ર નીલવર્ણા આકાશમાં ઘણોક ઉંચે ચઢી આવ્યો. આકાશ સર્વ પ્રકાશમય દેખાવા લાગ્યું. તે નિર્મલ ચંદ્રપ્રભામાં સરલાનું મુખ વિશેષ કરીને મનમોહક જણાતું હતું. સર્વદા સ્મિતહાસ્યયુક્ત રહેનાર તેના ઓષ્ઠ આ સમયે અધિક સુધામય દેખાવા લાગ્યા. સ્થિર અને શાંત જ્યોતિર્મય નયનોમાં પ્રેમરસ ઉછળવા લાગ્યો. તે તરૂણના મુખમાંથી એક પણ શબ્દ બહાર નિકળતો નહતો. તે સ્તબ્ધતાથી ઉભો રહીને અત્યંત પ્રેમયુક્ત દૃષ્ટિથી સરલા તરફ જોતો હતો. જાણે પોતાની પ્રેમ પિપાસા શમાવવાને માટે આતુર નયનોએ તેણીના તે સૌંદર્ય સાગરનું ભરાભર પાન કરતો હોય ! જેમ જેમ તે તેના તરફ જોતો તેમ તેમ તેને તે લાવણ્ય લતા ઉપરથી દ્રષ્ટિ હલાવવીજ નહીં એમ લાગતું. ભ્રમર જેવા તેના કાળા કોમળ કેસ, કમાનદાર ભ્રમર, પ્રેમ પ્રફુલ્લ નેત્ર, સુધારસથી ભરેલા તે સ્મિત મધુર ઓષ્ઠ, ચિત્તાકર્ષક અને મોહક મુખ મંડળ એઓએ પોતાના અજબ જાદુથી તેને ત્યાંને ત્યાંજ સ્થિર કરી નાંખ્યો હતો. એકાદ પત્થરના પુતળાની જેમ તે ગાંડાની માફક છેકજ નિશ્ચળ ઉભો હતો. ઘણાક વખત પછી તે એકદમ ઉંઘમાંથી ચમક્યાની માફક કરીને બોલ્યો "સરલા !"

ઇંદ્રનાથનો આ ગંભીર સ્વર સાંભળીને સરલા કિંચિત્ વિસ્મિત

થઈ તેના મુખ તરફ જોવા લાગી. પ્રથમ જે મુખ જોયું હતુ તે મુખ અત્યારે અધિક મ્લાન થયું હતું. એમ સરલાને ભાસ્યું.

"સરલા, મને લાગે છે હવે આ આપણી છેવટનીજ મુલાકાત !" ઇંદ્રનાથે કહ્યું.

આ ભાષણ સાંભળતાંજ સરલાનાં પ્રફુલ્લ નયનો અશ્રુથી ભરાઈ આવ્યાં. વ્યથિતચિત્તે તે પુછવા લાગી:–કેમ, તમે હવે રૂદ્રપુરમાં રહેવાના નથી કે ?"

"નહીં. હવે હું અહીં રહેવાને અશક્ત છું. તેનું કારણ તને પાછળથી માલમ પડશે."

"એમ કેમ વારૂ, તમને અહીં રહેવામાં કંઇ ત્રાસ થાય છે કે ? તો પછી અમારે ઘેર કાં નથી રહેતા ? હું બાને કહીશ. તે ઘણા આનંદથી કબૂલ કરશે. અમારી થોડી ઘણી જે કાંઇ આવક છે, તેમાં તમો સુખેથી રહી શકશો. કાંઈ ઓછું પડવાનું નથી."

"સરલા ! તું દયાની મૂર્તિ છે, સ્નેહની પ્રતિમા છે. તારા પ્રેમને કાંઈ પારાવાર નથી. મને કોઈ પણ જાતની હરકત નથી. નવીનદાસને ઘેર હું મેમાન છું. તારી સખી અમલા મારી ઉપર સગા ભાઈ કરતાં પણ વધારે પ્રેમ કરે છે, તે તને ખબરજ છે; અને જો કદાચિત્ તેને ઘેર મારો બંદોબસ્ત ન થયો હોત તો પણ હું અહીં (તારે ઘેર) અને બીજા ઘણા સ્થળે રહી શકત; પરંતુ આ ગામ છોડી જવામાં મારો કોઈ બીજોજ હેતુ છે."

"તો શું તમે ખરેખર જવાનો છો ?"

"હું અહીંથી જઇશ એટલે તને કષ્ટ કાં થશે ?"

"એ શા માટે પુછો છો ? તમારા સિવાય મને બીજું કોણ છે ?"

"સરલા, તારૂં આ દુઃખ જોઇને મારૂં હૃદય ફાટી જાય છે; પરંતુ શું કરૂં ? હું હવે અહીં રહેવા અશક્ત છું. દે મને આશીશ દે

કે મારૂં કાર્ય સફળ થાય. મારૂં કાર્ય સફળ થયું અને હું જીવતો રહ્યો તો તને ફરી આવી મળીશ. નહીં તો સમજજે કે આ આપણી છેવટની મુલાકાત.” એમ કહી ઇંદ્રનાથે એક લાંબો સુસ્કારો છોડયો.

આગળ ઇંદ્રનાથના મુખમાંથી શબ્દ ન નિકળે. સરલાના પ્રશાંત નીલોત્પલ સદશ નયનોમાંથી સરસર અશ્રુ ખરવા લાગ્યા. જાણે કોઇ મોતીની માળામાંથી તુટીને મોતી ખરી પડતા હોયની! સરલાનો ઇંદ્રનાથ ઉપર એક ભાઇના જેવો પ્રેમ હતો. બંધુ પ્રેમ સિવાય બીજા કોઇ એકાદ વિશિષ્ટ પ્રેમે તેના પોતાના હૃદય મંદિરમાં પ્રવેશ કર્યો હતો; તેની બિચારી આ નિર્દોષ બાલિકાને અદ્યાપિ પર્યંત કાંઈ પણ ખબરજ નહતી. ઇંદ્રનાથનો વિયોગ થતાં પોતાને એટલું બધું દુઃખ થશે, એ કોઈ પણ કાળે તેના સ્વપ્નામાં પણ આવ્યું નહતું.

તે પુનમની રાત્રી, ચંદ્રનો શુભ્ર ચાંદણામાં, એકાંત ઉદ્યાનમાં એક બીજાનો હાથ પકડીને તેઓ બન્ને પરસ્પરના વદન કમળનું નિરીક્ષણ કરતા ઘણો વખત સુધી સ્તબ્ધ ઉભા હતાં. પરસ્પરના દર્શનામૃતનું તેઓ સતૃષ્ણ નયનોએ પાન કરવા લાગ્યાં. છેવટે તે નિઃસ્તબ્ધતાનો ભંગ કરીને ઇંદ્રનાથે સ્નેહથી સરલાના નેત્રોમાંના અશ્રુ બિંદુઓ લુંછી નાંખ્યા, અને ધીરજ દઇને બોલ્યો “ સરલા, હું ધર્મના ગૌરવ માટે, પાપીને શાસન કરવા જાઉં છું. પરમાત્મા મને અવશ્ય સહાય કરશે. તેની સાહ્યતા છે તો પછી ભય કોનો ! સ્વીકૃત કાર્યમાં મને અવશ્ય યશ પ્રાપ્ત થશે અને હું તને પાછો આવી મળીશ.”

“ પણ ક્યારે આવશો ? ” સરલા કિંચિત્ શાંત થઈ બોલી.

“ ૭ મહિનાથી હું પાછો આવીશ. આજે પુનમ છે. આજથી સાતમી પુનમે હું તને અવશ્ય આવી મળીશ. નહીં આવ્યો તો સમજજે કે ઇંદ્રનાથ હવે આ જગતમાં નથી.”

એટલામાં દરવાજો ખખડયો. મંજુરણ આવી હશે એમ જાણી સરલા દરવાજો ઉઘાડવા ગઈ. તે જતી હતી ઇંદ્રનાથ તેની તરફ અનિમિષ નેત્રે જોતો હતો. જોતો જોતો મનમાં ને મનમાં બોલ્યો "હે પરમાત્મા ! આ રમણી રત્ન પ્રાપ્ત કરી લેવામાં મને સહાય કર. આ રત્નને હું નહીં મેળવી શકીશ તો મારૂં હૃદય મરૂભૂમિ પ્રમાણે શુષ્ક થઇ જશે. નિરાશાથી મારૂં જીવન નિરર્થક થઈ જશે."

પ્રકરણ ૧૦ મું.

રૂદ્રપુર છોડવું.

And there were sudden Partings, such as Press,
Tee life from out young hearts, and choking sighs.
That ne'er might be repeated, Who could guess,
If e'er again should meet those mutual eyes.
Since upon a Night so sweet such awful morn
could rise.

Byron.

રાજા સમરસિંહ એ બંગાળામાંના સમસ્ત જમીનદારોનો વૈભવ સમયે સલાહકાર મિત્ર અને સંકટ સમયે સહાયકર્ત્તા બંધુ હતો. તેણે પોતાના સાહસથી અને બાહુબળ ઉપર જે ખ્યાતિ અને સામર્થ્ય સંપાદન કર્યું હતું, તેનો તે સર્વદા પોતાના ધર્મનિષ્ઠ જમીનદાર આદિ બંધુઓનું યશ અને ગૌરવ વધારવામાંજ સદુપયોગ કરતો હતો. સંકટના સમયમાં જેની ઉપર રાજા સમરસિંહના ઉપકાર થયાં નથી એવો એક પણ જમીનદાર આખા બંગાળામાં ન હતો. ઇચ્છાપુરનો લોકપ્રિય

જમીનદાર નગેન્દ્રનાથ ચોધરી, એની ઉપર તો તેને વિશેષ પ્રેમ હતો. નગેન્દ્રનાથ પણ સમરસિંહઉપર જ્યેષ્ટબંધુ પ્રમાણે પ્રેમ રાખતો અને તેની અનુમતિ-રજા સિવાય કોઈ પણ કામમાં હાથ ઘાલતો ન હતો.

રાજા સમરસિંહના વધ પછી તેની વિધવા મહાશ્વેતા અને રાજકુમારી સરલા, એ બન્નેની નગેન્દ્રનાથે ઘણી તપાસ કરાવી; પરન્તુ તે ઉભય ગુપ્તવેશ ધારણ કરીને ચતુર્વેષ્ટિત દુર્ગમાંથી કઈ તરફ નિકળી ગઈ, તે વિષયમાં કોઇને કાંઈ પણ ખબર ન હોવાથી તેની ઘણી તપાસ કરવા છતાં પણ પત્તો લાગ્યો નહીં. રાજા સમરસિંહની કન્યા વિષે પોતાનો પ્રેમભાવ દેખાવાથી દિવાન સતીશચંદ્રની વગર કારણે ગેરમરજી થશે, એવા ભયનેજ લઇને નગેન્દ્રનાથે પોતાના અંતઃકરણમાંનો તે માટેનો સ્નેહ કિંચિત્ ઘટાડીને આગળ ઉપર ઉભયની તપાસ કરવાનું છોડી દીધું. **મનુષ્યના હૃદયમાંનો સ્નેહ રજ્જુ અતિ સૂક્ષ્મ અને ક્ષણિક હોય છે.** પરંતુ કેવળ સ્વાર્થ તો તેટલાજ ઉલટ પ્રમાણથી દિવસે દિવસ પ્રબળ અને દૃઢ થતો ચાલ્યો. નગેન્દ્રનાથ પોતાનું ઐશ્વર્ય અને ગૌરવ વૃદ્ધિંગત કરવામાંજ નિમગ્ન રહેવા લાગ્યો. જેને લઇને પોતાની સંપત્તિ, સન્માન અને સામર્થ્ય વધશે, જેને લઇને પોતાની ઉપર બંગાલ દેશનો સર્વ સત્તાધીશ દિવાન સતીશચન્દ્રની વધારે ને વધારે મરજી-પ્રેમ-એસશે, એવા પ્રકારના તેના પ્રયત્નો અહર્નિશ ચાલુ થયા. નગેંદ્રનાથને સમરસિંહની હતભાગિની વિધવા અને નિરાશ્રિત કન્યાનું વિસ્મરણ થવા લાગ્યું. એક વર્ષની અંદર તે શોકંજનક પ્રસંગ તેના સ્મૃતિ પથમાંથી આશ્ચર્યકારક રીતિએ નિકળી ગયો. રાજા સમરસિંહની કોઈ એક અનાથ વિધવા અને નિરાધાર કન્યા આ દુનિયામાં છે આ વાત પણ બીચારાંના સ્મરણમાં રહી નહીં.

સહૃદય વાંચક ! નગેંદ્રનાથના આ વિચીત્ર વર્તન માટે આપ તેની ઉપર કૃતઘ્નતાનો અપરાધ લાદીને તિરસ્કાર કરવાની ત્વરા કરશો

નહીં. આપના તિરસ્કારને એકલો નગેન્દ્રનાથજ પાત્ર નથી. આ અખિલ વિશ્વમંડળપર એક ક્ષણભર દૃષ્ટિ ફેંકશો તો અહીંઆ આપને કેટલી વ્યક્તિઓ પોતાની ઉપર ઉપકાર કરનારનો પૂર્વ ઉપકાર સંભારીને પ્રત્યુપકારનો બદલો દેવા માટે સ્વહિત ઉપર જલાંજલી દેવાવાળા દેખાશે વારૂ? પોતાની ઉપર બીજાએ કરેલા ઉપકાર સંભારીને પોતાના સ્વાર્થ સાધનથી કેટલા મહાભાગ વિરક્ત થતા હશે? સ્નેહ, દયા, માયા, એ બધી સ્વર્ગની વસ્તુઓ છે. તેને સ્વાર્થ જેવો પ્રબળ પ્રતિપક્ષી મળવાથી સ્નેહ કેટલા દિવસ ટકનાર છે. પ્રિય વાંચક! આપે નગેન્દ્ર-નાથનો તિરસ્કાર ન કરવો એજ સારૂં છે. કારણ કે આપ પણ તે અપરાધથી દૂર છો કે? આજે કેટલાક આપણા નિર્ધન ભાઇઓ, ઇષ્ટમિત્ર, આપ્ત સ્વજનો તમારી સાહ્યતાની ચાતક પ્રમાણે અપેક્ષા કરી રહ્યા છે! આપણા દેશની કેટલીક નિરાધાર અનાથ વિધવા ભગિનીઓ પોતાના આયુષ્યના દુઃખી દિવસો મહાપાતના અને કષ્ટમાં કાઢી રહી છે! આ દુઃખ પૂર્ણ ક્લેશમય સંસારમાં ચારે તરફ દુઃખના ઢગલે ઢગલા દેખાય છે. તે સમસ્ત દુઃખોનું નિવારણ કરવું વ્યક્તિ માત્રને માટે અસાધ્ય છે, અશક્ય છે, એ વાત ખરી; પરંતુ એકાદ ક્ષુધાર્ત–ભુખ્યાને અન્નદાન કરીને તેના આત્માને તમે સંતોષ આપ્યો, એક તૃષાતુર–તરસ્યાને સ્નેહવારી–પાણી પાઇને તમે તેની તૃષા શાંત કરી, એકાદ હતભાગિનીના દુઃખાશ્રુમોચન કરવા માટે તમે તમારો હાથ આગળ લંબાવ્યો, તો તમારા જન્મનું સાર્થક્ય નથી થવાનું કે? અને અમે અમારૂં કર્તવ્ય યોગ્ય રીતિએ કર્યું એમ તમને નહીં થશે કે? પરંતુ આપ પ્રસ્તુત આ શું કરો છો? સ્વસુખ સાધનમાંથી તમારા આપ્ત જનોનું મહા દુઃખ ક્યાં દેખાય છે? નાટક અને જલસામાંના ગાયનો-થી બધિર બનેલા કાનોને અમારી અનાથ ભગિનીઓનો આર્તરવ ક્યાં સંભળાય છે? તો પછી બિચારા નગેન્દ્રનાથે એનાથી વધારે શું કર્યું? અને તેનો તિરસ્કાર કરવાને આપણને શો અધિકાર પહોંચે છે?

પરંતુ નગેંદ્રનાથના પુત્ર સુરેંદ્રનાથે પોતાની ખરેખર આ જગતમાં વાહ વાહ કરાવી લીધી. ધનવાન્ જમીનદારનો પુત્ર છતાં પણ તેને ધન સંબંધી ગર્વ ન હતો. મોટા વંશમાં જન્મ લીધા છતાં પણ ગરીબ ખેડુતોની સાથે વાતચિત કરવામાં, ગપ્પા હાંકવામાં પોતે કોઈ હીનપણાનું કાર્ય કરે છે, એમ તેને લાગતું ન હતું. તે ઘણું કરીને તેઓની સંગતિમાંજ રહેતો હતો. સુરેન્દ્રનાથ ખેડુતો સંબંધી સારી કાળજી રાખતો. કેટલીક વખતે ગુપ્તવેશે ગામેગામ ફરીને ખેડુતોની સાથે વાતોચિતો કરી હશે. સાંજે જ્યારે ખેડુત લોકો પોતપોતાની ઝુંપડીમાં ઘરના બધા માણસોની સાથે શગડીની ચારે તરફ વાતો કરતા બેઠા હોય, જંગલમાંથી ચરીને આવેલાં ઢોરો જ્યારે ગોહામાં પોતપોતાના ઠેકાણા ઉપર જઇને ઉભા રહે, ત્યારે સુરેન્દ્રનાથ આ ઝુંપડીમાંથી તે ઝુંપડીમાં, તે ઝુંપડીમાંથી બીજી ઝુંપડીમાં ફરતો, ઝુંપડીમાંના માણસો સાથે નાના પ્રકારની ગપ્પાંસપ્પાં હાંકતો, તેઓને ઉપદેશ દેતો, સર્વદા દૃષ્ટિગોચર થવાનો! યુગ યુગથી દારિદ્રે સતારેલાં છતાં પણ ખેડુતોની તે સદા સંતુષ્ટવૃત્તિ, અજ્ઞાની છતાં પણ તેમની પાપભીરૂતા, સંકટમાં અને વિપત્તિમાં દૃષ્ટીગોચર થતું તેમનું અટળક ધૈર્ય અને સહિષ્ણુતાદિનું તે કૌતુકથી લક્ષ્યપૂર્વક અવલોકન કરતો હતો. અમુક ગામમાં વાવ ખોદાય છે, અમુક ગામમાં અનાજ ઘણું મોંઘું થયું છે, ફલાણા ગામનો સાહુકાર ઘણો દયાળુ છે, ફલાણા ગામનો કારભારી ખેડુતોને ઘણું સતાવે છે, આ અને એવાજ પ્રકારની ઘણી વાતો સુરેન્દ્ર ખાસ લક્ષ્ય-ધ્યાન દઇને સાંભળતો. એવા સમયે તે શ્રીમંતાઇનો ડોળ વિસરી-ભૂલી જતો. પોતાના ઉચ્ચ દરજ્જાનું તેને વિસ્મરણ થતું. નયનાલ્હાદકર એવા ખેતરોથી વિંટાયેલી અને આમ્ર-વૃક્ષોથી આચ્છાદિત તે ઝુંપડીયોમાંના ખેડુતોને બંધુ પ્રમાણે સમજીને તેઓને તે વારંવાર સહાય કરતો હતો.

મહાશ્વેતા ચતુર્વેષ્ટિત દુર્ગમાંથી પોતાની ન્હાની કન્યાસહ નિકળી ગયાનું સાંભળતાંજ સુરેન્દ્રનાથ તે બન્ને મા દીકરીના શોધ માટે પોતાના ઘરનો–વૈભવનો અને માતાપિતાનો ત્યાગ કરીને ગામેગામ અને જંગલે જંગલ ભટકવા લાગ્યો. તે વખતે મહાશ્વેતા ઈચ્છામતિ નદીના કાંઠા ઉપર આવેલા મહંત ચન્દ્રશેખરના આશ્રયે મહેશ્વર મંદિરમાં રહેતી હતી. ફરતાં ફરતાં સુરેંદ્રનાથ ત્યાં આવતાંજ તેને મહાશ્વેતાનો મેળાપ થયો. મહાશ્વેતાને તેણે પોતાને ઘેર આવવા માટે ઘણો આગ્રહ કર્યો; પરન્તુ તે માનિ માનુનીએ તે કબુલ કર્યું નહીં. દુર્ધર અવસ્થામાં પણ તે માની સ્ત્રી પોતાનો અભિમાન ભુલી ગઈ ન હતી. સુરેન્દ્રનાથ તેને ઘણોજ આગ્રહ કરવા લાગ્યો, ત્યારે નિશ્ચયથી તેણીએ પોતાની અસંમતિ પ્રગટ કરીને આખરે બોલી "રાજા સમરસિંહનો વંશ આવી દરિદ્રાવસ્થામાં પણ પોતાનું માનીપણું વિસારશે નહીં, અને બીજાને ઘેર તુકડા ખાવા (તોડવા) બેસી રહેનાર નથી."

તેણીના આ વિલક્ષણ જક્કી સ્વભાવ આગળ સુરેંદ્રના સર્વે ઉપાયો ખુંટયા. આખરે તેને મહાશ્વેતાને કહ્યું. "તમારા ધણીના અમારી ઉપર અનંત ઉપકારો થયા છે, તેના અમે અત્યંત ઋણી છીએ, એવા સંકટ સમયમાં હું જો આપને ઉપયોગી નહીં થાઉં તો મારો જન્મ ફોગટ ગયો, એમજ હું સમજીશ. આપની મારે ઘેર રહેવાની મરજી નથી તો બીજી કાંઈ સેવા મને કહો."

"એટલો તમારો આગ્રહ છે તો મને રહેવાને માટે તમારી જાગિરીમાં ક્યાંએ એકાદ–થોડી જગ્યા આપો ! તેનો યોગ્ય કર દરસાલ હું ચૂકતો કરીશ. તેમજ ક્યાંએ નદી તીરે મને એક ન્હાનકડું શિવમંદિર તૈયાર કરાવી દો, ત્યાં હું પ્રતિદિન રાત્રે પૂજા કરીશ. એ શિવાય મને કોઈ પણ પ્રકારની ગરજ નથી."

તે મુજબ સુરેંદ્રનાથે ઇચ્છામતિ નદીના તીર ઉપર રૂદ્રપુર ગામમાં જગાની સગવડ કરી આપી, અને નદીને કાંઠે ન્હાનું સરખું એક શિવમંદિર બાંધી આપ્યું, ત્યારથી મહાશ્વેતા પોતાની કન્યા સાથે રૂદ્રપુરમાં રહેવા લાગી.

મહન્ત ચંદ્રશેખર પાસે સુરેન્દ્રનાથ આવ્યો હતો તે વેષ બદલી ઇંદ્રનાથ નામ ધારણ કરીને આવ્યો હતો. ગુપ્ત વેષમાંજ દેશોદેશ ફરીને તેણે મહાશ્વેતાનો પત્તો મેળવ્યો. ગુપ્તવેશમાંજ તેની સરલા સાથે તે નિર્જન સ્થળમાં પ્રથમ મુલાકાત થઈ. કેટલીક વખત ઇચ્છામતી નદીના કાંઠા ઉપર તે સરલા સાથે રમ્યો હતો. કેટલીક વખતે તેને સરલાને આનંદની વાતો કહી હતી, અને કેટલીક વખતે કેડપર લઇને પ્રેમથી તેનું ચુંબન પણ લીધું હતું. આવી સ્થિતિમાં છ વર્ષ સુધી તેઓમાં ભ્રાતૃભગિનીનો પ્રેમ વૃદ્ધિંગત થતો ચાલ્યો. તે ભ્રાતૃભગિનીના પ્રેમ સિવાય એકાદ બીજાજ પ્રેમનો આપણા હૃદયમાં ઉદય થયો છે, એ આજની તે પુનમની રાત્રે થયેલી મુલાકાતની પહેલાં તેઓમાંના એકને પણ તેની ખબર ન હતી.

બે પ્રહર રાત્રીએ મહાશ્વેતા પૂજા-અર્ચા પૂરી કરીને ઘેર આવી. તેને મળવા માટે ઇંન્દ્રનાથ આટલા સમય સુધી તેની વાટ જોતો બેઠો હતો. મહાશ્વેતા આવતાંજ તે બોલ્યો "આપે ધારણ કરેલા વ્રતના પ્રભાવે સતીશચંદ્રનો નિઃપાત ન થાય તો એમજ છે કે મારાથી સરલાનું પાણિગ્રહણ થઈ શકવાનું નથી ?"

"હા, એમજ છે."

"ઠીક છે તો મને આશિર્વાદ આપો. હું આજજ તે કાર્યમાટે અહીંથી પ્રયાણ કરનાર છું. આપનો આશિર્વાદ મળવાથી મારા મનોરથો અવસ્ય સફળ થશે."

"જાઓ, હું તમોને અંતઃકરણ પૂર્વક આશિર્વાદ આપું છું. દેવાધિદેવ મહેશ્વર તમને તમારા કાર્યમાં યશ આપશે; પરંતુ હજુ તમે બાળક છો; આ દુષ્ટ દુનિયાનો તમોને લેશ માત્ર પણ અનુભવ નથી. તે ધૂર્ત અને કપટી દિવાનનું તમારાથી કેવી રીતે પારિપત્ય થશે તે હું સમજી શકતી નથી." મહાશ્વેતા ગંભીર સ્વરે બોલી.

"તે અત્યારે મને પણ સમજાતું નથી. પરમેશ્વર જે કરશે તે ખરૂં."

"તમોને યશ મળશે એમાં તો સંશય નથી. ધર્મનો જો જય નહીં થશે તો આ દુનિયાનો અંત આવતાં કેટલીવાર લાગશે? પછી પરમેશ્વરને પણ કોણ માનશે, અને તેની આરાધના કોણ કરશે."

ઇંદ્રનાથ ક્ષણિક સ્તબ્ધ રહીને બોલ્યો "સદા સર્વદા ધર્મનો જો જય થયો હોત તો આપના પતિ રાજા સમરસિંહનો આવો ભયંકર વધ કદાપિ થાત નહીં! દુષ્ટ સતીશચંદ્ર આ દેશનો દિવાન કદિ પણ ન થાત! ધર્મનો શાશ્વત જય હોત તો મનુષ્ય જાતીએ કદાપિ ધર્મ પથનો ત્યાગ ન કર્યો હોત! ચારે તરફ પાપનો વધારો થાય છે; દુષ્ટ, કપટી, અત્યાચારી અને વિશ્વાસઘાતકીઓને જ્યાં ત્યાં માન, સન્માન, ધન અને ઐશ્વર્ય મળે છે; અને પરમ ધાર્મિક, સચ્છીલ અને પરોપકારી એવા મનુષ્યોની વિડંબના થાય છે, તે કરતાં ભલાભુંડાની દુનિયા ક્યાં રહી? જો હમેશાં ધર્મનોજ જય થતો હોત તો પાપ, વિશ્વાસઘાતકતા, કપટાચરણ એઓ સૃષ્ટિમાંથી ક્યારનાએ નહીં જેવા થઈ ગયાં હોત. આ અવનીમાં હમેશાં અધર્મનોજ જય થયેલો દેખાય છે. એમ શા માટે થવું એ કોઈ પણ કહી શકતું નથી! ખરેખર પરમેશ્વરની લીલા અગાધ છે."

પછી મહાશ્વેતાએ વિશ્વેશ્વરી ગાંડીની સર્વ હકીકત કહી સંભળાવી. ઇંદ્રનાથ વિસ્મિત થઇને બોલ્યો. "આ ગાંડી મનુષ્ય છે કે યોગિની છે, કે પિશાચિની છે, છે કોણ ? તેનું કથન કદાપિ અસત્ય થતું નથી."

"તે કહે છે તે ખાસ કરીને ખરૂં ઠરે છે. એનો અનુભવ મને પણ કેટલીક વખત આવી ચુકયો છે. મારા પતિનો વધ થવાની પૂર્વેજ તેણીએ તે સંબંધી ભવિષ્ય વર્ત્યું હતું. મેં તેમને કહ્યું હતું અને સહ પરિવાર કિલ્લામાંથી ન્હાસી જવાનો વારંવાર ઉપદેશ પણ કરતી હતી; પણ તેઓએ તે કાંઇ પણ સાંભળ્યું નહીં. તે વીર પુરૂષે વીર પુરૂષને છાજે એવોજ ઉત્તર આપ્યો અને તે અદ્યાપિ મારા કાનમાં ઘુમે છે! તેઓ બોલ્યા "હિંદુ શું, મુસલમાન શું, મોગલ શું અને પઠાણ શું, કોઇએ પણ આજ દિવસ સુધીતો સમરસિંહને ઘનઘોર રણક્ષેત્રમાંથી ન્હાસી જતાં જોયો નથી; તો આજે પામર સતીશચંદ્રના ભયથી શું! પોતાના કિલ્લામાંથી નાસી જશે ? મરવુંજ પડશે તો ખુશીથી મરીશ! વીર પુરૂષ મૃત્યુને ડરતા નથી ?"

"એવીજ રીતે એક બે વખત કહેલું ભવિષ્ય ખરૂં પડયું છે. મારી તો તમોને એવી સલાહ છે કે તમોએ આજને આજ આ ગામ છોડીને બીજી તરફ ક્યાંએ પણ જઈ રહેવું."

મહાશ્વેતા વિચારમાં મગ્ન થઈ. ગાંડીએ આજની જેમજ બે ત્રણ વખત આકસ્મિક રીતિએ આવીને તેણીએ જે જે ભવિષ્ય જણાવ્યું હતું, તે તે આગળ ઉપર ખરૂં પડયું છે. એટલું તો ખાસ છે કે, મારા પર કોઇને કોઇ પણ સંકટ આવશે. તે દુષ્ટ સતીશચંદ્રનુંજ આ કાંઈ પણ કારસ્થાન હોવું જોઇએઃ તે ગાંડી મનુષ્ય હો કે પિશાચિની હો, તેને તે કારસ્થાનની ખબર પડી અને તરતજ તે આજ મને હુશિયાર કરવાને માટે અહીં આવી. "આજને આજજ અહીંથી ન્હાસી જવા સિવાય બીજું ગત્યંતર નથી."

"તમે ક્યાં જવાના છો? મારે ઘેર આવવામાં કાંઇ હરકત છે કે?" ઇંદ્રનાથે પુછ્યું.

"હું મહેશ્વરના મંદિરમાં મહંત ચંદ્રશેખરની તરફ ફરીવાર જઈશ." મહાશ્વેતાએ કહ્યું.

ઇંદ્રનાથ જરા ખિન્ન થયો પછી તે કાંઈ પણ બોલ્યો નહીં. પોતાના પ્રવાસની તૈયારી કરવા તે ત્યાંથી નિકળી ગયો.

પછી મહાશ્વેતાએ સુતેલી સરલાને ઉઠાડી પોતાનો વિચાર જણાવ્યો. તે સાંભળતાંજ સરલાનું પ્રફુલ્લ મુખકમળ કિંચિત્ મ્લાન થયું. રૂદ્રપુર ગામમાં લાગટ ૭ વર્ષ રહેવાથી તેના મનમાં પ્રત્યેક વસ્તુને માટે પ્રેમ ઉત્પન્ન થયો હતો. સુખકારક ઝુંપડી, તે સુખકારક પરસુ, શાન્તિકુંજમાં પોતાને હાથે લગાડેલાં તે ગુલાબ, મોગરો આદિ ફૂલઝાડો, દાડેમ, અનનસ, જામફળના ફળઝાડો એ સર્વેને હવે છોડી જવું પડશે! પ્રાતઃકાળમાં ઉઠતાંજ રૂદ્રપુરમાંના પક્ષીઓનાં સુલલિત ગાયનો હવે સાંભળવામાં આવશે નહીં! સાયંકાળના સમયમાં અમલાનું સુમધુર હાસ્ય વિકસિત મુખ કમળ હવે શાનું દૃષ્ટિએ પડવાનું? અમલાનું સ્મરણ થતાંજ સરલાના નેત્રોમાંથી અવિરલ અશ્રુધારાઓ વહેવા લાગી. સદ્ગદિત કંઠે તે બોલી. "માતાજી! હું અમલાને મળી આવું"

"જા બેટા, જલદી આવ." મહાશ્વેતા બોલી.

તરતજ અમલાના ઘરના દરવાજા પાસે જઇ સરલાએ મધુર સ્વરે "બ્હેન" એમ હાક મારી. અમલા તત્કાળ પ્રફુલ્લ વદને બહાર આવી. તેના મનમાં—આ સમયે પોતાની પ્રિય સહિયરની કાંઇક મશ્કરી કરવાનું હતું, એ તેણીના તે હાસ્યવિકસિત મુખ ઉપર સ્પષ્ટ દેખાતું હતું; પરંતુ સરલાનું ખિન્ન મુખ જોતાંજ અમલાના મુખ ઉપરનું મધુર હાસ્ય એકદમ અંતર્ધાન થઈ ગયું! તેણીની મુખમુદ્રા ગંભીર

થઈ નયન યુગલમાંથી ટપોટપ પડતાં અશ્રુજલવડે **સરલાનું** વક્ષઃસ્થળ ભિંજાઈ ગયું છે, એ જોતાંજ **અમલા સરલા** પાસે જઇને, સ્નેહથી તેના બન્ને હાથ પોતાના હાથમાં પકડીને તેના મુખ તરફ જોતાં બોલી "સખી, શું રે થયું?"

"બા કહે છે કે અમારે અત્યારેને અત્યારે આ ગામ છોડી જવું જોઇએ. સહિયર! તારી અને મારી આ આખરની મુલાકાત!" એટલું બોલીને તેણીએ પોતાનું મસ્તક **અમલાના** વક્ષઃસ્થળ ઉપર રાખી તે રડવા લાગી.

એ પ્રહર રાત્રીના સમયમા અકસ્માત્ આ નિષ્ઠુર વાર્તા સાંભળતાંજ **અમલાના** મસ્તકપર જાણે વજ્રપાત થયો. પ્રથમ તો તેનો તે વાત ઉપર વિશ્વાસ બેઠો નહીં; પરંતુ **સરલાની** કરૂણાસ્પદ સ્થિતિ જોઇને હવે **અમલા** પોતાનો અશ્રુવેગ રોકી શકી નહીં. **સરલાના** મસ્તકના કેસોને પોતાના ઉષ્ણ નયનજલથી સ્નાન કરાવ્યું.

ઘણાક વખત પછી મહત્પ્રયાસે પોતાના દુઃખના ઉભરાને અંદરને અંદર દાબી **અમલા** બોલી. "સખી! તારી અને મારી આ છેવટની મુલાકાત શા માટે થશે? તું જ્યાં રહીશ ત્યાં હું આવીને તને મળતી જઇશ. તમે આ ગામ છોડીને એમ એકદમ કેમ જાઓ છો વારૂ?"

"મને કાંઈ પણ નથી. બા એ તે વિષયમાં મને કાંઈ કહ્યું નથી. અમે મહેશ્વરના મંદિરમાં રહેવા જવાના છીએ." **સરલાએ** કિંચિત્ શાંત થઈ કહ્યું.

"ઓત્તારી! કાંઈ મહેશ્વરનું મંદિર અહીંથી દૂર છે કે? હું તને હમેશાં આવીને મળતી જઇશ હો. વગર કારણે આટલું દુઃખ શા માટે કરે છે." એટલું બોલીને તે સ્તબ્ધ થઈ. મનમાં ને મનમાં કાંઈક વિચાર કરીને થોડીવાર પછી બોલી "**સરલા**! જરા થોભ હોં. હું હમણાં આવું છું." એમ કહી તરત ઘરમાં ગઈ અને જલદીજ બહાર આવીને તેણીએ **સરલાના** છેડે કાંઈ બાંધી આપ્યું.

"આ શું બાંધ્યું છે." સરલાએ પુછ્યું.

"કાંઈ નહીં; રસ્તામાં તને ભૂખ લાગશે તેટલા માટે થોડો નાસ્તો બાંધી આપ્યો છે. તે તું નહીં લે તો તને મારા ગળાના સમ છે." અમલા તત્કાળ બોલી એમ કહેતાં કહેતાં તેણીએ સરલાના છેડે દસ રૂપિયા મુકી ગાંઠ વાળી.

આખરે મળતી વખતે અમલાએ પોતાની સહિયરનો હાથ પકડીને બોલી. "સરલા! દુઃખી થઈશ નહીં. હું તને મહેશ્વરના મંદિરમાં આવીને મળતી જઈશ. તું મને ભૂલી ન જાય તેટલા માટે તને હું મારી એક નિશાની આપું છું." એમ બોલતાં તેણીએ પોતાના ગળામાંની હાંસડી કાઢીને સરલાના ગળામાં પહેરાવી. સરલા ઘણી આનાકાની કરવા લાગી. એ જોઇને સરલા બોલી " તું જો આ હાંસડી નહીં લઈશ તો હું સમજીશ કે, તારો મારી ઉપર બીલકુલ પ્રેમ નથી. અને ત્યાં જઇને આ હાંસડી પાછી મોકલાવીશ તો હું સમજીશ કે તું મને વિસરી ગઈ છે."

સરલા અમલાનું ભાષણ સાંભળી નિરૂત્તરજ થઈ ગઈ. અમલાએ સરલાના ગળામાં હાંસડી પહેરાવી અને અશ્રુપૂર્ણ નયનોએ આખરની મુલાકાત લીધી.

આ તરફ ઇંદ્રનાથે ઘાટ ઉપર નૌકા તૈયાર રાખી હતીજ. મહાશ્વેતા, સરલા અને ઇંદ્રનાથ ત્રણે તેમાં બેસતાં તે ઇચ્છામતી નદીના શાંત પાત્ર ઉપર ચાલવા લાગી. કયાંક કયાંક નદીનું પાત્ર ઘણુંજ વિસ્તીર્ણ થયું હતું, નદીની બંને બાજુએ આવેલાં લાંબા લાંબા મેદાનો, અરણ્યો, મોટાં મોટાં ગગન ચુંબિત વૃક્ષો અને મહીં મહીંથી દગ્ગોચર થતી ખેડુતોની ઝુંપડીઓ ઇત્યાદિ સ્વચ્છ ચંદ્રપ્રભામાં ઘણુ જ શોભાયમાન દેખાતાં હતાં. કયાંક કયાંક નદીનુ પાત્ર એટલુંતો સાંકડુ હતું કે બંને કિનારા પરના વૃક્ષની ડાળીઓ એક બીજામાં ભરાઈ–ગુંચવાઇ જવાને

લીધે જાણે કે પ્રેમમાં આવેલાં આ વૃક્ષો પરસ્પર બંધુભાવથી પ્રેમાલિંગન દે છે કે શું ? એમ જણાતું હતું. તે ઘનદાટ પલ્લવરાજીમાંથી મહત્પ્રયાસે માર્ગ કાઢીને નદીના સ્વચ્છ ઉદકમાં ડૂબતી ચંદ્રિકાની જલક્રીડા ઘણીજ મનોહર દેખાતી હતી. તે આનંદથી બેહોશ થઇને ઇચ્છામતિ નદી પણ કલ કલ શબ્દ કરતી વહેતી હતી. તેના પૃષ્ટ ભાગ ઉપર નાનાં મોજાંઓ ઉઠતાં હતાં. આવા પ્રકારની સૃષ્ટિ સુંદરીની આ આલ્હાદજનક અને ચિત્તાકર્ષક શોભા જોતાં જોતાં નદીનો શ્રુતિમનોહર મંજુલ કલરવ સાંભળતાં સાંભળતાં સરલા ગાઢ નિદ્રામાં મગ્ન થઈ. નિર્મળ ચંદ્રપ્રકાશમાં અત્યંત મોહક દેખાતા તેના વદન મંડળ તરફ ઇંદ્રનાથ અનિમેષ નેત્રે એકસરખો જોતો હતો. પ્રાતઃકાળે નૌકા ઇચ્છા મતિના કાંઠે આવેલા એક નાના ગામડા પાસે આવી ઊભી રહી. આ ગામથી સુપ્રસિદ્ધ મહેશ્વરનું મંદીર અર્ધો ગાઉ હતું. તે ગામ નિબિડ અરણ્યથી ઘેરાએલું હોવાને લીધે તેને વનગ્રામ કહેતા હતા. મંદીરમાંથી મહન્ત ચંદ્રશેખર અને બીજા પૂજારી લોકો ઉપરાઉપરી આ ગામમાં આવી રહેતા હતા. ત્રણે જણાઓ નૌકામાંથી નીચે ઘાટ ઉપર ઉતર્યાં અને ધીમે ધીમે ચાલતાં ચાલતાં મહેશ્વરના મંદીરમા આવીને દાખલ થયાં.

પ્રકરણ. ૧૧ મું.

વિમલા.

Now Naught was hard benecath the skies,
The sounds of busy life were still,
Save an unhappy lady's sighs,
That ussed from the lovely Pile.

Mickle.

ઝાડીઓ ઘેરાયેલી શામળ ઝાડીમાં;
  ઉડે આગિઆઓ ઠેર ઠેર. ચોમાસું જામ્યું પુરૂં.
એતો શોભે ધરાને અંબોડલે;
  જાણે ઝબકતાં હોય ઝવેર. ચોમાસું જામ્યું પુરૂં.

(શામળ.)

સંધ્યાકાળ થયો હતો. વિસ્તીર્ણ મેદાનમાં પોતાની પ્રચંડ તટ રૂપી ભુજાઓ પસારીને ઉભો રહેલો "ચતુર્વેષ્ટિત દુર્ગ"—ગઢ અને તે ગઢને શોભાવનારી સુંદર ઉંચી હવેલી આઘે ઉપર દેખાતી હતી. યમુના નદી ગઢની ચારે બાજુએ ઘેરો ઘાલી કલ કલ શબ્દ કરતી વહેતી હતી. ચારે બાજુએ દૂર સુધી પસરી રહેલું લીલા ઘાસથી આચ્છાદિત સુંદર મેદાન ખીલી ખિલ ખિલ હસતું હતું. અખિલ વિશ્વને સૌભાગ્ય દેનારા સૂર્ય નારાયણ ભગવાન તરતનાંજ અસ્તાચળે ગયા હતા; તથાપિ હજુ સુધી પશ્ચિમ દિશા મેઘથી આરક્ત દેખાતી હતી. ગઢના પગથીએ શાંત પ્રવાહે વહન કરનારી યમુના નદીના નીર્મલ અને અગાધ જળમાં તે આરક્ત (લાલ) મેઘનું પ્રતિબિંબ ઘણુંજ મનોહર દેખાતું હતું. ધીરે ધીરે અંધકાર પોતાનો અધિકાર વધારેને વધારે બેસાડવા લાગવાથી, ચારે તરફ પ્રસરી રહેલી નિઃસ્તબ્ધતાનું સ્વરૂપ વધારે ગંભીર થતું ચાલ્યું હતું. વચમાં વચમાં વાયુના સપાટા સાથે આસપાસ ગામમાંની ગડબડનો અસ્પષ્ટ અવાજ અને તેજ મુજબ પોતપોતાના ઘર તરફ ચાલ્યા જતા પરિશ્રાંત ખેડુતોના શ્રમ પરિહાર કરનાર ગાયનની લહેરીઓનો કાનપર આવતા મધુર, મંજુલ સ્વરના પ્રતિધ્વનિ શિવાય બીજો કોઇ પણ જાતનો શબ્દ સંભાળાતો નહતો. સર્વત્ર શાંતતા ભાસતી હતી. કિલ્લાના પછવાડેના ભાગની શોભા તો આથી પણ કાંઈ જુદીજ જણાતી હતી. ત્યાં આ વખતે વિસ્તીર્ણ આમ્રકાનન સિવાય કાંઈ પણ દૃષ્ટિગોચર થતું નહતું. જેમ જેમ ગાઢ અંધકાર વધારેને વધારે

પ્રસરવા લાગ્યો, તેમ તેમ આમ્રવૃક્ષની ઉપર આગિઆઓનાં ટોળેટોળાં ચમકવા લાગ્યાં. આસપાસ, જરા આઘે, નીચે, ઉપર, આમતેમ, તે આગિઆઓનો પ્રકાશ લખલખ કરવા લાગ્યો. કિલ્લાની અંદર એક રમણીય ઉદ્યાન હોઇને, તેના મધ્ય ભાગમાં એક સુંદર સરોવર હતું. સરોવરના સ્વચ્છ સલીલમાં આસપાસના વૃક્ષોની છાયા પ્રતિબિંબિત થઈ હતી. સરોવરની ચારે બાજુએ અનેક પ્રકારના કીડાઓ અને પતંગિઆઓએ પ્રેમભરિત સ્વરે સાયંકાળના કીર્તનનો આરંભ કરી દીધો હતો. કિલ્લાની બહારથી જોનારને ગાઢ અંધકારના પ્રભાવે આ વખતે કિલ્લામાંની હવેલી યા બીજું કાંઇ પણ જો કે બરાબર દેખાતું નહતું; તો પણ તેવા અંધકારમાં તે હવેલીની એક બારીમાંથી દીવાનો સ્વચ્છ પ્રકાશ અને તે દીવાના પ્રકાશમાં હાથ ઉપર ગાલ ટેકવીને બારીમાં ચિંતાસહિત ઉભી રહેલી એક સુદર તરૂણી, સ્પષ્ટપણે દેખાતી હતી. સુંદર આકાશ મંડળમાંના એક તેજઃપુંજ તારા તરફ તે એક દૃષ્ટિથી જોતી હતી. તેના કાળાભોર અંબોડામાં પણ તે તારા જેટલોજ એક તેજઃપુંજ હીરો લખલખ કરતો હતો અર્થાત્ ચમકી રહ્યો હતો.

આ તરૂણીની ઉમર આશરે ૧૭ વર્ષની હશે. આ વખતે તે યૌવનકાળની શરૂઆતમાંજ હોવાને લીધે તેનું સર્વ શરીર અસાધારણ સૌંદર્યથી વિકસિત થયું હતું; પરંતુ આ સાધારણ સ્ત્રી જાતિનું સૌંદર્ય ન હતું. તે રૂપનખીનાં દર્શન લાભથી મનમાં સહસા પ્રેમ વિકારનો સંચાર ન થતાં શ્રદ્ધા, સન્માન અને પૂજ્યબુદ્ધિનોજ પ્રાદુર્ભાવ થતો હતો. તેના શરીરનો બાંધો (Body) સાવ પાતળો નાજુક અને ઉન્નત હોઇને, સુકુમારતા તો તેણીના નખશિખમાં ભરેલી દેખાતી હતી. તેણીનું લલાટ અતિ સુંદર, ઉચ્ચ અને પ્રશસ્ત હતું. આવી જાતનું લલાટ સ્ત્રી જાતિમાં કદિ પણ દેખાઈ આવતુ નથી, અને પુરૂષ જાતિમં

તો કવચિતજ દેખાઇ આવે છે. નેત્ર અતિશય ઉજ્વલ, દષ્ટિ સ્થિર, ઓષ્ટ અત્યંત ચીકણાં અને લાલ હતાં. એકંદરે તેની મુખમુદ્રા ગંભીર, ઔદાર્યસૂચક અને મોટાપણું પ્રદર્શિત કરનારી હતી. આ તીક્ષ્ણ જ્યોતિર્મયી તન્વંગી માનુષી ન હોઇને કોઈ પણ યોગપરાયણ સ્વર્ગવાસી તપસ્વિની માનવજાતીની ઉન્નતિ સાધનાર્થે આ મૃત્યુલોકમાં અવતરી છે. એમ પ્રથમ જોતાંજ જોનારને ભાસ થતો હતો.

તેવા તે નિઃસ્તબ્ધ સાયંકાળના સમયે સ્વચ્છ અને નીલવર્ણના આકાશમાંના તેજઃપુંજ તારા તરફ સ્થિર દષ્ટિએ જોતી, ગવાક્ષમાં ચિંતા સહિત ઉભી હતી. તેણીનું વદનમંડળ પણ સ્વચ્છ અને સુંદર દેખાતું હતું. આકાશનો વિસ્તીર્ણ નીલવર્ણ જેમ જેમ ઘોરતમ અંધકારથી આચ્છાદિત થતું ગયું, તેમ તેમ તે સુંદરીના હૃદયમાંની ચિંતારૂપી રજની વધારે ને વધારે ગંભીર થવા લાગી. તેણીનું પ્રશસ્ત લલાટ ધીમે ધીમે ઘોરતમ ચિંતાથી મલીન થવા લાગ્યું, કપાળમાં આંટીઓ પડવા લાગી, ભ્રકુટી વધારે ને વધારે સંકુચિત થવા લાગી અને આંખોમાંથી અધિક તીક્ષ્ણ અને ઉજ્વલ જ્યોતિ બહાર પડવા લાગી. એટલામાં તે ઠેકાણે એક પુરૂપ આવીને તે પ્રત્યે બોલ્યો. " વિમલા " !

વિમલાએ ગભરાઇને પાછળ જોયું, અને તે કિંચિત્ ઓશિયાળી થઇ. આ પુરૂપનું વય આસરે ૫૦ વર્પનું હશે; પરન્તુ જોનારને તે સાઠથી પણ વધારે વૃદ્ધ લાગતો હતો. તેના માથાપરના ઘણાંક કેસ ધોળા થઈ ગયાં હતાં. વિશાળ ભાલપર ચિંતાની રેખાઓ પડેલી સ્પષ્ટપણે દેખાતી હતી. શરીરની ત્વચા—ચામડી શિથિલ, અને સર્વે શરીર ક્ષીણ થયું હતું. મુખમંડળપર ચિંતા દેવીએ પોતાનું હમેશ રહેઠાણ કર્યું હતું. તેના નેત્રો પ્રથમની માફકજ તેજસ્વી હતાં. તે મોટો ધૂર્ત, મહત્ત્વાકાંક્ષી અને બુદ્ધિનો તીક્ષ્ણ હોઈ ને, જે કાંઈ કરવાનું હોય, તે દૂરપર વિચાર

ફરીને કરનારો હતો. તેનું બધું અંતઃકરણ મોટી મોટી મહત્ત્વાકાંક્ષાની કલ્પનાઓથી વ્યાપી રહેલું હતું. વિમલાના ઓરડામાં આવતાંજ તેણીને ચિંતામગ્ન જોઇને, તે કેટલીક વાર સ્તબ્ધ ઉભો રહ્યો. પછી સસ્મિત વદને હાક મારી. " વિમલા ! "

પિતાને જોતાંજ વિમલાને ચિંતાનું કિંચિત્ વિસ્મરણ થયું અને ચર્યાપરનું ચિંતાપટલ નષ્ટ થઈ ગયું. તે જગોએ પવિત્ર પિતૃપ્રેમનું પ્રતિબિંબ પડી આવ્યું. પિતાજી ક્યારના ઓરડામાં આવીને ઉભા છે, અને તેની પોતાને બિલ્કુલ ખબર પડી નહીં, આ વિચાર મનમાં આવતાંજ તે લજ્જીત થઈ.

વાંચક ! આ વિમલા—તે રાજા સમરસિંહને રાજદ્રોહી ઠરાવીને શિરચ્છેદ કરાવ્યો હતો, અને તેની જગોએ આવનાર આ બંગાળાનો દિવાન—સતીશચંદ્રની પુત્રી હતી. આવનાર સતીશચંદ્ર પોતે હતો. બન્નેનો સંબંધ પિતા પુત્રીનો હતો.

" તું આટલો વખત પોતાનાજ મન સાથે વિચાર કરતી એકલી બેઠી હતી, તારી ઉપર એવું કયું સંકટ—દુઃખ આવી પડયું છે ! " સતીશચંદ્રે પુછ્યું.

" આપ આવતી કાલે અહીંથી જવાના છો, અને મને એકલીને આ ભયાનક કિલ્લામાં કેટલા દિવસ રહેવું પડશે, તેની કોને ખબર ? આપ મને ફરી મળશો કે, નહીં તે પરમાત્મા જાણે ! એને લઇને મારૂં મન છેકજ અસ્થિર થઈ ગયું છે. કેમે કરી મનની ચટપટ શાંત થતી નથી. " વિમલાએ કહ્યું.

" અરે જારે ગાંડી ! એટલુંજ ને ? પછી એની એટલી બધી ચિંતા શા માટે કરે છે ? હું જલદીજ પાછો આવીશ હો. તારા સિવાય અધિક દિવસ રહેવાશે કેમ ? "

"પિતાજી ! આપનો મારાપર અતિશય પ્રેમ છે, તેની મને ખબર છે. ખરેખર કોઈ પણ પિતા પુત્રી ઉપર એટલો બધો પ્રેમ નહીં રાખતો હોય !"

"પછી આટલી ચિંતા કેમ કરે છે ? હું કાંઇ આજેજ જાઉં છું ? દરવર્ષે એક વાર રાજધાની જવું પડે છે. આજ વખતે તુ એટલી દુઃખી કેમ થાય છે ?"

"હા, આપ દરવર્ષે જાઓ છો ખરા, પરન્તુ તે વખતે મને એવું ક્યારે પણ થયું નહતું. શું હશે તે હો. આજ મારા મનને ઘણોજ ભય લાગે છે. પિતાજી ! આપને મારા ગળાના સમ છે. તમે ઘેરજ રહો, કયાંએ જશો નહીં."

આખરના શબ્દો વિમળાના મુખમાંથી ઘણાજ ધીમે નીકળ્યાં. પરંતુ તે સાંભળતાંજ સતીશચંદ્રના હૃદયમાં ધ્રાસકો પડયો. ભયથી તેની છાતી ધડકવા લાગી. ઘણોક વખત સુધી તે સ્તબ્ધજ ઉભો રહ્યો, પશ્ચાત્ બોલ્યો.

"મારા પ્રિય બાળ ! તું વ્યર્થ શા માટે ચિંતા કરે છે. મારે રાજધાની તો જરૂર જવુંજ જોઇએ, ગયા સિવાય છુટકો નથી. તે તું જાણે છે. મારા જવાના સમયે તુ આવી રીતે અશુભ પ્રકારથી રડીશ નહીં બેટા."

"પિતાજી, પિતાજી ! હું તમારે પગે પડું છું. તમે અહીંથી ક્યાંએ જશો નહીં. કાલે રાત્રે મને એક સ્વપ્ન આવ્યું હતું. તેમાં મારી માએ આવીને મને કહ્યું કે, "બેટા ! સાવધાન રહે, ઘોર સંકટ આવનાર છે." તે સમયનું તે મ્લાન મુખ, આંસુઓથી ખૂબ ભરેલા નેત્રો, ભયથી કાંપતું શરીર એ હજુ પણ કેવા મારી આંખો સામે દેખાય છે. મેં શું પાપ કર્યું છે, કાંઈ સમજાતું નથી. ક્યા ઘોર પાતકથી મને માતૃસુખમાં અંતરાય પડો છે. કાંઈ ખબર પડતી નથી. તેમજ આગળ

ઉપર કયું ઘોર સંકટ આવવાનું છે, તે પરમેશ્વર જાણે ! પિતાજી! મારી એટલી વિનંતિ સાંભળો. હું આપની સામે ખોળો પાથરૂં છું, હાથ જોડું છું, તમે ક્યાંએ જશો નહીં. તમે અહીંથી ગયા એટલે ફરી કોઈ મને મળનાર નથી." એમ બોલતાં બોલતાં તે પિતા પાસે ગઈ, અને તેના હૃદય ઉપર માથું મુકી એક સરખી આંસુ ઢાળવા લાગી. જાણે બન્ને આંખોમાંથી શ્રાવણ ભાદ્રવાનું જળ જતું હોય !

આ વખતે જો વિમળાની મનઃસ્થિતિ શાંત હોત, તો તેના પિતાનું શ્યામ બનેલું મુખ તેને તત્કાળ દેખાઈ આવત. વિમળાની સ્વપ્નની વાત સાંભળીને તે કાળો ઠીકરા જેવો પડી ગયો હતો. જાણે કોઈ ભયંકર ગઈ વાતનું સ્મરણ થયું હોય ! જાણે કોઈ ભયંકર પાતકનું પ્રાયશ્ચિત ભોગવવાનો આરંભ અત્યારથી થઇ ચુક્યો હોય ! વિમળા પિતાના વક્ષઃસ્થળપર માથુ મુકીને એક સરખી ડચકાં ખાતી હતી, રડતી હતી. પરંતુ તેનું શાંત્વન કરવાનું સતીશચંદ્રને ધૈર્ય નહતું થતું. કેટલીક વાર પછી મનોનિગ્રહ કરીને, પોતાના મનની ચળવિચળતાની જાળને સંકેલીને, તે બોલ્યો. " વિમલા ! તું નકામી ગભરાય છે. તું આખો દિવસ ભલતીજ ચિંતા કરતી બેસે છે, તેથીજ તને આવાં ભયંકર સ્વપ્નાં આવે છે. તે કેટલાક દિવસથી હું જોઉં છું. તું એવીજ હમેશાં ચિંતામગ્ન હોય છે. તું એટલી ચિંતા શા માટે કરે છે ?"

" પિતાજી ! જેને માટે તમો મને પુછો છો, તેને માટે હું તે કહું છું. તેમજ તમારાથી ગુપ્ત રાખવા યોગ્ય મારી શી વાત હશે ! મારી ચિંતાનું કારણ તમે પોતે જ છો. આજથી આશરે એક મહિનાથી હું આપને કોઇ પણ ઘોર દુઃખમાં યા ચિંતામાં મગ્ન થયેલા જોઉ છું. દિવસે દિવસ આપની તે ચિંતા વધેજ જાય છે. ભોજન સમયે ખાવા પીવા તરફ આપનું લક્ષ્ય બીલકુલ નથી. રાત્રે આપને સારી ઉંઘ પણ આવતી

નથી. જ્યારે જ્યારે થોડી આવી તો તેમાં આપને નહીં નહીં જેવા અનિષ્ઠ સ્વપ્નાં આવે છે. દિવસ સમયે ઘણીક વખતે મેં આપની અજાણમાં ઓરડામાં આવીને આપને ચિંતામગ્ન બેઠેલા જોયા છે. તેજ મુજબ પુષ્કળ પ્રસંગે રાત્રીના સમયે પણ આપના સુવાના ઓરડામાં જઇને પથારી પાસે આપનું મુખ જોતી ઉભી રહેલી છું. મેં જ્યારે આવી રીતે આપની અજાણમાં આપના મુખ તરફ જોયું છે, ત્યારે ત્યારે અનિષ્ટ સ્વપ્નાંને લીધે આપનું લલાટ સંકુચિત થયેલું અને મુખ મ્લાન બનેલું, આ મારા નેત્રોને દેખાયું છે. કઈ ઘોરી ચિંતાથી આપને આ યાતનાઓ ભોગવવી પડે છે? નાનો જમીનદાર એટલુંજ નહીં પણ એકાદ દરિદ્રી ખેડૂત પણ દિવસ પરિશ્રમ પછી રાત્રે સુખે સુઇ જાય છે, અને બંગદેશના રાજાધિરાજ દિવાનબહાદુર સતીશચંદ્રને સુખે પલક ભર પણ નિદ્રા ન મળવી જોઇએ!"

વિમલા સ્થિર સ્વભાવે બોલીને, ક્ષણભર સ્તબ્ધ રહી. પિતા મારૂં કહેવું શાંતપણે સાંભળી લે છે. એમ જોઇને તે આગળ બોલવા લાગી. "પિતાજી! ગયા મહિનાથી આપની પાસે એટલા ગુપ્તચરો કેમ આવે છે? જેટલા ગુપ્તપણે આવે છે તેટલાજ ગુપ્તપણે કેમ પાછા જાય છે? બંગદેશના દિવાનને કામની માથાફોડ ઘણી હોય છે, એ ખરૂં; પરન્તુ રૈયતના સુખવિષયે પ્રયત્ન કરવો, અપરાધીને શાસન કરવું અને રાજ્યની આબાદાની કરવી, એજ જે કાર્યના ઉઘાડાં ઉદ્દેશો છે, તે કાર્ય અર્ધી રાત્રે ઓરડાના કમાડ બંદ કરીને ગુપ્તચરો સાથે મસલત-સલાહ કરી સફળ થશે કે? મારા સરખી તુચ્છ છોકરીએ નકામી ઉપાડ લે કરવી ઉચીત નથી, અને આ અપરાધની તાતજી! મને ક્ષમા કરો. મને અધિકાર નથી કે, મારે આપને આવું કહેવું જોઇએ. પણ આપ થોડો વિચાર કરી જુઓ. દુષ્ટ સ્વભાવી સર્પની ગતિ વાંકી હોય છે, અને ઉદારચિત્ત મનુષ્યની ગતિ છેકજ સરળ હોય છે. જેનું ચરિત્ર સરળ, જેનો ઉદ્દેશ સરળ, તેનો માર્ગ પણ સરળજ હોય છે.

વાંકી કદિ પણ હોતી નથી. પિતાજી ! આ છોકરીની વાત સાંભળો. કપટી લોકોનો સંગ છોડી દ્યો. ધર્મમાર્ગનું-સરળ માર્ગનુંજ અવલંબન કરો; એટલે આપને કોઇનો પણ ભય લાગવાનો નથી અને કાંઈ પણ ચિંતા રહેશે નહીં. પાપપંથ હમેશાં ભયાવહ છે, પરન્તુ ધર્મપંથ હમેશાં સરળ, નિષ્કંટક અને નિર્ઘોક છે."

બોલતાં બોલતાં વિમલાનું વિશાળ ભાળ, અને વદનમંડળ અધિક દેદીપ્યમાન થયું. તેના નયન યુગલની દૃષ્ટિ વિશેષ ઉજ્વલ દેખાવા લાગી. વિમલાનો અત્યંત પ્રેમ પોતાના પિતા ઉપર હતો; તથાપિ તેના હૃદયમાં નૈસર્ગિક સૌજન્ય અને ધર્મબળ વિરાજમાન હોવાથી, અસંખ્ય લોકોની ભરેલી રાજસભામાં પણ જેણે પોતાની વાક્પટુતાને માટે હજારો વખત પ્રશંસા મેળવી હતી, તેજ સતીશચંદ્ર આજે સત્તર વર્ષની બાલિકા સામે નિરૂત્તર થયો !

"પાપપંથ હમેશાં ભયાવહ છે, ધર્મપંથ સરળ, નિષ્કંટક અને નિર્ઘોક છે" એમ મુખથી બબડતો સતીશચંદ્ર ત્યાંથી બીજી તરફ નિકળી ગયો.

પ્રકરણ ૧૨ મું.

શાંતિકુંજની સુંદરી.

મોગરાનો મંડપ હતો, ને તે નીચે ઉભી હતી;
જાણે ફૂલની લટકતી સેર, આસપાસ અજવાળાં ઉગતાં.
ને દિશ દિશમાં વસંત ઢોળાતી.

ક્યારે ક્યારે કળીઓ ઉઘડતી હતી, પત્રે પત્રે પુષ્પ પ્રગટતાં હતાં;
ફૂલના સરોવર સરીખડી વાડીમાં, તે વાડી જેવી વિરાજતી.

રૂદ્રપુર ગામમાં મહેશ્વેતા અને તેની દિકરી એ ઉભય ત્યાં રહેતા હતાં. તેની આસપાસ કાંટાની નાની સરખી વાડ હતી, તેમાં આંબા અને આંબલીના પાંચ ચાર ઘટાદાર વૃક્ષો આવી રહ્યા હતાં. એ વૃક્ષોને લીધે ઝુંપડી જાણે એક ન્હાનકડા કુંજ જેવી લાગતી હતી.

સરલાએ ફૂલઝાડો અને કેટલાક ફળઝાડો ઘરની પાસેના ઉદ્યાનમાં લગાડેલાં હતાં. એક ન્હાનો જેવો માંડવો પણ તેને બનાવ્યો હતો. ચારે તરફ ગુલાબ, મોગરો અને ચંબેલી તેમજ બીજી જાતના ફૂલઝાડોનાં કુંડાં મુકી ઉપર તાર બાંધી ન્હાનકડો માંડવો બનાવ્યો હતો. તેની ઉપર આંબાનું ઝાડ આવી જવાને લીધે શ્રમ પરિહારક શીતળ છાયા ઘણીજ સરસ થઇ હતી. મહાશ્વેતાને જ્યારે જ્યારે પોતાની પૂર્વસ્થિતિ સાંભરી આવતી, ત્યારે ત્યારે તે આ ન્હાના જેવા માંડવાની નીચે આવી બેસતી અને ચિત્તના ઉભરા ખાલી કરતી અને શાંત થતી. સરલા અને અમલા તો અવાર નવાર ત્યાં આવી બેસતી, કામ કરતી કરતી આનંદ અને વિનોદમાં દિવસ નિર્ગમન કરતી હતી. એ કુંજ એવું હતું કે જાણે એક વૃંદાવનની નાની સરખી કુંજ જેવું જણાતું હતું. અર્થાત્ શાંતિકુંજ.

આજે સરલા એકલીજ તે મંડપ નીચે ઉભી હતી, તેનું મુખ જરા મ્લાન દેખાતું હતું. કોણ જાણે કઈ ચિંતાને લીધે તે વિચારમાં મગ્ન થઈ હતી. તે કાંઇ જણાતું નથી. સમય સાંજનો છે, વસંત ઋતુ ચાલતી હોવાને લીધે વૃક્ષોના જુનાં પાંદડાઓ ખરી જઈ વૃક્ષો ઉપર નવીન પાંદડાઓ અને નાની નાની કુંપળો દૃષ્ટિગોચર થાય છે. આંબાના ઝાડો ઉપર મોર લદબદી રહ્યો છે, તેથી તેની શોભામાં ઘણોજ વધારો થયલો જણાય છે. વચમાં વચમાં પવનના સપાટા સાથે ગુલાબ અને બીજાં વૃક્ષોનો પરાગ—પવનમાં ફેલાઈ વાયુમાં મળી જઈ મંદ મંદ સુગંધમય પવન વાય છે.

આવામાં ઈંદ્રનાથ ત્યાં આવી ચડયો. સરલાની આવી સ્થિતિ જોઈ તેના વિચારોના ઘટમાળની ભાંજફોડ થવા લાગી. આજે આના મનમાં એટલી બધી ચિંતા કઈ આવી પડી છે ? તેનો તે તર્ક કરી શક્યો નહીં. તે સરલાને બોલાવા જતો હતો તેટલામાં મહાશ્વેતાએ તેને બોલાવી લેવાથી તે ઘરમાં ચાલી ગઈ. ઈંદ્રનાથ વિચાર તરંગોમાં વિચરતો બીજી તરફ ચાલ્યો ગયો.

વાંચક ! આપ સમજી ગયા હશો કે, શાંતિકુંજની સુંદરી કોણ ? હા એજ. સરલા તેજ શાંતિકુંજની સુંદરી છે. બંગાળાના માનવંતા મર્હુમ દિવાન રાજા સમરસિંહની પુત્રી તે સરલા છે. ઈંદ્રનાથ ઉર્ફે સુરેન્દ્રનાથ ઈચ્છાપુરના જમીનદાર નગેન્દ્રનાથનો પુત્ર, આ ઉભય પ્રેમી યુગલ આ વાર્તાના નાયક નાયિકા છે. અને શાંતિકુંજની સુંદરી તે બીજી નહીં; પરંતુ સરલા છે. અને હવે તેને આપણે આગળ ઉપર એજ નામાભિધાનથી ઓળખીશું. અત્યારે તો આપણે દિવાન સતીશને ત્યાં જઈ અને તેની ચર્ચા જોઈએ.

પ્રકરણ ૧૩ જું.

પાપમય અંતઃકરણ.

Try what repentance can; What can it not ?
Yet what can it when one Camot repent ?
O wretched state ! O bosom black as death !
O limed soul that struggling to be free,
Art more engaged, Help angelo, make assay !
Bow stubborn knees ! and hearts whith strings of steel,
Be soft as sinews of the new born bade,
All may be well.

Shakespeare.

આહા! કેવું સ્મરણુ મધુરૂં પાપનું એ ધરે છે!
માશી પામ્યું કુદરતી કને એમ માની રમે છે!

કલાપી.

વિમળાના ઓરડામાંથી બહાર પડીને સતીશચંદ્ર એકદમ પોતાના દિવાનખાનામાં પેઠો. સ્વામીની પાદસેવા કરવાને માટે એક ચાકર અંદર આવ્યો. સતીશચંદ્રે તેને કહ્યું કે, "જા શકુનીને બોલાવી લાવ" આજ્ઞા પ્રમાણે ચાકર તત્કાળ ત્યાંથી નિકળી ગયો.

વાંચક! આ શકુની કોણુ? એ જાણુવાનું આપને મન થયું હશે. તેની ઓળખાણુ સમયે આવે પડશે. પણુ અત્યારે તો એટલું જાણો કે, શકુની સતીશચંદ્રનો ખાસ સલાહકાર હતો, અને તેજ ઘણી ભૂમિકાઓ ભજવશે.

સતીશચંદ્રનું દિવાનખાનું પ્રશસ્ત હોઇને, ઉત્તમ પ્રકારે શણુગારેલું હતું. જમીનપર નાના પ્રકારની કારિગરીથી સુશોભિત મૂલ્યવાન્ ગલીચો પાથર્યો હતો. દરેક દરવાજાપર અને દરેક બારીપર, સુગંધમય પુષ્પમાળાઓ લટકતી હતી. જગોએ જગોએ ફૂલોના ગુચ્છ, અને માળાઓ શોભતી હતી. વચમાં એક સુગંધિ તેલનો દીવો બળતો હતો. દિવાની ચારે બાજુએ ઉત્તમોત્તમ પુષ્પ ગુચ્છ માંડેલા હતા. સતીશચંદ્રની બેસવાની જગોએ એક અતિશય મૂલ્યવાન કિનખાબ–મખમલની ગાદી બીછાવેલી હતી. એવા તે સુંદર દિવાનખાનામાં બહુમૂલ્ય આસન ઉપર આરૂઢ થયેલો બંગદેશનો મહાપરાક્રમી, અતુલૈશ્વર્યસંપન્ન રાજાધિરાજ દિવાન સતીશચંદ્રનું મન આજે વિષાદમાં કેમ છે; વારૂ?

આમારા વાંચકોમાંથી સુદૈવે કહો કે, દુર્દૈવે કહો, મારા સરખાંજ નિર્ધન છે, તેમને વિલાસી શ્રીમંત જનોની શ્રીમંતાઈનું સુખવિ-લાસ જોઇને મનમાં ઘણો કકળાટ પેદા થતો હશે; પૈસોજ સુખનું મૂળ છે, એવું જેનું મત સ્થાયી થયેલ છે, તેઓએ ક્ષણુભર અમારી

પાછળ આવીને લક્ષાધિપતિ સતીશચંદ્રની અંતઃસ્થિતિ તરફ જોવું, એટલે તેના મનનો કકળાટ તત્કાળ શાંત થશે. પૈસાનો લોભ પોતાની મેળે દૂર થશે.

સતીશચંદ્રનું હૃદય પાતકથી કલંકિત થયું હતું. ઘોર પાપરૂપ અંધકારથી ભરાઇ ગયું હતું. કદાપિ ના કહેવામાં આવે તો, વિમળા ઉપરના નિર્મળ સ્નેહનું એક ઝીણું પુણ્યકિરણ તે પાપાંધકારમાં ચમકતું હતું. પોતાની સદ્‌ગુણી પુત્રી ઉપર સતીશચંદ્રનો પ્રેમ પ્રાણથી પણ અધિક હતો. તેણે તેનું અત્યંત પ્રેમપૂર્વક લાલનપાલન કર્યું હતું. પત્નીનો ચીર વિયોગ થયો તે દિવસથી તો સતીશચંદ્ર વિમળાની સાથે ઘણીજ મમતાથી અને છુટથી વર્તતો હતો. સંસારમાંની દરેક વાત તે તેના કાન ઉપર નાંખતો હતો. તેની સલાહ લેતો, અને એનેજ લઇને વિમળા પણ ક્યારે ક્યારે પોતાના પિતાને એકાદ મિત્રની જેમ—બંધુની જેમ ઉપદેશ કરતી. તેનો પણ પિતા ઉપર અત્યંત પ્રેમ હતો. પિતાના સુખવર્ધન સિવાય તેને બીજી કાંઇ પણ લાલસા નહતી. તે અત્યંત સુશીલ ધર્મપરાયણ માનિની હતી. પિતાનું કપટ આચરણ દેખતાંજ તે ઘણી ખિન્ન થતી હતી. જેમ પ્રકાશની સામે અંધકાર ટકી શકતો નથી, સત્ય અને સરળતા સામે પાપ અને કપટ ભયભીત થાય છે— તેમ વિમળાની સામે સતીશચંદ્ર છેક નિરૂત્તર થતો હતો. સતીશચંદ્રનું ચરિત્ર પાપથી કેટલું બધું કલંકિત થયું છે, તેની પૂર્ણપણે વિમળાને ખબર ખબર નહતી; એટલુંજ નહીં પણ પોતાના પિતાનું અંતઃકરણ પાપપૂરિત છે, એવો વિમળાના નિર્મળ હૃદયને હજુ સુધી સંશય પણ આવ્યો નહતો! તથાપિ અત્યારે તેને પિતાના વર્તન સંબંધી શંકા આવવા લાગી હતી, અને તેને લઇને અંત્યારે તેનું અંતર હૃદય દગ્ધ થતું હતું.

આ દોરંગી દુનિયામાં ક્યારે ક્યારે એકાદ વિવક્ષિત વાતથી અથવા એકાદ યુક્તીથી, અગર એકાદ ગાયનથી એકાએક આપણુ હૃદયનું કપાટ

ઉધડે છે. સમુદ્રના તરંગોની જેમ અનંત ચિંતાની લહેરીઓ ઉત્પન્ન થાય છે, અને તેને લીધે હૃદય ભરાઈ આવે છે; અને ભૂતકાળની વીતક વાર્તાઓ નજર સામે આવી ઉભી રહે છે. સ્નેહવતી કન્યાના સસ્નેહ તિરસ્કાર વચનોનો સતીશચંદ્રના હૃદયપર તેવુંજ પરિણામ થયું. ચિત્તના દુઃસહ્ય તાપથી તેનું હૃદયકેન્દ્ર વ્યથિત થયું. હજારો પાછળની વાતો યાદ આવવા લાગી. બાળપણાની ક્રીડા, બાલ્યકાળનું વિદ્યાધ્યન ઇત્યાદિક વાતોનું ધીમે ધીમે તેને સ્મરણ થવા લાગ્યું. વિદ્યાના પ્રારંભકાળની વાતો તેને હવે યાદ આવવા લાગી, પોતાના બરોબરીના વિદ્યાર્થીઓ સાથે નિશાળમાં જનારો, રજા પછી નિષ્પાપ, નિશ્ચિંત ચિત્તે તેઓ (વિદ્યાર્થીઓ) ની સાથે ક્રિડા–વિનોદ કરનારો, તે વિદ્યાર્થી દશામાંનો સતીશચંદ્ર આજે સમસ્ત બંગદેશનો દિવાન થયો છે! લાખો–કોટયાવધિ રૂપિયા તેના ભંડારમાં પડયા છે; પરંતુ તે લાખો પયા ખર્ચ કરતાં પણ ફક્ત એકજ પળ તે બાલ્યકાલીન નિષ્પાપી અને નિશ્ચિંતચિત્ત ફરીને મેળવી શકાશે કે? બાલકપણું અને વિદ્યાર્થિદશા પૂર્ણ થઇ. યુવાનીનો પ્રારંભ થયો. આ તારૂણ્યપણાનું સ્મરણ આજે સતીશચંદ્રને ઘણું કષ્ટ આપવા લાગ્યો. વિદ્યાનો ગુમાન, ત્યાર પછી સંપત્તિનો મદ, તત્પશ્ચાત્ ભયંકર મહત્ત્વાકાંક્ષા–તે યૌવનકાળની મહત્વાકાંક્ષાએ આજે આ વિષમય ફળો નિર્માણ કર્યાં!

ત્યાર બાદ પ્રજારંજક મહાનુભાવ વીર પુરૂપ રાજા સમરસિંહના વધની વાત સતીશચંદ્રના પાતકી અંતઃકરણમાં આવી ઉભી રહી. જે મહાત્મા બંગદેશનો કેવળ સ્તંભરૂપ હતો, જે જમીનદારોના મોટાભાઇની જગોએ હતો, સમસ્ત પ્રજાના પિતાને સ્થાને હતો, તે સમરસિંહનો કપટથી પોતે વધ કરાવ્યો. રાજા સમરસિંહનું રક્તથી ખરડાયેલું શિરકમળ આંખો સામે ઉભું રહેતાંજ સતીશચંદ્રના શરીરને કંપારી છુટી તેનું હૃદય ધડધડ ઉડવા લાગ્યું. "પાપના પ્રાયશ્ચિત્તને

હવે વિલંબ નથી." એ શબ્દો જાણે તે મસ્તક ગુસ્સાથી આંખો લાલ કરીને અત્યંત તીવ્ર દષ્ટિથી મારી તરફ જોઈ ઉક્ત વાક્ય ઉચ્ચારે છે. એવો **સતીશચંદ્ર**ને ભાસ થઈને તેના સર્વાંગપરથી દડદડ કરતો પરસેવો છુટયો. હવે તેનાથી સામે જોઈ શકાતું નથી. એકદમ દીપ-પકને રજા આપીને તેણે અંધકારજ અંધકાર કર્યો. મૂર્ખ નહીં તો સ્મૃતિનો દીપક એટલો વ્હેલો શા માટે ઓલવી નાંખે છે ?

ઘોર અંધકારમાં બેસીને **સતીશચંદ્ર** એવો શા બાબતનો વિચાર કરતો હતો? કોઈને તેના વિચારનો પત્તો લાગે છે? હજાર વિંછી-ઓના ડંખથી પણ તેના અંતઃરણનો તાપ અધિક કલેશદાયક હતો. તીવ્ર વેદનાથી અસ્થિર થઇને તે પોતાથીજ બોલવા લાગ્યો. "શું મારા આ પાપનું પાયશ્ચિત કાંઈ નથીજ? જો હશે તો હૃદયમાંનું લોહી વહેવરાવીને પણ હું મારા પાપને ધોઇ નાંખીશ. નારાયણ! દયા કર. હવેથી હું મારી પુત્રીના ઉપદેશ મુજબ મારૂં વર્તન રાખીશ. આગળ ધર્મ માર્ગનુંજ અવલંબન કરીશ. ખરેખરૂં કહીને હું મારો અપરાધ કબૂલ કરીશ અને ક્ષમા માગીશ. જો ક્ષમા નહીં મળી તો હું મરવાને પણ તૈયાર છું; તેનાથી મારા પાપનું ક્ષાલન થાઓ!"

સતીશચંદ્ર આ પ્રમાણે અંતર તાપથી પીડિત થઈને પશ્ચાત્તાપ કરે છે. એટલામાં **શકુની** દિવાનખાનામાં પ્રવેશ કરીને બોલ્યો. "આ શું અંધારામાં એકલાજ કેમ બેઠા છો?"

"પ્રકાશ મારાથી સહન થતો નથી. દુર્ભેદ્ય અંધકારે આ સર્વ અંતઃકરણ વ્યાપ્ત કરી નાંખ્યું છે. મારો જીવનરૂપ દીપક પણ હવે જલદીજ ઘોર અંધકારમાં લીન થશે. અવનીરૂપ રંગભૂમિ ઉપરનું હવે મારૂં કામ ઘણુંખરૂં પૂરૂં થઇ ચુક્યું છે." **સતીશચંદ્રે** ગંભીર સ્વરે ઉત્તર આપ્યો.

આ ઉપર શકુની કાંઇ પણ બોલ્યો નહીં. ચાકરને દીવો લાવવા માટે ઇસારો કર્યો તે પ્રમાણે ચાકર દીવો લાવ્યો.

"શકુનિ ! તારા કહેવાથીજ મેં આ કામ કર્યું છે; પરન્તુ તેનું ફળ શું થયું છે ? પરલોકને તો હું પ્રથમજ અંતરી ચુક્યો છું, અને હવે આ લોક પણ છુટવાની વારી આવી છે ! આ ઘોર પાપ સમુદ્રમાં તેંજ મને ડુબાવ્યો છે ! તારે લીધેજ મેં પોતાપર આ ભયંકર સંકટો ખેંચી લીધા છે. હવે તું બીજું શું કરનાર છે ? મારૂં તો સર્વસ્વ નષ્ટ કર્યુંજ ! જા, ફરી હવે કોઇ વૈભવશાળીનો સત્યાનાશ કરવાના કામે લાગ ! હું પણ આ ઘોર પાપને જો કોઈ પ્રાયશ્ચિત હશે, તો તે લેવાને માર્ગે લાગું છું !"

માલેકનાં આ ગંભીર શબ્દો સાંભળી શકુની ચકિત થયો. આજ કાંઇ જુદોજ પ્રકાર છે. આ તે ધૂર્ત જંબુકે તત્કાળ જાણીને પોતાની આંખોમાં બે ચાર કપટાશ્રુ લાવીને ગદ્દગદ્દ સ્વરે બોલ્યો. "માલેકની મારા ઉપર પૂર્ણ કૃપા દૃષ્ટિ રહેવી, એજ કાંઈ માલેકના ઉત્કર્ષકાળે મારી અભિલાષી હતી. આજે જો ખરેખર મારા માલેકપર એકાદ મહત્પ્રસંગ ગુજર્યો હશે, તો તેમાં પણ માલેક સાથે ભાગ લેવાને આ બંદો એક પગે તૈયાર છે."

"શકુની ! તું મીઠા બોલો છે. એવા અંતઃકરણને વિધાતા એટલી બધી મધુર જીવ્હા કેમ આપે છે, કાંઇ સમજાતું નથી."

"હું મહાપાતકી છું, એ ખરૂં, કદાચ તેમ ન હોત તો સ્વામિભક્તિનો આવો બદલો શા માટે મળત ?" એટલું બોલીને શકુનીએ ફરી બે ચાર આંસુઓ પાડયાં. એ જોઇને સતીશચંદ્ર કાંઇક શાંત થઇને બોલ્યો " મારીજ ઉન્નત્તિ અર્થે તું રાતદિન પ્રયત્ન કર્યા કરે છે, તેની મને ખબર છે. પરંતુ પાપ માર્ગમાં સર્વદા ભયજ હોય છે. તે પાપપંથ (રસ્તા) સિવાય ઉન્નતિ કરી લેવાનો બીજો માર્ગ ન હતો કે ?"

પાડેલાં આંસુઓ છેકજ નિષ્ફળ થયાં નથી. એમ જોઇને શકુની સદ્ગદિત કંઠે બોલ્યો. " સ્વામિભક્તિ એ જો પાપ હશે, તો ખરેખરજ હું પાપિષ્ટ છું. તેથી બીજા પાપની મને ખબર નથી. "

" નથી ખબર ? બંગચૂડામણિ રાજા સમરસિંહનો ઘાત કરવા માટે મારા કાનમાં કોણે ઝેર રેડયું ? "

" રાજાજ્ઞાએજ તેનો વધ થયો છે."

" સારૂં, તેની જમીનદારીનો અત્યારે કોણ ઉપભોગ લે છે ? "

" બંગાળાના સુબેદારે સ્વઇચ્છાએ જે કાંઇ કોઇને આપ્યું છે, તેને સ્વીકારવું એ તેનું કર્તવ્ય છે. "

"શકુની ! હવે વધારે મીઠું મીઠું બોલીને મારી બુદ્ધિને ભુંડી પાડીશ નહીં. આજે મારા જ્ઞાનચક્ષુ ઉઘડયાં છે, અને તે દ્વારે મને મારા હૃદયમાં એટલો અંધકાર, એટલું પાપ દેખાય છે, કે તે તરફ મારાથી જોવાતું પણ નથી ! આજે મારી કન્યાએ ઉપદેશામૃત પાઇને મને શુદ્ધિપર લાવી છે. " એટલું બોલીને સતીશચંદ્રે વિમળાના મેળાપની હકીકત શકુનીને કહી.

તેપર શકુની કાંઇ ધિક્કારના અવાજે બોલ્યો. "બંગદેશના રાજાધિરાજ દિવાન સતીશચંદ્રને એકાદ ક્ષુદ્ર છોકરીના ભાષણથી એટલું ભય લાગવું જોઇએ ? "

" પણ બાલિકા જો ખરૂં કહે, તો તે બાલિકાના મુખમાંથી નિકળેલા વચનો છે, એમ માની તેનું ઉપહાસ્ય કરવું, તે છેકજ મૂર્ખપણું છે. પાપપંથ હમેશાં અનિષ્ટકરજ છે. એ હું એટલા દિવસોમાં આજે જાણી શક્યો છું."

" સારૂં, પણ હું પુછું છું કે, આપપર એવું કયું સંકટ આવ્યું છે?"

" રાજા તોડરમલ્લે પ્રથમથીજ બંગાલ અને બહાર દેશ પાદાક્રાંત કરીને, પાછા દિલ્હી ગયા, તે વાતને આજે ૭ વર્ષ થયાં છે. તોડરમલ્લ

દિલ્હી જતાં ન જતાં પુણ્યાત્મા સમરસિંહનો મેં કપટથી વધ કરાવ્યો. આ દુષ્ટ કાર્યમાં તેંજ મને પ્રવર્ત્તાવ્યો હતો."

"દિલ્હીના બાદશાહના બંગ અને બહાર દેશના સેનાપતિ મના-ઇમખાને સમરસિંહને પ્રાણુદંડની શિક્ષા કરી."

"તે ખરૂં. પરંતુ તે આપણુંજ કાળાં કૃત્યોથી બની આવ્યું. ત્યાર પછી બે વર્ષે રાજા તોડરમલ્લે બીજી વાર બંગ જીત્યો, ત્યારે સમરસિંહના વધ વિષયે આપણુને કેવી કેવી ખોટી વાતો કહેવી પડી, અને જીવ બચાવવાને કેટલો ભગીરથ પ્રયત્ન કરવો પડયો તે તને સાંભરતુંજ હશે?"

"સારૂં, આગળ?"

"આગળ શું? હવે રાજા તોડરમલ્લ બંગદેશના સેનાપતિ અને સુબેદાર થઇને ફરી મુંગેર આવે છે. હવે આપણો કાંઇ નિભાવ લાગવાની આશા નથી."

"જે કૌશલ્યથી આજ સુધી આ વાત છેકજ ગુપ્ત રાખતાં આવડી, તે કૌશલ્ય હવે શામાટે વ્યર્થ થશે?"

"દૂરદર્શી તોડરમલ્લ સામે મારૂં કૌશલ્ય ટકવાનું નથી. તેં તેઓને પૂર્ણપણે ઓળખ્યા નથી."

પણ એજ દૂરદર્શી રાજા એક વખત આપણા કૌશલ્યથી ચ-કિત થયો છે."

"હા, એ ખરૂં. પણ ત્યારે તે એક બે મહિના માટે આવ્યો હતો. આ વખતે સુબેદાર થઈને આવે છે. તેને લીધે તેઓનો ઘણુ દિવસ સુધી મુકામ થશે. શકુની! હવે તારાથી મારૂં મન વાળવાનો પ્રયત્ન થનાર નથી. હું તેની પાસે જઈને બધી હકીકત ખરેખરી કહીશ, અને તેની ક્ષમા માગીશ. તેઓએ મને એકવાર ક્ષમા કરી છે. તેવીજ રીતે આ વખતે પણ કરશે; એવો સંભવ છે. પછી હું આ પાપ-

પૂર્ણ સંસારમાં રહેવાનો નથી. યોગી થઇને આ ઘોરપાપનું પ્રાયશ્ચિત્ત ભોગવવાનો આરંભ કરીશ."

"ખરી હકીકત નિવેદન કરવાથી આપ ઇચ્છાનુસાર આ સંસારનો ત્યાગ કરી શકશો નહિ. પોતાના પ્રિયમિત્ર સમરસિંહની હત્યા કરનારને રાજા તોડરમલ્લ કઇ શિક્ષા કરશે, એની આપને કલ્પના કેમ નથી થતી?"

શકુનીનું મર્મભેદક ભાષણ સાંભળતાંજ સતીશચંદ્રનું કાળજું ચરર થયું. તે કાંઇ પણ બોલ્યો નહીં, શકુની કહે છે તે ખરૂં છે, એમ તેને લાગ્યું. આપણું કારસ્થાન જો કદાપિ ગુપ્ત રહેવાનો સંભવતો છે; પરંતુ એકવાર તે ઉઘાડું પડયું એટલે પ્રાણરક્ષણની યત્કિંચિત્ પણ આશા નથી. વિચાર કરીને તે બોલ્યો. શકુની! તું તો મારા કરતાં પણ પાપીષ્ટ છે! પરંતુ તું મૂર્તિમંત પાપ હોઇશ તોપણ મને હવે તારી સલાહ મુજબ ચાલ્યા વિના છુટકો નથી."

"મારી સલાહ શું? આંપના સરખા ચતુર બુદ્ધિવાન મુસદ્દીને હું શું સલાહ આપનાર! પરંતુ આપ વિચાર કરો કે, આજે આપના જીવ ઉપર એવો કોણ ઉદાર થયો હશે કે, જે બંગદેશના દિવાન બહાદુર સતીશચંદ્રની વિરૂદ્ધ સુબેદાર પાસે તેની ગુપ્તવાતો કહેશે! અને આપ એમ પણ જુઓ કે, જે વાત આજ ૭ વર્ષ સુધી ગુપ્ત રહી, તે અત્યારેજ કેવી રીતે ઉઘાડી પડશે. હું પ્રતિજ્ઞા કરૂં છું કે, જો આ વાત ઉઘાડી પડી તો તત્ક્ષણે આપની સામે પ્રાણત્યાગ કરીશ."

આશાનો પ્રભાવ કાંઈ ચમત્કારિકજ છે. જે આશા મનુષ્યને સુખ શાંતિ અને સંતોષ આપે છે, તેજ આશા કોઈ કોઈવાર તેના અતિશય દુઃખનું પણ કારણ થાય છે. તે મુજબ માનવનું અંતઃકરણ પણ અતિ ચમત્કારજન્ય છે. નિરાધાર આશાના ફાંસામાં તે કેટલીક વખતે ફરી ફરી અટકે છે. સંકટ સમયે, ઋણાવસ્થામાં અથવા દુઃખ

વખતે ફક્ત હૃદયમાં પ્રબળપણે ધર્મભય ઉત્પન્ન થાય છે; પરંતુ સંકટનો નાશ થતાંજ, આરોગ્યની પ્રાપ્તિ થતાંજ યા દુઃખ સમય નિકળી જતાંજ ક્રમે ક્રમે ધર્મભય હૃદયમાંથી દૂર થાય છે. દૃષ્ટાંત માટે સતીશચંદ્ર તરફજ જુઓને! થોડા સમય પહેલાં તેના હૃદયની શી અવસ્થા હતી અને હવે શી થઈ! આપણાપર ભયંકર સંકટ આવનાર છે, એમ જણાતાંજ તેને પાપ માટે તિરસ્કાર લાગવા લાગ્યો, મનમાં ધર્મભય જાગ્રત થયું; પરંતુ ભય શાનો? સંકટ છે ક્યાં? સર્વે મનના સંશય છે. એવી આશાએ તેની પૂર્વની સ્થિતિ પલટાઈ ગઈ. સંકટનું ભય અંતરધાન થતાંજ ધર્મભય પણ તેના મનમાંથી નહીં જેવો થયો. માનવના મનને સંકટનો જેટલો ભય લાગે છે, તેટલુંજ જો તેને ધર્મભય લાગતું હોય, તો આજે અવનીપર આપણે અવલોકીએ છીએ તેટલું દુઃખ નિઃસંશય ન રહેત.

થોડીવાર વિચાર કરી સતીશચંદ્ર બોલ્યો "શકુની! તારી ઉપર મારો બધો આધાર છે. સારૂં, કહે જોઉં કે તને શું લાગે છે તે? અત્યારે સંકટ આવવાનો કાંઇ સંભવ છે?"

"અત્યારે આપણું કારસ્થાન ઉઘાડું પડે તેનો મને તો કાંઈજ સંભવ નથી, અને જો કદાચિત્ સંભવ હોય તોપણ શું થયું! આપ જેવા પુરૂષે સંકટ સમયે ડરવું કે? બંગદેશમાં આપના યશની પ્રશંસાના ગીતો કોણ ગાતું નથી? આપના જેવું સામર્થ્ય કોનામાં છે? આપના જેવા ગૌરવને કોણ પ્રાપ્ત થયું છે? આપના જેવો અધિકાર કોઈએ સંપાદન કર્યો છે? ફક્ત યઃકશ્ચિત્ છોકરીના કહેવાપરથી આ સર્વનો એકદમ ત્યાગ કરવો, તે બંગદેશના દિવાન સતીશચંદ્રને યોગ્ય છે કે? આપને ઉપદેશ કરવાની પાત્રતા મારામાં બીલકુલ નથી. સર્વે બંગદેશમાં આપને ઉપદેશ કરવા યોગ્ય એવો જ્ઞાની પુરૂષ જન્મ્યો નથી અને જન્મવાનો પણ નથી."

આ ઉપરથી સતીશ કાંઈ પણ બોલ્યો નહીં. મનમાં ને મનમાં બોલ્યો ખરેખર મને ગાંડપણુંજ લાગ્યું હોવું જોઇએ; નહીં તો એક છોકરીના ભાષણથી હું ક્યારે પણ એટલો ડર્યો ન હતો.

સતીશચંદ્રની આ વખતની મુખમુદ્રા ઉપરથી તેના મનોગત વિચાર ઓળખીને શકુની બોલ્યો. "રૂદ્રપુર ગુપ્તચરો મોકલ્યા છે, તેના કાંઈ સમાચાર ખબર પડ્યા કે ?"

"ના, તે સંબંધી ચિન્તા લાગી રહી છે. મેં સાંભળ્યું છે કે સમરસિંહની વિધવા સ્ત્રી બહુ ભયંકર છે. તોડરમલ્લ અત્રે આવતાંજ તે આપણને હેરાન હેરાન કરી નાંખશે."

"તેની કાંઈ ફીકર નહીં. તોડરમલ્લ અત્રે આવી પહોંચે તે પહેલાંજ સમરસિંહના વંશમાંના એકેએક માણસના મુખ બંદ કરી નાંખું છું."

"તો પછી રૂદ્રપુર જે ગુપ્તચરો મોકલ્યા હતા, તેઓએ સમરસિંહની વિધવાને તેની કન્યા સાથે પકડી લાવ્યા કે નહીં ?"

"ના, અત્યાર સુધી લાવ્યા નથી. તોપણ કામ જલદી ફત્તેહ થશે."

"પણ અત્યારે કઈ અડચણ આવી."

"આપણા કારસ્થાનની તેને એક દિવસ પ્રથમ ખબર પડી. તે ગાંડીએજ તેને જઇને કહ્યું, એમ સાંભળ્યું છે."

"પિશાચિની આપણા સર્વે કાર્યોમાં વિઘ્ન લાવે છે. તેણીને કેદ કરીને કેમ નથી લાવતા ?" "તેને પકડવાની ઘણી ખટપટ કરી; પરંતુ તે ક્યાં હોય છે, ક્યાં રહે છે, તેનો કાંઈજ પત્તો લાગતો નથી. ખરેખર તેમાં કોઈ પિશાચિણી શક્તિ હોવી જોઇએ. તેમ ન હોત તો આપણા ખાનગી કારસ્થાનની ખબર તેને કેમ પડત ! હજારો ગુપ્તચર તેને શોધવા મોકલ્યા; પરંતુ કાંઈપણ પત્તો લાગતો નથી."

"પછી હવે આગળ કાંઈ યુક્તિ."

"આપ તેની કાંઈ પણ ચિંતા કરશો નહીં. જુઓ હું જલદીજ સહુનાં મુખ બંધ કરી નાંખું છું. શકુનીની જાળમાંથી કોઈ પણ છુટનાર નથી ! રાત્રી બહુ થઈ ગઈ છે, માટે આપ થોડી વિશ્રાંતિ લ્યો." એમ કહીને શકુની ત્યાંથી નિકળી ગયો.

જતાં જતાં એક બે વખત સતીશચંદ્ર તરફ જોઇને, વિકટહાસ્ય કરતો તે પોતાથી બબડયો કે, "અને તુ પણ મારી જાળમાંથી છુટનાર નથી !"

પ્રકરણ ૧૪ મું.

શકુનીની કપટજાળ.

Curse on his Perjured arts! disse'mbling smoth?
Are honor pity, conscience, allexiled?
Is there no pity, No relenting truth?

બીજે દિવસે વ્હાણું વાતાંજ દિવાન સતીશચંદ્ર બીછાનાપરથી જાગી ઉઠયો. પોતાના ગમનૂ સારૂં વિમલાની પાસે તે રજા લેવા ગયો ત્યારે તે બોલી "પિતાજી ! જ્યારે આપ જાઓ છોજ, ત્યારે મને પણ મહેશ્વર મંદિરમાં જઇને રહેવાની રજા આપો. આપને સુખી રાખવા માટે હું પ્રભુની પ્રાર્થના કરીશ. ત્યાં હું કેટલાક દિવસ રહેનાર છું"

સતીશચંદ્રે વિમલાની વિનંતિને અનુમોદન આપ્યું અને તેણે વ્યથિત ચિત્તે તેની રજા લીધી. પુત્રીના અશ્રુજળથી પિતાના અંગપરનાં વસ્ત્રો ભીંજાયાં. સતીશ જતો હતો તેની પાછળ વિમલા જોતી હતી. તે દૃષ્ટિ બહાર થઇ ગયો ત્યારે તે નિશ્વાસ નાંખી મન સાથે બોલી. "આ વિસ્તીર્ણ વિશ્વમાં આપ વિના આ અભાગિનીને બીજો

કોનો આધાર છે ? આપના અભાવે આ સંસાર મને કેવળ નિર્જન, અંધકારમય લાગે છે. ઇશ્વર આપને સુખી રાખો. અને ધર્મમાર્ગે આપની પ્રવૃત્તિ થાઓ ! આપનું નૈસર્ગિક ચરિત્ર ઉદાર અને કપટ રહિત છે. કોણ જાણે કયા અશુભ મુહુર્તમાં આપને શકુનીનો મેળાપ થયો. ”

શકુનીની રજા લેતી વખતે તે બોલ્યો “ આપ આગળ ચાલો હું સમરસિંહની વિધવાને ઠેકાણે કરીને બીજા મહત્ત્વનાં કાર્યો આટોપી આપની પાછળજ આવું છું ” “ તને જે યોગ્ય લાગે તે કર. હવે તો તારી તીક્ષ્ણ બુદ્ધિપરજ બધી વાત અવલંબી રહી છે. ” આટલું બોલી તે ચાલ્યો ગયો. તેની પીઠ ફરતાંજ શકુની મશ્કરી કરી મન સાથે બોલ્યો. “ બચ્ચા ! સ્વસ્થ રહે ! કાંઇ પણ ફીકર ન કર ! તારી અજાણમાં એવી તો ગુપ્ત રીતે તારૂં કાસળ કાઢી નાંખું છું કે, છેવટ સુધી તું મારી તીક્ષ્ણબુદ્ધિની વાહવાહજ કરતો રહીશ. મારી તીક્ષ્ણબુદ્ધિનું પરિણામ જોવાનો સમય હવે કાંઇ બહુ દૂર નથી. ”

શકુની અને સતીશ વચ્ચે આજે આઠ વર્ષની ઓળખાણ હતી. આઠ વર્ષ પહેલાં જ્યારે શકુની પહેલ વહેલો સતીશ પાસે આશ્રય માટે આવ્યો ત્યારે તેની ઉમર વીસ વર્ષની હતી. સતીશની ઉમર તે વખતે ચાલીસ વર્ષની હતી. ‘ હું એક બ્રાહ્મણનો છોકરો છું. અને આપના તરફથી કાંઇ આસરો મળશે એવી આશાએ આપની પાસે આવ્યો છું. ’ આ પ્રમાણે તેણે વિનંતિ કરી હતી. સતીશે તેની તેજસ્વી, પાણીદાર મુખમુદ્રા જોઈ પોતાને ઘેર રાખ્યો અને તે દિવસથી પોતાની છાતી પર આ કાળસર્પને ધારણ કર્યો. ધૂર્ત શકુનીએ સતીશનું હૃદય તરત ઓળખી લીધું. સતીશચંદ્રની દુર્દમનીય મહત્ત્વાકાંક્ષા તેના ધ્યાનમાં તરત આવી. મહત્ત્વાકાંક્ષા રૂપ ભયંકર અગ્નિમાં ક્ષણે ક્ષણે તે આહુતિઓ આપવા લાગ્યો, તેથી તે અગ્નિની જ્વાળાઓ દિન પ્રતિદિન

આકાશ સાથે બાથ ભીડવા લાગી, અને આ ઘોર મદથી મત્ત થઇને સતીશ હિતાહિતજ્ઞાનશૂન્ય થયો. ધર્માધર્મનું ભય તેના હ્રદયમાંથી નષ્ટ થયું, તથા તે છેકજ આંધળો બન્યો. શકુનીને યોગ્ય સંધી સાંપડી. અંધ મનુષ્યને કુમાર્ગે લેઈ જતાં ઘણો પ્રયાસ પડતો નથી. સારી સલાહ આપવાને બદલે શકુની સતીશને નઠારી સલાહ આપવા લાગ્યો. સત્પંથમાંથી કાઢીને પોતાના માલેકને કુમાર્ગે લઈ જવા લાગ્યો. તેણે પોતાના માલેકને એવા ઘોર પાપપંકમાં નિમગ્ન કરી નાંખ્યો હતો કે, તેમાંથી તેનો ઉદ્ધાર થવો હવે છેકજ અસંભાવ્ય થયું હતું. હવે સતીશની આંખો ઉઘડી હતી. તેના નેત્રપરનો ભ્રમરૂપી પડદો ધીમે ધીમે દૂર થવા લાગ્યો હતો; પરંતુ હવે પશ્ચત્તાપ સિવાય બીજો ઉપાયજ રહ્યો ન હતો. શકુનીનો મનોરથ પૂર્ણ થયો. પોતાના માલેકને તેણે પૂર્ણપણે પોતાને આધીન કરી લીધો હતો.

શકુનીને પોતાના ઘેર આશ્રય આપ્યા પછી સત્વરજ સતીશને તેની તીક્ષ્ણબુદ્ધિ દેખાઈ આવી. શકુનીનો નમ્ર સ્વભાવ જોઇને તે ઘણો સંતુષ્ટ થયો, તેની સલાહ સાંભળી સતીશ આશ્ચર્ય ચકિત થતો હતો. શકુનીપર તેનું બહુ મન બેઠું. દિવસે દિવસે શકુનીપરનો પ્રેમ વૃદ્ધિ પામવા લાગ્યો. તેને પુત્ર સંતાન નહતું; ત્યારે તે શકુનીનેજ પુત્ર માનીને તેનાપર પુત્ર પ્રમાણે પ્રેમ કરતો. શકુનીને દત્તક પુત્ર કરવો એમ તે કોઈ કોઈ વખતે મનમાં લાવતો, અને કોઈ કોઈ વખતે તો પોતાની કન્યા આપીને તેને ઘર જમાઇ કરવો. એમ પણ તેના મનમાં વિચાર આવતો હતો; પણ નિર્ધન, નિરાશ્રિત એવા એક બ્રાહ્મણ પુત્રને કન્યા આપવાથી લોકોમાં માનહાની થશે, એ ભયથી હજુ સુધી તેને ઘર જમાઇ કર્યો નહતો. ક્રમે ક્રમે કન્યાની ઉમર વધારેને વધારે થવા લાગી; પરન્તુ શ્રીમાન્ અને અધિકાર યુક્ત મનુષ્યનું નામ લેનાર કોણ છે ? વળી પત્નીના મૃત્યુ પછી સતીશનો પ્રેમ વિમલાપર બમણો

થયો હતો. તેથી પુત્રીનું લગ્ન કરી દેવાથી ઘર સ્મશાન જેવું શૂન્ય દેખાવા લાગશે, એ દુઃખદ વિચારથી તેણે તે મુલતવી રાખ્યું અને શકુનીને ઘર જમાઈ કરી ઉભયને પોતાને ઘેર રાખવાનો વિચાર તેને વધારે પસંદ પડયો. પાછળથી જ્યારે પાપના ઘોર ખાડામાં તે પૂરે-પૂરી રીતે ફસ્યો ત્યારે તેની આંખો ઉઘડી અને ઉક્ત વિચાર તેના હૃદયમાંથી સમૂળો દૂર થયો. **સૃષ્ટિમાં પાપ એવી તો તિરસ્કાર ઉત્પન્ન કરાવનારી વસ્તુ છે કે, પાપી મનુષ્ય પોતે બીજા પાપી મનુષ્યપર જરા પણ પ્રેમ કરી શકતો નથી.** ધર્મપ-રાયણ અને સુશીલ તેમજ સચ્ચરિત્ર એવી પોતાની પ્રિય પુત્રીનો હાથ દુષ્ટ, પાપીષ્ટ અને કુટિલ સ્વભાવના શકુનીના હાથમાં આપવો એ વિચારજ સતીશચંદ્રથી સહન થઈ શક્યો નહીં. તેણે વિચાર કર્યો કે હું તો પાપીષ્ટ છું; પરંતુ મારા પાપને પણ કાંઈક સીમા છે. જો કે ધર્મ-પરાયણ સમરસિંહની મેં હત્યા કીધી છે; પરંતુ મારા પ્રાણ કરતાંયે પ્રિય એવી મારી સદ્‌ગુણી પુત્રીને પાપીષ્ટ અને અધમાધમ શકુનીના હાથમાં સોંપીને તેને નરકમાં ફેંકી દઈશ નહીં. મારૂં જે થવાનું હતું તે તો થઈજ ચુક્યું છે; પરન્તુ વિમલા તો ભલે ધર્મપથગામી રહે. આવા પ્રકારના વિચારો સતીશને હરહમેશાં આવતા હતા. પણ તે શકુનીને એક પણ કઠિન શબ્દ કહી શકતો ન હતો. કારણ કે સુબેદારને પોતાનું ગુપ્તકૃત્ય કહી દે તો મસ્તક જતાં વાર ન લાગે. સતીશને આ ભય મોટો હતો. બીચારો શકુનીના પંજામાં પૂરેપૂરો સપડાયેલો હતો.

એ ફરીવાર કહેવાની જરૂર નથી કે શકુની ભયંકર પાપી હતો તેમ સતીશ પણ પાપી હતો; પરન્તુ તેના પાપમાં કંઇક મર્યાદા હતી. એના ચરિત્રમાં એક બે સદ્‌ગુણ પણ હતા. એકાંતમાં બેસી આત્મનિરીક્ષણ કરતાં તેને કોઈ કોઈ વેળા પોતાનાં કાળાં કૃત્યોનો

તિરસ્કાર છુટતો. પશ્ચાત્તાપરૂપ તાપથી તેનું હૃદય દગ્ધ થતું. શકુની પાસે એવું અંતઃકરણ પણ ન હતું. ફક્ત સ્વાર્થપરાયણતા અને દુર્ભેદ્ય કુટિલતા એ સિવાય તેના હૃદયને કાંઈ પણ ખબર નહોતી. શકુનીની સતીશ જેવી દુર્દમનીય અતિ પ્રબળ એક પણ મનોવૃત્તિ હતી નહીં. તેના હૃદયમાંની સર્વે પ્રવૃત્તિઓ શાંત હોઇને, સ્વાર્થપરાયણતા સિવાય આ જગત્‌માં બીજી કોઈ પણ વસ્તુ છે કે નહીં તે તે જાણતોજ ન હતો. તે મહાધૂર્ત હતો. કાગડા જેવી તેની દૃષ્ટિ તીવ્ર હતી. બીજાના મનમાં શું વિચાર ચાલે છે તે તે તુરત પારખી લેતો. બીજાના મનની વૃત્તિ જાણી લઇને ધીમે ધીમે તે પોતાની જાળ પાથરતો. તેની કપટજાળ એવી સૂક્ષ્મ, એટલી અદૃશ્ય અને એટલી તો દુર્ભેદ્ય હતી કે તેમાં જે ફસાય, તે ફરી નિકળવા પામેજ નહીં. પ્રેમ, બંધુભાવ, દયા, માયા, કૃતજ્ઞતાદિ જે સર્વે ઉચ્ચ, કોમળ, સુકુમાર મનોવૃત્તિઓથી જગત્‌બદ્ધ થયેલું છે, અને જેનાથી સકલ માનવજાતિનું ઐક્ય સધાયું છે, તે મનોવૃત્તિથી શકુની છૂટો હતો. યશતૃષ્ણા, ધનતૃષ્ણા, મહત્ત્વાકાંક્ષાદિ જે પ્રબળ મનોવૃત્તિઓ કેટલાકોને તદ્દન અસ્થિર બનાવી મુકે છે, તેથી પણ શકુની અલિપ્ત હતો. એને લીધેજ પોતાની તીક્ષ્ણબુદ્ધિ અને અભેદ્ય કપટજાળના યોગે પોતાનો સ્વાર્થ સાધી લેવામાં તેને કદિ પણ અપયશ આવતો નહીં.

તેણે મહાશ્વેતાને પકડવાને માટે રૂદ્રપુર ગુપ્તચરો મોકલ્યા હતા; પરન્તુ તેઓ તેને પકડી શક્યા નથી. એવું જે શકુની સતીશ પાસે કહી ગયો હતો તે ખરૂં નહોતું. ફક્ત આતો તેણે જુઠુંજ અડાવી દીધું હતું. શકુની જેવા મહાન્ ધૂર્ત, કુટિલબુદ્ધિ, મહાકારસ્થાની પુરૂષને માટે મહાશ્વેતા જેવી અબળાને પકડી લાવવાનું કામ બીલકુલ કઠિન નહોતું; પરન્તુ સતીશની સાથે મુંગેર જવાનો પ્રસંગ ટાળવા માટેજ ગુપ્તચરો સંબંધી ખોટી હકીકત કહી હતી. અમે કબૂલ કરીએ છીએ કે શકુનીની કપટજાળનો ભેદ (પાર) પામવાની શક્તિ અમારામાં

પણ નથી. પણ પ્રિય પાઠક બંધુ ! ચાલો આપણે પણ શકુની બેઠો છે ત્યાં જરા જઈ આવીએ. કદાચ કંઈ થોડી ઘણી સમજણ પડે તો પડે.

આ વખતે ચતુર્વેષ્ટિત ગઢમાં આવેલા એક પ્રશસ્ત અને સુશોભિત દિવાનખાનામાં શકુની આમતેમ ફેરા ફરતો હતો. ચારે બાજુએ આવેલાં અનાજનાં લીલાંછમ ખેતરોની અપૂર્વ શોભાને તે વચ્ચે વચ્ચે નિહાળતો. કિલ્લાના પગથીઆંની સાથે અથડાઇને ખળખળ કરતી વહેતી યમુના નદીનો મધુરો કલરવ તે સાંભળતો હતો. કદી કદી કિલ્લામાં આવેલા અંતઃપુર તરફ બાહુક જેવો થઈ જોતો. તેનાં મુખમંડળપર આનંદનું પ્રતિબિંબ સ્પષ્ટપણે દેખાતું હતું. સ્વાર્થપરાયણ મનુષ્યોનો સ્વાર્થ જ્યારે સધાય છે ત્યારે તેમનાં મુખપર જેવો આનંદ આવી રહે છે, તેવોજ આનંદ શકુનીના મુખપર દેખાતો હતો. તે મન સાથે બોલવા લાગ્યો "આ વિસ્તીર્ણ જમીનદારીને, આ વિશાળગઢને અને આ અંતઃપુરવાસિની તરૂણ સૌંદર્યસંપન્ન સુંદરીને થોડાજ સમયમાં એક નવોજ સ્વામી પ્રાપ્ત થનાર છે. સમરસિંહની પ્રજા, સતીશચંદ્રની પ્રજા, થોડાજ દિવસમાં શકુનીના નામનો જયઘોષ કરશે. શાંત પ્રવાહે વહેતી આ યમુના નદી થોડાજ સમય પછી શકુનીના યશોગાન ગાવાનો પ્રારંભ કરશે. અને વિમલા ! તું શું કરીશ ? હાલ તો મારો તિરસ્કાર કરે છે નહીં કે ? પણ હવે તિરસ્કાર કરવાના દિવસો ગયા. તારી ઇચ્છા હોય વા ન હોય પણ હવે તારે શકુનીને પતિ સમજી આલિંગન દેવુંજ પડશે. ત્યાર પછી તું જો મારો તિરસ્કાર કરીશ તો એક ક્ષુદ્ર પતંગિઆની માફક મારા પગતળે તને છુંદી નાંખીશ અને ચગદી નાંખેલા મુએલા પતંગિઆની જેમ તને ફેંકી દઇશ. હું પ્રેમપિપાસા શમાવવા માટે તારી સાથે લગ્ન કરતો નથી. પ્રેમ એ તો નાના બાળકોની રમત છે, એમ હું સમજું છું. તારારૂપ કે લાવણ્યથી મુગ્ધ થઇને પણ હું તારી સાથે લગ્ન કરતો નથી. રૂપ કે લાવણ્યની મને જરા પણ મને પરવા નથી; કદાપિ તેની પરવા હોય તો પણ મારા જેવા લક્ષ્મીપુત્રને શી ખોટ બળી

છે. એક મિનિટમાં પાંચસો રૂપસુંદરીઓ લાવીને ઉભી રાખું ! સતીશ-ચંદ્ર ! આજે મેં તને મુંગેર નહીં પણ યમપુરીજ મોકલ્યો છે. એવા ધૂર્તદૂતની મેં યોજના કરી છે કે, હવે પાપ ગુપ્ત રહેવું અશક્ય છે; એટલુંજ નહીં પણ શકુનીના પણ બધા અપરાધો તારા શિરપરજ લાદવામાં આવનાર છે. પછી નિઃસંતાન સતીશના મૃત્યબાદ તેના જમાઈ શિવાય આ વિસ્તીર્ણ જાગીરીનો સ્વામી કોણ બેટો થનાર છે ? તીક્ષ્ણ બુદ્ધિનો સર્વત્ર અને સર્વદા વિજય થાય છે."

આ હર્ષાતિશયથી તેણે તાળીઓ વગાડી. તેનો પ્રતિધ્વનિ દિવાન-ખાનામાં થયો અને તે સાંભળી તે ચોંકી ઉઠયો. તે પોતાના સુખદ વિચારમાં તદ્દન નિમગ્ન થઈ ગયો હતો. તાળીનો પ્રતિધ્વનિ સંભળા-તાંજ તે શુદ્ધિમાં આવ્યો. એટલામાં તેના ઈષ્ટ અંતઃપુર તરફ તે ગયો. અંતઃપુરની પરશાળમાં વિમળા ઉભી રહી હતી. પોતાના પિતાના રસ્તા તરફજ તે એકી ટસે જોઈ રહી હતી. રડીરડીને તેનું પ્રફુલ્લ મુખ મ્લાન થઈ ગયું હતું. બન્ને આંખમાંથી અશ્રુનો વર્ષાદ વરસતો હતો. અધરોષ્ઠ થરથર કાંપતા હતા તે રહી રહીને ડુસકાં ખાતી હતી. આંસુ લુંછીલુંછીને સાડીનો છેડો ભીંજાઈ ગયો હતો. વિમળા ઉચ્ચસ્વરથી રૂદન કરતી હતી. એક ક્ષણ છાની રહેતી અને બીજી ક્ષણે પુનઃ રડવા માંડતી. અત્યંત વેગથી બહાર પડતાં ડુસકાંને હૃદયમાંજ દાબી રાખવાને તે બહુ પ્રયત્ન કરતી હતી; પણ તેજ ડુસકાં ઘણીવાર દ્વિગુણિત બળથી બહાર પડતાં હતાં.

વિમળાની આ કરૂણાસ્પદ સ્થિતિ જોઈ શકુનીએ પણ પોતાની આંખમાં આંસુ આણ્યાં અને ખડકી બહાર ડોકું કાઢી તે તેની તરફ જોવા લાગ્યો. વિમળાની નજર આકસ્મિક તેનાપર પડી. તેને જોતાંજ વિમળાના કપાળપર ક્રોધ અને તિરસ્કારની મિશ્ર લાગણી તરી આવી. તે તરત શકુનિ તરફ પીઠ ફેરવી અંદરના ભાગમાં જતી રહી. વિમ-ળાનું મન હરણ કરવાની આ પહેલી તક શકુનિના હાથમાંથી છટકી ગઈ.

પ્રકરણ ૧૫ મું.

બે ઉપાસક.

Enamoured, yet not daring for deep awe,
To speak her love:–and watched his nightly sleep,
Sleepless herself, to gaze upon his lips,
Parted in slumber, whence the regular breath
of innocent dreams arose; then when red morn,
Made Paler the Pale moon, to her cold home,
Wilderd and wan and Panting, she returned.

Shelly.

ચતુર્વેષ્ટિત ગઢથી લગભગ પાંચ છ ગાઉ ઉપર ઇચ્છામતિ નદીના કિનારા ઉપર સુપ્રસિદ્ધ મહેશ્વરનું મંદિર હતું. સાંજે પાલખીમાં બેસીને વિમલાએ મંદિર તરફ પ્રયાણ કર્યું. તેની સાથે બે ચાર વૃદ્ધ સ્ત્રીઓ અને અનેક દાસદાસીઓ હતી. બંગાલદેશના દિવાનની એકની એક પુત્રીને છાજે તેવા થાટમાટથી તે નિકળી હતી.

દૂર દૂરના દેશોમાંથી અસંખ્ય લોકો દેવદર્શન માટે આ મંદિરમાં આવતા હતા. વૃદ્ધસ્ત્રીઓ પોતાના પુત્ર પૌત્રાદિકના મંગલ માટે પ્રભુની આરાધના કરવા આવતી. તરૂણ સ્ત્રીઓ પુત્ર પ્રાપ્તિની ઇચ્છાથી બાધા રાખવા માટે આવતી હતી. રોગથી પીડાયેલા મનુષ્યો આરોગ્ય લાભની ઇચ્છાથી, યોદ્ધાઓ જય લાભના હેતુથી, કૃપણો ધન લાલસાથી, તરૂણ છોકરાઓ વિદ્યાની અભિલાષાથી, સારાંશ કે હજારો મનુષ્યો નાના પ્રકારના હેતુઓથી આવી મંદિરમાં ભીડ કરતા હતા. દર્શને આવનાર આ ભાવિક લોકોથી મંદિરમાં પુષ્કળ પ્રાપ્તિ થતી અને ઘણાં વર્ષોથી આ પરિપાઠ શુરૂ હોવાને લીધે મંદિરમાં આજ દિવસ સુધીમાં

અતોનાત સંપત્તિ એકઠી થઇ હતી. મંદિર મધ્ય ભાગમાં હોઇને તેની ચારેબાજુએ સમ અંતર ઉપર પીળા સંગેમરમરી પાષાણુની ઉત્તમ ધર્મશાળાએ લાઇનબંધ બાંધેલી હતી. આ ધર્મશાળાઓમાં ઉતારૂઓ ઉતરતા હતા. યાત્રાળુઓ તરફથી જે કાંઈ મળતુ તે બધું પ્રભુના ખર્ચમાં લાગતું હતું. એ આગળ કહ્યું છે કે મંદિરની ચારે બાજુએ પ્રશસ્ત ધર્મશાળાઓં હતી. આ ધર્મશાળાએ અને મુખ્ય મંદિરની વચમાં મોટા મોટા ચોક હતા. એને લઇને મંદિરની કોઇ પણ બાજુએ ઉભા રહીને જોઇએ તો સ્હામે ધર્મશાળાએ સિવાય કાંઈ પણ દેખાતુ નહતું. આ ધર્મશાળાઓમાંથી મંદિરમાં જવાને માટે ચારે બાજુએ ચાર સિંહદ્વારો હતા. શિબિકા યા રથ આ સિંહદ્વાર સુધી આવી શકતા, આગળ જવા માટે રજા નહતી. એક વખત સિંહદ્વારમાંથી અંદર પ્રવેશ કર્યો એટલે ધન, જાતિ અને ગૌરવ એનો ભેદાભેદ રહેતો નહીં. સાર્વભામ રાજાની એકની એક રાજકુમારીને પણ એકાદ ભિખારણથી અઢેલાઇને મંદિરમાં પગે ચાલીને જવું પડતું હતું. ભીડમાં એકાદ ભસ્મ-વિભૂષિત સંન્યાસી, મૂલ્યવાન્ રત્નજડિત સુવર્ણાલંકાર ધારણ કરેલી રાજકુમારીને ધક્કો મારીને મંદિરમાં જાય. એ સ્વાભાવિક છે કે ધર્મના સ્હામે ઉંચ-નીચ અને શ્રીમંત-ગરીબ આ ભેદાભેદ ક્યાંથી રહે ?

મંદિરની ચારે બાજુનું મેદાન જો કે, અત્યંત વિસ્તૃત હતું; તો પણ ક્યારે ક્યારે લોકોની એટલી બધી ભીડ થતી હતી કે તે વખતે એક કડીને માર્ગ મળવો મુશ્કેલ થઈ પડતુ ! ત્યાં એકઠા થનારાઓમાંથી બધા દર્શન કરવા આવતા હતા એમ નથી. નાના પ્રકારના વ્યાપારીઓ ભાતભાતની વસ્તુઓ લઈને વેચવા માટે આવતા હતા. નાનાં બાળકોનાં રમકડાં, ભાત ભાતના તરૂણ સ્ત્રી પુરૂષોનાં અલંકાર, કપડું વપડું, મેવો મીઠાઈ એને રોજ ઘણો વકરો થતો હતો. અને ઘરાકો પણ મધમાખીના ઝુંડ પ્રમાણે આવતા.

વિમલાને પોતાના માણસો સાથે મુહેશ્વરના મંદિરમાં આવી પહોંચતાં સુધી ઘડી અર્ધી ઘડી રાત્રી થઇ ગઇ હતી. સામાન સુમાનની વ્યવસ્થા કરીને સર્વે ભોજનથી પરવારી રહે એટલામાં અર્ધી રાત થઇ ચુકી. "રાત ઘણી થઇ છે માટે હવે પૂજા કરવા જશો નહીં" એમ વિમલાની સખીઓએ જીવતોડીને કહ્યું; પરંતુ વિમલાનું હૃદય ચિંતાથી પરિપૂર્ણ થયેલું હોવાથી સખીઓનું કથન રૂચિકર થયું નહીં. તે બોલી 'ક્ષમા કરો, પ્રભુની ઉપાસના કીધા વિના હું સુવાની નથી; અને મને ઉંઘ પણ આવવાનીજ નથી.' એમ કહી વિમલા એકલીજ પ્રભુના ઉચ્ચ ગભારા પાસે જવા નીકળી.

આ સમયે ચંદ્રોદય થયો હતો. સ્હામે **મહેશ્વરનું મંદિર** ચંદ્રપ્રભામાં અધિકજ ઉજ્વલ દેખાતું હતું. સુનીલ આકાશના પટ ઉપર જાણે તે એકાદ ચિત્ર પ્રમાણે શોભતું હતું. ચારે બાજુએ પ્રશસ્ત ધોળા સંગેમરમરના પાષાણની ધર્મશાળાઓ ચંદ્ર કિરણમાં ઘણીજ શોભતી હતી. ધર્મશાળાઓમાંથી અસંખ્ય દીપકોનો પ્રકાશ દગ્ગોચર થતો હતો. વચમાંનું વિસ્તીર્ણ મેદાન હવે પ્રાયઃ જનશૂન્ય થયું હતું. દિવસે જે જગોએ કીડીઓ પ્રમાણે મનુષ્યોની ભીડ હતી, ત્યાં અત્યારે શાંતતા દેવીએ પોતાનું અખંડ સામ્રાજ્ય પ્રસાર્યું હતું. સ્થળે સ્થળે વૃક્ષપલ્લવોમાંથી તારાઓના પુંજ ચમકતા હતા, અને તે ખદ્યોતપ્રભા નયનોને ઘણોજ આનંદ આપતી હતી. રહી રહીને આવતા શિતળ સુગંધિત વાયુની લહેરીઓ આવતી હતી, અને તેને લઇને વૃક્ષોના પાંદડાંઓમાંથી ગંભીર કલરવ ઉત્પન્ન થતો હતો. પાંદડાઓના ખખડાટ સિવાય બીજો કશાનો પણ શબ્દ સાંભળવામાં આવતો નહતો; વચમાં વચમાં માત્ર ઘુવડોનો ગંભીર સ્વર વાતાવરણમાં ઉઠીને દૂર દૂર સુધી જતો હતો. તેવીજ રીતે ક્યારે ક્યારે પાસેના-દૂરના ખેતરોમાંથી ગાયોનું બરાડવું સાંભળવામાં આવતું હતું, અને ક્યારે ક્યારે આસપાસના ગામમાંના

ખેડુત લોકોના અસ્પષ્ટ ગાયનવાયુની લહેરીઓ સાથે આવીને કર્ણરંધ્રમાં પ્રવેશ કરતો હતો.

આવા નિઃસ્તબ્ધ શાંતમાર્ગે ચાલતાં ચાલતાં વિમળાનું હૃદય પણ કિંચિત્ શાંત થયું. તેની ચિંતા પણ જરાક દૂર થઈ. પ્રકૃતીદેવીની તે વિલક્ષણ નિઃસ્તબ્ધતાનું અવલોકન કરીને વિમળાના અંતઃકરણમાં પણ શાંતરસનો પ્રાદુર્ભાવ થયો હતો. સવારમાં મંદિરના મેદાનમાં કોઈ બીજોજ એકાદ મનુષ્ય દેખાતો, મધ્યાને લોકોની એકજ ગડબડ થતી, અને પાછી સાંજે લોકોની ભીડ પાછી ધીમે ધીમે ઓછી થતાં આખરમાં રાત્રે સર્વત્ર નિઃસ્તબ્ધ, નિર્જન અને શાંત થતું. વિમળાના મસ્તકમાં એક વિચાર ઉદ્‌ભવ્યો કે "મનુષ્યના જીવનની પણ આજ સ્થિતિ છે. બાલ્યકાળમાં મનની પ્રવૃત્તિને ધીમે ધીમે ચલન મળે છે. તરૂણપણામાં તેજ મનોવૃત્તિ એટલી તો ઉદ્દામ—ઉન્માદક—અને બેફામ થાય છે કે તે કહી શકાતું નથી. વાર્ધક્ય—ઐશ્વર્યમાં ધીમે ધીમે તે પ્રવૃત્તિ ક્ષીણ થતાં થતાં અંતમાં મનુષ્ય જલદીજ શાંત, નિઃસ્તબ્ધ થઇને એકાદ ક્ષુદ્ર જલ-બિંદુ પ્રમાણે અનંત એવા સાગરમાં મળી જાય છે. જો એવી મનુષ્ય માત્રની વાસ્તવિક સ્થિતિ છે તો પછી એટલી ધામધૂમ શા માટે? એટલો દર્પ, એટલો અહંકાર, ગર્વ, કપટ અને કારસ્થાન શા માટે? એટલો ક્રોધ, લોભ, અર્થતૃષ્ણા, મહત્વાકાંક્ષા કેમ? કોઈ આનું કારણ કહી શકશે? વિધિની લીલાનો પાર પામનાર કોણ છે? અર્ધાજ ક્ષણમાં બળીને ભસ્મ થનારો પતંગીઓ પોતાની પાંખ વિસ્તારીને કયા હેતુથી ભરાર ભર ઉડે છે? કિંવા પ્રખર રવિ કીરણોથી સુકાઈ જનારૂં જે શિશિરબિંદુ તેમાં હીરા પ્રમાણે સ્વચ્છતા અને મોહક તેજ પણ શા માટે આવે છે."

આવા પ્રકારના વિચારમાં વિમળા છેકજ નિમગ્ન થઈ, તેણીના કર્ણપટ ઉપર એકાએક બે પ્રહર રાત્રીનો ગંભીર ઘંટારવ આવી અથ-ડાવા લાગ્યો. ચારે બાજુ શુભ પાષાણ નિર્મિત ધર્મશાળામાં પ્રત્યાઘાત

થઇને તે ઘંટારવ દસગણો અધિક થયો, અને નિશાકાલીન વાતાવરણમાં ઘૂમતો ઘૂમતો દિગ્દિગંતરને કંપાયમાન કરવા લાગ્યો. મહેશ્વરની અનંત મહિમાનું ગીત સમસ્વરમાં શુરૂ થયું. તે સ્તુતિસ્તોત્ર ગાનારાઓના હૃદય ભક્તિરસથી ઉભરાઇ જવા લાગ્યા. ક્યારે મંદ તો ક્યારે ઉચ્ચ સ્વરમાં ભક્તિભાવથી, પ્રેમાળપણે તલ્લીન થઇને ગાનારા તે ભક્તગણોના સ્વરમાં વિમળાએ પણ સ્વર મેળવ્યો. અને તે સાથે પવિત્ર પ્રેમ, નિઃસીમ ભક્તિ અને ઉલ્હાસથી તેનું હૃદય ઉભરાવા લાગ્યું. થોડીવારમાં ઘણાખરા ભક્તજનો પોતપોતાના સ્થાન તરફ નિકળી ગયા. પ્રેમાળ અંતઃકરણે વિમળા મહેશ્વરની પૂજા કરવા લાગી. લગભગ એક પહોર સુધી આંખો મીંચીને અને એકાગ્રધ્યાને મહેશ્વરની આરાધના કરતી હતી. આ સમયે અંતઃકરણમાંની પવિત્ર કામનાનું પ્રતિબિંબ વદનમંડળ ઉપર સ્પષ્ટપણે ફેંકેલું દેખાઈ આવતું હતું. વિમળાને માતા, ભાઈ, બહેન, સ્નેહી સર્વે શું તો કે તેનો પિતા ! હતો. તે વિના તેણીને બીજું પ્રેમસ્થાન ન હતું. વિમળાનો અપાર સ્નેહસ્રોત, અપ-પરીસ્સીમ ભક્તિસ્રોત–પ્રવાહ–તે એક માત્ર આધાર તરફ વહેવા લાગ્યો. પિતાના દુઃખમાં તે દુઃખી થતી, પિતાના આનંદમાં તેણીને આનંદ, સંકટમાં ચિંતા અને ઐશ્વર્યમાં સમાધાન લાગતું હતું. સારાંશ કે એક પિતાને માટેજ વિમળાએ જન્મ ધારણ કર્યો હતો. તે પિતાના મંગલની પ્રાર્થના કરતાં કરતાં વિમળાનું હૃદય કપાટ ખુલ્લું થયું. અંતઃકરણમાં અને રોમેરોમમાં ભક્તિરસ રમણ કરવા લાગ્યો. ઘણો સમય એકાગ્ર-ચિત્તે તેણીની ઉપાસના ચાલતી હતી. ઉપાસના પૂરી થતાંજ તેણીએ મહેશ્વરને સાષ્ટાંગ નમસ્કાર કર્યો, અને ગાત્રોત્થાન કર્યું ત્યારે તેણીનું હૃદય સંપૂર્ણ રીતિએ ચિંતાશૂન્ય અને શાંત હતું.

પૂજા પૂરી થતાંજ મંદિરમાંથી એકદમ નીકળી ન જતાં તે ત્યાંજ આમતેમ ફરતી ઔત્સુક્ય પૂર્ણદૃષ્ટિએ મંદિરની શોભાનું અવ-

શોક્ન કરવા લાગી. ઘણાં વર્ષોથી આજે તે ત્યાં આવી હતી તેથી દરેક વસ્તુઓ તેણીને નવી નવી ભાસવા લાગી. મહેશ્વરના મંદિર જેવું ઉત્કૃષ્ટ, પ્રશસ્ત અને ઉચ્ચ બળવાન તેણીએ બીજું કોઈપણ મંદિર જોયું ન હતું. તે સુવર્ણમંડિત અને પુષ્પાલંકૃત થાંભલાઓ, કુશળ ચિત્રકારોએ ભીંત ઉપર કાઢેલી વેલીઓ, ચિત્રો અને વૃક્ષોનું નિરક્ષણ કરતાં કરતાં તે મંદિર રક્ષક પાસે મંદિર સંબંધ પ્રશ્નો પુછતી આમ તેમ ફરવા લાગી. આ વખતે મંદિરમાં કોઈ પણ ઉપાસક ન હતો. તેને લીધે પોતાની ઉત્સુકતા પૂર્ણ કરતાં વિમલાને કંઇપણ અડચણ આવી ન હતી.

ફરતાં ફરતાં મંદિરની એક બાજુએ સુતેલા એક ઉપાસક તરફ વિમલાની સહેજ નજર ગઈ. તેનું અલૌકિક તેજ, લોકોત્તર સૌંદર્ય જોઈ વિમલા વિસ્મીત થઈ. તેની ઉપરથી નજર ઉઠાવી બીજી દિશા તરફ જવાને માટે તેના નેત્રો કબુલ કરતાં ન હતાં. તે તરૂણનું લલાટ પ્રશસ્ત અને ઉદાર હતું; પરંતુ કોઈ ગાઢ ચિંતાથી તે ઉંઘમાં પણ સંકુચિત થયેલું દેખાતું હતું. આ યુવકનું નખ–શિખ નિરીક્ષણ કરતાં વિમલાએ તર્ક કર્યો કે આ કોઈ પણ વીરપુરૂષ પોતાનું શૌર્ય ગજાવવા માટે દૂરદેશમાં જતાં જતાં રસ્તામાં આ મંદીર આવ્યું એટલે તેના દર્શન કરવાના ઉદ્દેશથી અહીં આવ્યો હોવો જોઈએ. આખો દીવસ ચાલી ચાલીને થાકી જવાથી અથવા બીજી કોઇ તરફ સારી જગ્યા ન મળવાથી પૂજા પૂરી થતાંજ આ અહીં સુતો છે. વિમલાના અબળા હૃદયમાં પણ વીરત્વનો અભાવ ન હતો. એથી તે યુવકની તે વીર આકૃતિ જોતાંજ વિમલા સ્તંભિત થઈ. તે તરૂણપરથી પોતાની નજર ન હલાવતાં એક સરખી તે તરફ જોવા લાગી. એટલામાં તરૂણની નિદ્રાનો ભંગ થયો અને પોતાની જગ્યાપર ઉઠી બેઠો. તે પોતાની આંખ ખોલે છે, એટલામાંજ તેને પોતાની નજર સામે એક ઉજ્વલ નયન તરૂણાંગી

દૃષ્ટિગોચર થઈ. ઉભયની દૃષ્ટિ એક થતાંજ વિમલા શુદ્ધિમાં આવી અને અપરિચિત પુરૂષ તરફ પોતે નિર્લજ્જતાથી જુએ છે, એવું ભાન થતાંજ લજ્જીત થઈ અને નીચું મુખ કરી ધીમે ધીમે મંદિરની બહાર નીકળી ગઇ.

પ્રાતઃકાળ થયો હતો. ચારે તરફથી કોઈ કોઈ માણસ બહાર જતા માલૂમ પડતા હતા. સાધારણ લોકો સમક્ષ વિમલા કદી પગે ચાલી નહોતી. આથી તે પગ ઉચકીને ઝડપ ઝડપ ચાલી. " વૃદ્ધ સ્ત્રીઓ પુછશે કે ' આટલી વાર સુધી શું કરતાં હતાં ?' તે વખતે હું શું જવાબ દઈશ ? કહેશે કે ' આટલી વાર સુધી શું પ્રભુની પૂજાજ કર્યા કરતાં હતાં ?' ત્યારે હું શું મોઢું દેખાડીશ ?"

વિમલાના મનમાં અનેક પ્રશ્નો ઉઠવા લાગ્યા. " આ વીર પુરૂષ કોણ હશે ? શું એ આખી રાત પ્રભુની પ્રાર્થના કરતો હતો ? આ ભાગ્યશાળી પુરૂષ પ્રભુની પાસે એટલું બધું શું માગે છે ?" આવા પ્રશ્નો પોતાના મનને પુછતી પુછતી વિમળા પોતાના આવાસે આવી.

પ્રકરણ ૧૬ મું.

પરિચય.

Amid the jaged shadows
Ofmossy leafless boughs,
Kneeling in the moonlight
To make her gentle vows;

Her slender palms together vows;
And heaving sometmes on her breast;
Her face resigned to bliss or bale,—
Her face, ol call st fair not pale,—
And both her eyes more bright than clear,
And each about to have a tear.

Colereridge

આખી રાત્રીના જાગરણ પછી થોડો આરામ લેવા માટે વિમલા પોતાના શયનગૃહમાં ગઈ હતી, પરન્તુ તેને સારી રીતે ઉંઘ આવી નહીં; અને જે કાંઈ થોડી ઘણી આવી તે પણ સ્વપ્નથી ભરપૂર હતી. તે વિસ્તીર્ણ ચોક, તે ધોળી ચાંદરણી, ધોળું અને સ્વચ્છ તે ઉંચ મહેશ્વર મંદિર, તેમાંની મહેશ્વરની સુંદર મૂર્તિ, તે તરૂણ ઉપાસક એ બધાં તેને ક્ષણે ક્ષણે સ્વપ્નમાં દેખાવા લાગ્યાં. વિમલા જાગીને જુએ છે તો બારીમાંથી સૂર્યકિરણોએ પ્રવેશ કરેલો હોઇને આખી કોટડી પ્રકાશમય થયેલી છે. બહાર મનુષ્યોની ગર્દી જામી ગઈ છે, જ્યાં ત્યાં શોર બકોર ચાલુ થઈ ગયો છે, જાગરણને લીધે વિમલાની આંખો કિંચિત્ ફૂલી હતી અને સ્વાભાવિક ગૌરવદન રક્તશૂન્ય થવાથી તે અધિક ગોરૂં દેખાતું હતું. કપાળ, કપોલ અને છાતીપર જરા પરસેવો છુટયો હતો. માથાપરના આમ તેમ વિખરાયેલાં કેશ જરા બાંધ્યા ન બાંધ્યા અને તેણે તરતજ બિછાનાનો ત્યાગ કર્યો. આખો દિવસ વિમલા બિલકુલ ખિન્ન અને ઉદાસ હતી. ઘડીએ ઘડી તેને ગઇ રાતના બનાવનું સ્મરણ થવા લાગ્યું. આજે એમ કેમ થાય છે, તેનું કારણ તેણે ઘણો વિચાર કરી, શોધી જોયું પણ તે તેના કાંઇપણ ધ્યાનમાં આવ્યું નહીં. તે દિવસે રાતના એક પહોરને આશરે વિમલા ફરી પ્રભુની ઉપાસના-પૂજા કરવા ગઇ. આખો દિવસ તે છેક ઉદાસ હતી; પરંતુ પૂજાને વખતે તેનું ચિત્ત સ્થિર થયું. પ્રભુને સાષ્ટાંગ પ્રણામ કરી તેને પોતાની પૂજા પૂરી કરી. વિમલા ઉઠીને ઉભી રહી કે તરત તેને ગઈ રાતનો યુવક સામે ઉભેલો દગ્ગોચર થયો. યુવક પણ હમણાંજ ઉપાસના પૂરી કરીને ઉઠયો હતો. વિમલામાં મનોનિગ્રહ કરવાની શક્તિ હતી. ક્ષણભર તે તરૂણ ભણી પોતાના સતેજ નયને જોયા બાદ આત્મસંયમન કરીને તે મંદિરમાંથી સ્વસ્થાને જવા લાગી. યુવક કિંચિત્ વિસ્મત થયો. બન્ને દિવસે તેજ પરમ સુંદર રમણી દ્રષ્ટિએ પડી હતી, અને બન્ને દિવસે તેણે ક્ષણભર

તેની તરફ કંઇક ચમત્કારિક દષ્ટિથી જોયું. આ તરૂણીનો મને કાંઈ પણ (વાત) જણાવવાનો ઇરાદો છે; પરંતુ લાજને લીધે અપરિચિત પુરુષ સાથે બોલવાને તેનું મન સાહસ નથી કરતું; એવી તે યુવકના મનની પાકી ખાત્રી થઈ. એકવાર તેને એમ પણ લાગ્યું કે તેની પાસે જઇને પોતે તેને પુછવુંજ; પરન્તુ એક અપરિચિત યુવકે જુવાન, કુલીન સ્રી પાસે એકદમ જઇને ભાષણ કેમ કરાય ? આ વિચારથી તેની હામ ભાગી અને તે નિરાશ થયો. ફરી તે પોતાના મન સાથે બોલ્યો. "ઠીક, હું તેની પાસે જઈ પુછીશ નહીં તો તેનો કાંઈ ઉદ્દેશ હશે તે કેમ સફળ થશે ? જે હેતુથી તે આ મંદિરમાં આવી છે, તે તેનો હેતુ વિફળ થશે." આ વિચાર કરીને તે ધીમે ધીમે વિમલા પાસે જઇને બોલ્યો. "જો કે હું અપરિચિત પુરુષ છું તે છતાં આપની સાથે વાત કરવાનું સાહસ કરૂં છું. તે માટે ક્ષમા કરશો. પણ મને ખાત્રીપૂર્વક જણાય છે કે આપનો મને કાંઈ પણ કહેવાનો વિચાર છે. જો મારો આ તર્ક ખોટો ન હોયતો આપની આજ્ઞા શું છે તે બેલાશક કહો; કશો પણ અંદેશો મનમાં રાખશો નહીં." વિમલાના કાનમાં જાણે અમૃતનીજ વૃષ્ટિ થઈ! તેનું ચિત્ત કિંચિત્ કંપાયમાન થયું. પાષાણ પ્રતિમાવત્ તે નીચી ડોક કરી બિલકુલ નિશ્ચળ ઉભી રહી. પોતાના પ્રશ્નને કાંઈ પણ ઉત્તર મળ્યો નહીં અને રમણી તો નીચી ડોક કરી ઉભીજ રહી છે. એવી સ્થિતિ જોઇને યુવક ફરી બોલ્યો. "આપને જે કાંઈ કહેવાનું હોય તો બિન દહેશતે કહો. અહીં બીજો કોઈ નથી." "આપનું નામ શું ?" વિમલાએ બ્હીતાં બ્હીતાં પુછ્યું. "હાલ ઇંદ્રનાથ નામથી મને ઓળખવો." યુવકે ઉત્તર આપ્યો. વિમલાને હવે જરા ધૈર્ય આવ્યું. અને તેને બીજો પ્રશ્ન કર્યો. "ક્યો હેતુ મનમાં ધારીને મહેશ્વરના દર્શને આપનું આવવું થયું છે. એ હું આપને પુછી શકીશ કે ?"

હું આપને ટુંકમાં કહું છું. એક અનાથ અને નિરાશ્રીત સ્ત્રીને સહાય કરવાનો મારો કૃત સંકલ્પ છે." ઇંદ્રનાથ બોલ્યો.

"પૈસાની સહાયતા જોઇતી હોય તો હું..."

"ના. પૈસાની સહાયતા તો બિલકુલ જોઇતી નથી; તો પણ અપરિચિત મનુષ્યની ઉપર પરોપકાર કરવા માટે આપની એટલી ઇચ્છા છે તે સારૂ હું આપનો ઘણો આભાર માનું છું. પરમાત્મા આપને સુખી રાખો."

"ત્યારે તે સ્ત્રીને શી સહાય જોઇએ છે?"

"ન્યાય! તેને ફક્ત ન્યાય જોઇએ છે. હું મુંગેર જઈ ન્યાય માગવાનો છું; પણ આપ એ વાતો શા માટે પુછો છો."

મુંગેરનું નામ સાંભળતાંજ વિમલાને પોતાના પિતાનું સ્મરણ થયું. સતીશચંદ્રની વિપત્તિનું સ્મરણ થતાંજ તેની બધી લાજ-મર્યાદા અંતર્ધ્યાન થઈ. ઇંદ્રનાથને તે સજલ નેત્રે કહેવા લાગી. "આપ વીર પુરુષ છો એમ આપની મુખમુદ્રા કહે છે. આપનું સામર્થ્ય પણ અપાર દેખાય છે. આપની પાસે આ દીનદાસી એક વાતની ભિક્ષા માગે છે; પણ પ્રથમ મને વચન આપો."

"સુંદરી! મારૂં સામર્થ્ય તે શું! તોપણ આપની આજ્ઞાનું પ્રાણની પણ પરવા ન કરતાં પાલન કરીશ." ઇંદ્રનાથ વિચાર કરી બોલ્યો.

"બંગદેશના દિવાન સતીશચંદ્ર મુંગેર ગયા છે. તે હાલ ભયંકર વિપત્તિમાં છે. 'તેનું રક્ષણ કરીશ' એવું મને વચન આપો."

આ ચમત્કારિક ભાષણ સાંભળતાંજ ઇંદ્રનાથનું મુખ ગંભીર થયું તેના કપાળપર કરચલીઓ પડી. તે જોઇને વિમલા ફરી બોલી. "આપ એટલા શા વિચારમાં પડચા છો? વિપત્તિમાં પડેલા મનુષ્યના સંકટનો નાશ કરવો એ વીર પુરુષનું કર્તવ્ય નથી કે શું?

સતીશચંદ્ર માટે આપે કાંઈ આડું અવળું સાંભળ્યું હશે; પણ તે બધું ખોટું છે! તે સર્વે શકુનીનુંજ કપટ છે."

"આપ શું કહો છો તેની મને કાંઈ સમજ પડતી નથી. શું છે તે સ્પષ્ટ કહો. શકુની વળી કોણ ?"

"શકુની સતીશચંદ્રનો શત્રુ ! તેજ મુઓ દુષ્ટ અપરાધી છે. સતીશચંદ્રના ઉદાર ચરિત્રને કલંકનો સ્પર્શ પણ થયો નથી. મહાશય ! મહેશ્વરની સામે આપ એવા સોગંદ લ્યો કે સતીશચંદ્રને હું મદદ કરીશ."

આ ભાષણ સાંભળીને ઇંદ્રનાથ તો હતબુદ્ધજ થઈ ગયો. થોડી વાર પછી તે બોલ્યો. "જો સતીશચંદ્ર ખરેખરજ નિર્દોષી હશે તો હું મારો પ્રાણ આપીને તેને બચાવવાનો પ્રયત્ન કરીશ. ઠીક, પણ આપનું નામ શું? આપ કોણ છો? અને મારી પ્રતિજ્ઞાનું અને ઉપાસનાનું કારણ આપને કેમ સમજાયું."

"આપનો ઉદ્દેશ શું છે તેની મને ખબર નથી; પરંતુ આપ કોઈ પણ મોટા પુરૂષ છો, અને મુંગેર કોઈ મહત્વના કામ માટે જાઓ છો એમ મને મારો મનોદેવતા કહે છે. આપનો કાંઇક અધિક પરિચય મળશે તો ઠીક થશે."

"મારો પરિચય હાલ તો એટલોજ બસ છે; કે હું એક કાયસ્થ જમીનદારનો પુત્ર છું અને યુદ્ધવિદ્યામાં પારંગત થવા માટે મુંગેર જાઉં છું."

વિમલા નિસ્તબ્ધપણે મંદિર બહાર નિકળીને પોતાના ઉતારા તરફ ચાલતી થઈ.

પ્રકરણ ૧૭ મું.

અપરિચિત નૌકાપતિ.

How he heard the ancient helmsman
chant a song so wild and clear,
That the sailing sea-bird slowly
Poised upon the mast to hear.
Till his soul was full of longing,
And he cried with impulse strong,-
"Helmsman! for the love of heaven,
Teach me, too, that wondrous song!

Longfellow.

મુંગેરનો પ્રચંડ અને ભવ્ય કિલ્લો ગંગાનદીના રમણીય કિનારાને ઘણી શોભા આપતો હતો. નદીના પૃષ્ટ ભાગપર નાના નાના તરંગો ઉઠીને ખળ ખળ શબ્દ કરતા કિલ્લાના પગથીએ જઈ અથડાઇને મસ્તકપર ફેણુ ધારણુ કરી પુનઃ પાછા ફરતાં હતાં. ક્યાંક ક્યાંક કિનારાપરથી માટી જળના પ્રવાહમાં પડીને પાણી કિંચિત્ અસ્વચ્છ થઈ જતું; પણ ક્ષણુભરમાં તે પૂર્વવત્ સ્વચ્છ થઇને ગંભીર પ્રવાહથી વહેવા લાગતું. સ્થળે સ્થળે ધોળી રેતીના બેટાપર નાનાવિધ પંખીઓ વિહાર કરતા દગ્ગોચર થતાં હતાં. કોઈ કોઈ ઠેકાણે ખારવા અને મુસાફરો કિનારે ઉતરીને ભોજન કરવાની તૈયારીમાં રોકાયા હતા. નૌકામાંના અસંખ્ય દીવાઓનો સુંદર પ્રકાશ દૂરથી નક્ષત્ર જ્યોતિ સરખો લાગતો અને તેનું પ્રતિબિંબ નિર્મળ નદીના પાણીમાં પડવાથી અપૂર્વ શોભા બની હતી. ક્રમે ક્રમે ગગન મંડલમાં પણ એક એક તારો ઉદય પામવા લાગ્યો હતો. કાંઠાપરના એકાદ બે માણસના ગાયનનો આલાપ

સ્વર લેતા સાંભળવામાં આવતો હતો. નગર જનોનો શબ્દ ધીમે ધીમે મંદ થતો ચાલ્યો હતો. એવા તે ગંગાના કિનારાપર એક તરૂણ આમ તેમ ફરતો હતો. આ અમારા વાંચકોનો ઓળખીતો ઇંદ્રનાથજ હતો. આજેજ ઇંદ્રનાથ મુંગેરમાં આવી પહોંચ્યો હતો. કોઇક ગૂઢ વિચારમાં મગ્ન થઇને તે કિનારાપર આમ તેમ ફરતો હતો.

ઇંદ્રનાથ મુંગેર શા માટે આવ્યો હતો ભલા? સમરસિંહના વધનું વેર લેવા કે? પરન્તુ વેર કેમ લેશે? તેના જેવો આશ્રયહીન, અને અપરિચિત મનુષ્ય શી રીતે વેર લેશે? રાજા તોડરમલ્લ મુંગેરમાં છે તેની પાસે જઈ ન્યાય માગવાથી તેનું કાર્ય સિદ્ધ થશે કે? રાજા સાહેબ બંડ દાબી દેવાના કામમાં રોકાયા છે, તે બીજી વાતમાં શી રીતે ધ્યાન આપશે? હજી તેમણે બંગદેશ પૂરે પૂરો જીત્યો નથી; તો ન્યાય અને અન્યાયનો તે શી રીતે વિચાર કરશે? સમજો કે જો કદાપિ ન્યાય અને અન્યાયનો વિચાર કરવા તે તૈયાર હોય તો પણ એક અજાણ્યા માણસની વાતપર વિશ્વાસ કોણ રાખે? આખા બંગાળામાં જેની હાક વાગી રહી છે, એવા બળવાન્ સત્તાધીશ દિવાન સતીશચંદ્રની વિરૂદ્ધ એક જેવા તેવા અજાણ્યા જમીનદારના છોકરાએ કાંઇ કહ્યું તો તે ખરૂં કોણ માનશે? અને રાજા તોડરમલ્લ એ વાતની ચોકસી કરવાને કબુલ થયા તો પણ સતીશચંદ્રપર ગુન્હાની સાબિતી થવા જેવા સબળ પુરાવા ઇંદ્રનાથ ક્યાંથી એકઠા કરશે? ઠીક, સતીશચંદ્રપર દોષારોપણ કરવાનું યોગ્ય ગણાશે? મહેશ્વરના મંદિરમાં તે સુંદરીએ શું કહ્યું હતુ? તે ખોટું કહેશે એ બિલકુલ સંભવતું નથી. કારણ કે તેની મુખમુદ્રાજ તે વાતની સત્યતાની પૂરી સાક્ષી દેતી હતી. અને તેનું કહેવું ખરૂં હોય તો ખરેખર સતીશચંદ્ર તદ્દન નિર્દોષ હોવો જોઇએ. પાકી ખાત્રી થયા વિના સતીશચંદ્ર જેવા મોટા પુરૂષપર દોષારોપણ કરવો યોગ્ય થશે?

તે તરુણીએ જેનું નામ દીધું હતું તે શકુની કોણ? ઇંદ્રનાથ જેમ જેમ વધારે વિચાર કરવા લાગ્યો તેમ તેમ વધારે ગુંચવાયો. ગંગાના કિનારાપર એકલોજ કેટલોક વખત વિચાર કરતો આમ તેમ ભ્રમણ કરતો હતો; પરંતુ તેના મનમાં સ્થાયી નિશ્ચય કાંઈ પણ થયો નહીં. છેવટે શાંત થઈ તે કિનારાપર એક સ્થળે બેઠો અને મનમાંને મનમ બોલ્યો. "અત્યારે કાંઈ પણ નિશ્ચય થઇ શકતો નથી. મુંગેરમાં કેટલાક દિવસ રહીને પ્રસંગ જોઈ જે કરવું હોય તે કરીશું." અકસ્માત એકદમ એક સ્વર્ગીય ગાયનથી ઇંદ્રનાથની તંદ્રા ભંગ પામી અને તે તરત શુદ્ધિપર આવ્યો. ડોક ઉંચી કરી તેને સામે જોયું; તો શ્વેત ચંદ્રપ્રભાથી અધિક ઉજ્વલ દેખાતા ગંગાનદીના પટ ઉપર એક નાની સરખી નૌકા ચાલી રહી છે, અને તે નૌકામાં એકજ મનુષ્ય હોઇને તે ગાયન ગાય છે. તે ગાયન એટલું મધુર હતું કે કેમ એ સ્વતંત્ર પ્રશ્ન છે. પરન્તુ તે ઇંદ્રનાથના કાનને સ્વર્ગ લોકના સંગીત કરતાં પણ અધિક મધુરૂં લાગ્યું. તે ગાયનની એક બે અને ત્રણ આવૃત્તિઓ થઈ. ભાગીરથીના અનંત ગીતમાં મળી જઇને તે શાંત નિશાકાલીન વાતાવરણમાં સંચાર કરવા લાગ્યો. ધીમે ધીમે તરતી તરતી તે નૌકા ઇંદ્રનાથ બેઠો હતો તેજ જગોએ આવીને કિનારે લાગી. નૌકામાં બેઠેલા મનુષ્યની ચાલ ચલગત સભ્ય દેખાતી હતી. તે પોતાનું મનરંજન કરવા માટેજ મુખેથી ગાયન ગાતો હતો અને હાથેથી નૌકા ચલાવતો હતો. નૌકામાં બેઠેલા મનુષ્યનો ભવ્ય વેષ અને સૌમ્ય–શાન્ત મુદ્રા જોઈને તેનું તે સ્નેહ–કરૂણા ભરિત ગાયન સાંભળી તેની સાથે સંભાષણ કરવાની ઇંદ્રનાથના મનમાં અભિલાષા ઉત્પન્ન થઈ. ઇંદ્રનાથે મુંગેર સંબંધી તે મનુષ્યને પ્રથમ એક બે પ્રશ્નો પુછયા. તે ગૃહસ્થે પણ તેના પ્રશ્નના ઉત્તરો મોટા આનંદથી આપ્યા. થોડાજ વખતમાં ઉભય વચ્ચે પ્રેમ ઉત્પન્ન થયો. ઇંદ્રનાથ બોલ્યો "સદ્‌ગૃહસ્થ! આપની નૌકામાં બેસી આપની સાથે જરા શીતલ ચંદનીમાં

થોડી સ્હેલ કરવી અને આપનું તે મધુર ગાયન ફરી એકવાર સાંભળીને હૃદય તૃપ્ત કરવું એવી મારા મનમાં અભિલાષા ઉત્પન્ન થઈ છે. કૃપા કરીને તે પૂર્ણ કરશો તો હું આપનો અત્યંત આભારી થઈશ." તે મનુષ્ય બોલ્યો " આપ જેવા સાથે મારો આજે પરિચય થયો એ હું મારૂં મોટું ભાગ્ય સમજું છું. આવો આનંદથી નૌકામાં બેસો. અને તમને મારૂં ગાયન એટલું પ્યારૂં–મધુરૂ લાગ્યું હોય તો તે ખુશીથી સાંભળો. તે પ્રમાણે ઈંદ્રનાથ નૌકામાં આવી બેઠો. નૌકા ફરી ચાલુ થઈ. તે કરૂણા ભરિત ઉત્તમ ગાયને રાત્રી સમયનું આકાશ વ્યાપી નાંખ્યું. થોડા વખત પછી તે મનુષ્યે ઈંદ્રનાથને પુછ્યું " આપ મુંગેર ક્યારે આવ્યા ?" "આજજ આવ્યો છું." ઈંદ્રનાથ બોલ્યો.

" આપનું નામ શું અને આપ કયાં રહો છો ?"

" મને ઈંદ્રનાથ કહે છે. હું નદિયા જીલ્લામાં રહુ છું"

" નદિયા જીલ્લામાં? નદીયા જીલ્લામાં આપ કયા ગામમાં રહો છો ?" " ઇચ્છાપુર ગામમાં"

" શું ! ઇચ્છાપુર ? આપના પિતાનું નામ શું ?"

" કેમ વારૂ આપ ક્યારે ઇચ્છાપુર ગયા છો કે શું ?"

ઘણીવાર સુધી તે અજાણ્યો માણસ સ્તબ્ધ રહ્યો પછી તે બોલ્યો " કામ પ્રસંગે મને સર્વ ઠેકાણે જવું પડે છે. આપના પિતાનું નામ શું? કદાપિ હું તેમને ઓળખતો પણ હોઈશ."

ઈંદ્રનાથ કોઇને પોતાની ઓળખ આપતો નહતો. છદ્મવેશ ધારણ કરીને તે દેશાટન કરતો હતો; પરંતુ આ પોતાના નવા મિત્રથી પોતાના પિતાનું નામ ગુપ્ત રાખવાનું તેને કાંઈ પણ પ્રયોજન જણાયું નહીં." ઘર છોડી આવ્યાંને ઘણાજ દિવસ થયા છે કદાપિ આ ગૃહસ્થ હમણાંજ ઈચ્છાપુર જઈ આવ્યો હશે તો આપણને ઘરના સમાચાર તો સમજાશે. આવો વિચાર કરીને ઈંદ્રનાથ બોલ્યો " ઈચ્છા-

પુરના સુપ્રસિદ્ધ જમીનદાર નગેંદ્રનાથ ચોધરી એ મારા પિતા થાય છે.”

નગેદ્રનાથનું નામ સાંભળતાંજ તે ગૃહસ્થ આશ્ચર્યચકિત થયો. બન્ને હાથે આંખો ચોળી નજીક આવી તે બોલ્યો “નગેંદ્રનાથ?” હવે ઇંદ્રનાથના મુખ તરફ તાકીને જોઇ અધિક આશ્ચર્ય ચકિત થઇ બોલ્યો “શું આપનું નામ ઇંદ્રનાથ છે?”

“નહીં. મારૂં ખરૂં નામ આ નથી. મારૂં ખરૂં નામ તો સુરેંદ્રનાથ છે; પરંતુ ગુપ્તવેશે દેશાટન કરવાનો મારો આશય હોવાથી મેં આ નામ ધારણ કર્યું છે.”

“સુરેંદ્રનાથ!” આટલા શબ્દો બોલીને તે ગૃહસ્થ સ્તબ્ધ રહ્યો. તેનાથી આગળ બોલી શકાયું નહીં. આંખમાંથી દડ દડ અશ્રુધારા વહેવા લાગી. કેટલાક વખત પછી પોતાનો હ્રદયાવેગ શમાવી તે ગૃહસ્થ બોલ્યો “સુરેંદ્રનાથ હું બાળપણામાં તમારે ઘેર કેટલા દિવસ રહયો હતો, તે વખતે તમે બિલકુલ નાના હતા. નગેંદ્રનાથ ખુશીમાં છે ને?”

“હા ખુશીમાં છે.” ઇંદ્રનાથ બોલ્યો.

“હાલ તમારો મોટો ભાઈ કયાં છે?”

“મારા મોટા ભાઇના મરણને ઘણાં વર્ષ થયાં.”

“તેનું નામ ઉપેન્દ્રનાથ હતું ને?”

“હા.”

“વારૂ, તેનો અંત કેવી રીતે થયો.”

“ઇચ્છાપુરમાં વાઘનો ઘણો ભય છે. મારા મોટા ભાઇને વાઘ લઈ ગયો કહે છે. હું તે વખતે નાનો હતો. આજે તે વાતને ઘણાં વર્ષ થઇ ગયાં છે.”

“ઠીક, તમારી માતા તો સુખ–ખુશીમાં છે ને?”

" મોટા છોકરાનું એમ આકસ્મિક રીતે મોત સાંભળી માતાના કાળજાને મોટો ધક્કો લાગ્યો અને તે દુઃખથી તે માંદી પડી તથા તે માંદગીમાંજ આખરે બિચારીનો અંતઃકાળ થયો ! "

ઘણીવાર સુધી બન્ને સ્તબ્ધ બેઠા હતા. એટલીવાર નૌકા શાંત-પણે તરતી ચાલતી હતી. ઘડી પછી ઇંદ્રનાથે જોયું તો અપરિચિત ગૃહસ્થનું મુખ મંડળ, છાતી અને શરીરપરનાં વસ્ત્રો એ અશ્રુથી છે-કજ ભીંજાઇ ગયાં છે, તે જોઇને ઇંદ્રનાથ વિસ્મત થયો. નૌકા આ-શરે કોસભર ગઈ હતી. ગંગા નદીનું પાણી ચંદ્રકિરણોને લીધે ચક-ચક કરતું હતું. આકાશમાં એક બે નાનાં મેઘ દેખાતાં હતાં. કદિ કદિ મેઘ ચંદ્રપર આવરણ લાવતાં હતાં; પરંતુ વાયુએ તેમને ધકેલી દેતાંજ ફરી ચંદ્રની પુણ્યપ્રભા નદીના શાંત પટપર નૃત્ય કરતી હતી. આ-કાશ નીલવર્ણું અને ગંભીર દેખાતું હતું. એકાદ બે તારા લજ્જાવતી નવવધૂની પેઠે થોડી થોડી વારે ધીમે રહી પોતાનું મુખ દેખાડી ફરી આકાશપટ (આકાશરૂપી પડદા) ની આડે છુપાઈ જતા. સમસ્ત જ-ગતે પૂર્ણ નિઃસ્તબ્ધતા ધારણ કરી હતી. માત્ર કોઈ કોઈ વેળાએ એકાદ બે ગાયનનો ધ્વનિ દૂરથી તણાઈ આવીને નદીના જળપૃષ્ટપર અને પાસેના રેતીના બેટોપર પ્રતિધ્વનિત થતો હતો. આ વખતે નદીમાં એક પણ નૌકા ચાલતી દેખાતી ન હતી. ઇંદ્રનાથની નાની નૌકા તરંગમાળાને એક તરફ કરતી સરસર શબ્દ કરતી ચાલતી હતી. ધીમે ધીમે તટપર એક દિવાનો પ્રકાશ દેખાવા લાગ્યો. નૌકાનો માલિક દીવા તરફ આંગળી કરી પોતાના નવા મિત્રને કહે છે. " તે દીવો દેખાય છે, તે મારૂં ઘર, ઘરની પાસેજ એક કુંજ છે; તે કુંજ નહીં પણ મારૂં હૃદય છે. " નૌકાના માલિકનું આ ભાષણ સાંભળી ઇંદ્રિનાથ ચકિત થયો. તેણે જોયું કે તે ગૃહસ્થના નેત્રોમાંથી દડદડ આંસુઓ વહે છે. ઇંદ્ર-નાથનું પણ હૃદય ભરાઇ આવ્યું. સ્નેહના ઉભરાથી પોતાના નવબંધુના

અશ્રુમોચન કરી તે બોલ્યો. "ભાઈ! તારૂં નામ અને તારો ધંધો શું તેની મને કંઇ પણ ખબર નથી; પરન્તુ તને ભાઈ કહીનેજ બોલાવવો એમ મને મારૂં મન કહે છે. તારા આ નાના ભાઈને તારૂં દુઃખનું મન ખોલીને કહે. બનશે તો હું તારૂં દુઃખ નિવારણ કરીશ." તે અજાણ્યો ગૃહસ્થ બોલ્યો "મારીપર તારો એટલો સ્નેહ છે તો કૃપા કરીને મારે ઘેર ચાલ. ત્યાં હું તને મારી બધી હકીકત કહીશ." ઈંદ્રનાથ કબૂલ થયો. નૌકા કિનારે લાગી. પછી બન્ને કિનારાપરની ઝુંપડી તરફ સ્તબ્ધપણે ચાલતા થયા.

પ્રકરણ ૧૮ મું.

કમલા.

As in the bosom o' the steam
    The moon-beam dwells at dwells e'en
So trembling, pure was tender love,
    Within the breast o' bonnie Jean.
And now she works her mammie's work,
    And aye she sighs with care and pain,
Ye wist na what her ail might be,
    or what wad make her weel again.

Burns.

અમે આગળ કહી ગયા છીએ કે મહેશ્વરના મંદિરની નજીકજ વનગ્રામ નામનું એક નાનું સરખું ગામ હતું. મહંત ચંદ્રશેખર બહુધા મહેશ્વરના મંદિરમાંજ રહેતા હતા; પરંતુ કોઈ કોઈ વેળા એઓએ આ

રમણીય ગામડામાં પણ વસતા હતા. ઘણા મંદિરોના મુખ્ય પુજારીઓ લોભી, પેટભરા અને વિષય લંપટ જોવામાં આવે છે; પરંતુ મહંત ચંદ્રશેખર એ કોટિના પુજારી નહોતા. તેમનું વર્તન અતિશય નિર્મળ હતું. અનેક અનાથ બ્રાહ્મણ સ્ત્રી પુરૂષોને આ ગામમાં આશ્રય આપીને તેઓ તેમના પર સગાં ભાઈ–બેન જેવો પ્રેમ રાખતા. મંદિરનું સર્વ કામ પોતાના વિશ્વાસુ માણસોને સોંપી ચંદ્રશેખર વનગ્રામમાં પોતાનું આશ્રિત મંડળ જમાવી ત્યાંજ પ્રભુની ઉપાસના કરતા હતા. જરૂર પડતાં તે પોતે પણ મહેશ્વરની સેવામાં ઉભા રહેતા. કમળા નામની એક અનાથ કાયસ્થ કન્યા તેમને આશ્રયે આવી રહી હતી. તેના પર ચંદ્રશેખર પિતાવત્ પ્રેમ રાખતા હતા. તે જેવા નિર્મળ ચરિત્ર ધારી હતા તેવા ધર્મપરાયણ પણ હતા. તેમને જોતાંજ પ્રાચીન કાળના ઋષિ મુનિઓનું સ્મરણ થતું. ચંદ્રશેખરે વનગ્રામમાં પ્રાચીન કાળના આશ્રમની શોભા આણી હતી. આથી તેના શિષ્યોએ વિનોદમાં તેને કણાદ મુનિનું અને કમળાને શકુંતલાનું નામ આપ્યું હતું.

સંધ્યાકાળ થયો હતો. બે તરૂણીઓ આશ્રમની પાસેજ નદીના તટપર આવીને બેઠી હતી. તેમાંની એક સરલા હતી અને બીજી કમળા હતી. સરલાને તો અમારા વાંચકો અગાઉથી ઓળખેજ છે. કેટલાક દિવસથી કમળા આ આશ્રમમાં રહેતી હતી. તેની ઉમર લગભગ ઓગણીસ વર્ષની હતી. તે કોની પુત્રી અને કોની ગૃહિણી હતી, તેની કોઇને ખબર નહોતી. તેને વિધવા થયાને કેટલા દિવસ થયા તે સંબંધે કોઇ કાંઈ પણ જાણતું નહોતું. કમળાને તે વિષે કોઈ પૂછતું તો તે માત્ર રડવાજ લાગતી. આ કારણથી કોઈ તેને તે વિષે પૂછતું નહીં. કમલાનો સ્વભાવ અને આચરણ જોઈ આશ્રમના અન્ય માણસોને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થતું. તે હમેશાં ઉદાસ, શાંત અને ચિંતાયુક્ત દેખાતી. ઘરમાંનું સર્વ કામકાજ કરી, મધ્યાન્હ વખતે આશ્રમની પાસેની ગીચ ઝાડીના શીતળ છાંયડામાં કમળા

એકલી વિચાર નિમગ્ન થઇ બેસતી. જ્યાં પક્ષીગણુના મધુરસ્વર શિવાય મનુષ્યનો કિંચિત્ અવાજ પણ સંભળાય નહીં ત્યાં જઈ તે કલાકોના કલાકો સુધી વિચારમાં તલ્લીન થઈ બેઠેલી દેખાતી. આમ્ર-વૃક્ષનાં મુળીઆં ધોતી ઇચ્છામતીના તટ ઉપર સાયંકાળે પોતાના મન સાથેજ વિચાર કરતી તે બેસતી. નદીનો કલકલ અવાજ સાંભળીને તેના મનને ઘણી શાંતિ વળતી અને તે અનંત શબ્દ સાંભળીને કમલા વિચાર નિમગ્ન થઇ જતી. વારૂ, એવી તે શી ચિંતામાં તે પડી હશે? ચંદ્રશેખરે કમલાને પોતાના ઘરમાં આશ્રય આપ્યો હતો. તે તેને પોતાની પુત્રી પ્રમાણે ગણી તેનું લાલન પાલન કરતા હતા. ગામના સર્વે લોકો કમલાપર પ્રીતિ રાખતા હતા. તેનું બોલવું સાંભળી તેઓ સંતુષ્ટ થતા હતા. કમલાનું બોલવું એવું તો મિષ્ટ અને મધુર હતું કે જાણે શ્રોતાના કાનમાં અમૃતની વૃષ્ટિજ થતી ના હોય! કમલા દેખાવમાં અતિ સુંદર હતી. તેની નેત્રપ્રભા શાંત અને ચિંતાદર્શક હતી; તેનું મુખ પણ શાંત અને ગાઢ ચિંતાથી મ્લાન થયેલું દેખાતું હતું. તેની દેહ અતિસુકુમાર, શરીરનો બાંધો પાતળો અને વસ્ત્રો વૈધવ્ય સૂચક હતાં. કમલા ચંદ્રશેખરને પોતાના પિતા તુલ્ય ગણુતી હતી. તેના ઘરમાં તે પુત્રીની પેઠે કામકાજ કરતી હતી. કામકાજ કર્યા પછી ફુરસદ મળતાંજ તે ઉપર જણાવેલા એકાંત સ્થળે જઈ વિચાર નિમગ્ન થઈ બેસતી. કેશવાચાર્ય વિનોદમાં તેને વનદેવી કહેતો. પછી તો સર્વે જણ તેને વનદેવીનેજ નામે બોલાવવા લાગ્યા. જે સુંદરી કલાકોના કલાકો સુધી એકલીજ વનમાં વિહાર કરે તેને શાંત, પવિત્ર અને મોટાં મોટાં વૃક્ષોથી ઘેરાયેલા આશ્રમની વનદેવી કહેવામાં આવે તેમાં શી નવાઇ?

આજે સાયંકાળે કમલા સરલાને પોતાની સાથે લઈ ગઈ. બન્ને જણુ હમ્મેશની જગાએ બેઠાં. કમલા સરલા પર અત્યંત પ્રેમ રાખતી હતી. સરલા સરખી સરલ ચિત્ત બાલિકાપર કોણુ પ્રેમ ન કરે?

કમલાનું દુઃખ જોઈ સરલા દુઃખી થતી અને પોતાનું દુઃખ વિસરી જતી. આથી તે બન્ને જણુ વચ્ચે ગાઢ પ્રેમ ઉત્પન્ન થયો હતો. સરલાને એવું તે શું દુઃખ હતુ ? બાલિકાના હૃદયમાં ચિંતાનો વાસ ક્યાંથી હોય ? પરંતુ સરલા હવે બાલિકા નહોતી. તેના હૃદયમાં પ્રણુય કીટકે પ્રવેશ કરી દીધો હતો. ઇંદ્રનાથે સરલાની રજા લીધી તેજ દિવસથી પ્રેમ કોને કહે છે તેની સરલાને ખબર પડી હતી. પ્રાણુવલ્લભ તરફની ચિંતાથી ચિત્ત કેટલું વ્યાકુળ થાય છે તેનો તેને હવે પૂરેપૂરો અનુભવ મળ્યો. સરલા પોતાની માતાપર હજીયે અત્યંત પ્રેમ રાખતી હતી. હજીએ તે માતાની સેવા શુશ્રૂષા કરતી હતી, પણુ તેનું ચિત્ત બીજી તરફ લાગી રહ્યું હતું. ઇંદ્રનાથના મુખ કમળનું ચિત્ર હમ્મેશાં તેની દ્રષ્ટિસમીપ ખડું થતું. પહેલાંની માફકજ હજી તે કામકાજ કરતી હતી; પરંતુ કામ કરતાં કરતાં વચમાં દીર્ઘ નિઃશ્વાસ નાંખતી અથવા આંખમાં અશ્રુ લાવતી. લજ્જાથી પોતાના આંસુઓ લુંછી નાંખી તે પુનઃ પોતાના કામપર લાગતી; પરંતુ પુનઃ તેનાં બન્ને નેત્રોમાં અશ્રુ ભરાઇ આવતાં અને પછી તરતજ તેનું મુખ અશ્રુ જલથી ભીંજાઇ જતું. તેને એવી તે શી ચિંતા હતી ? સરલાને કોઈ આવો પ્રશ્ન કરતું તો તેનો કશોયે ઉત્તર તે આપી શકતી નહીં; પરંતુ વાંચક બંધુઓ ! આપ સરલાની ચિંતા વિષે સ્હેલાઇથી અનુમાન કરી શકશો. રૂદ્રપુરમાં શાંતિકુંજમાં તે પુર્ણિમાની રાત્રીએ તેણે જે દેવમૂર્ત્તિ જોઈ હતી તે પુનઃ તેની દ્રષ્ટિએ પડશે કે ? યુદ્ધની સમાપ્તિ થયા પછી ઇંદ્રનાથ આવીને મળશે કે ? એ ચિંતામાં નિમગ્ન થઇ તે પોતાનું કામકાજ પણુ કદી કદી વિસરી જતી. ચારે દિશાઓ તેને શૂન્ય જણાવા લાગી. પોતાના અંતર્ચક્ષુમાં રૂદ્રપુરની ઝુંપડી, તે નાનું શાંતિકુંજ નામક ઉદ્યાન, ઉદ્યાનમાંના સુંદર પુષ્પવૃક્ષો, તે પૂર્ણિમાની રાત્રી અને ચંદ્રની ધોળી ચંદ્રનીમાં મ્લાન મુખ કરીને ઊભો રહેલો ઇંદ્રનાથ આ સઘળી

ચીજો તેને દેખાવા લાગી. આ કારણથી તેની આંખો અશ્રુજળથી પરિપૂર્ણ થતી હતી.

મંદિરમાં રહેતા માણસોમાંથી માત્ર એક જણે સરલાની આ કરૂણાસ્પદ સ્થિતિનું સૂક્ષ્મ દ્રષ્ટિએ અવલોકન કર્યું હતું. કમલા સરલાને કોઈ કોઈ પ્રસંગે પોતાની સાથે નદીના ઘાટપર અથવા ગીચ વૃક્ષોની છાયામાં લઈ જતી હતી. ત્યાં બેસીને સરલાની સાથે અતિ પ્રેમથી વાતો કરતી અને તેના મનનું સાંત્વન કરી; તેની આંખમાંનાં અશ્રુ પ્રેમથી લુંછી નાંખતી અને તેની પર બ્હેનના જેવો સ્નેહ રાખતી હતી. કમલાની વાત સાંભળીને સરલા પોતાનું દુઃખ વિસરી જતી. જે જનશૂન્ય સ્થળોમાં એકલી જતાં તેને બીક લાગતી ત્યાં તે કમળાની સાથે જવામાં જરા પણ સંકોચ રાખતી નહીં. બન્ને જણુ સાથે બેસતાં ત્યારે કમળા પોતાનું હૃદય ખોલી વાત કરતી. સરલાની આગળ કશી પણ વાત ગુપ્ત રાખતી નહીં. સરલા કમળાની વાત સંપૂર્ણ લક્ષ દઈને સાંભળતી. તેની વાત સાંભળી સરલા પોતાનું દુઃખ વિસરી જતી.

પ્રકરણ ૧૯ મું.

બોલ જોઉં, હું કોણ છું ?

Manfred–oblivion, self-oblivion.

Byron.

“ સરલા ” કમળા બોલી. સરલા કાંઇ પણ ઉત્તર ન આપતાં કમળાના મુખ તરફ જોવા લાગી. કમળા પુનઃ બોલી “ સરલા ! વારૂં તું આજે એટલી બધી ખિન્ન કેમ દેખાય છે ? ” હજી પણ સરલા કાંઈ બોલી નહીં, તેણે પોતાનું મુખ જમીન તરફ વધારે નીચું

કીધું. સરલાનો દુઃખાવેશ આજે ઘણોજ પ્રબળ છે એમ કમળાને સ્પષ્ટ રીતે સમજાયું. સરલાની પાસે જઈ, તેની અડોઅડ બેસી, કમળાએ પ્રેમથી પોતાની સખીના હાથ પોતાના હાથમાં લીધા અને કહ્યું “ બ્હેની ! પૃથ્વીની પીઠપર તારા કરતાંએ હતભાગિની સ્ત્રી છે. તને તો પ્રાણ કરતાં પણ અધિક ચાહનારી માતા છે, આ જગતમાં રહેવાનું તને સ્થાન છે, તારો હૃદયેશ્વર હજી જીવે છે, તને ભવિષ્યમાં સુખની આશા છે, ભરોસો છે; પરંતુ આ પૃથ્વીપર જેનું કોઈજ નથી, જેને ભાવી સુખની જરા પણ આશા નથી, કાલે શું થશે તે અનિશ્ચિત છે, જે અગાધ ચિંતા સાગરમાં હમેશાં ડુબેલી રહે છે, એવી હતભાગિની સ્ત્રી આ તારી પાસે બેઠી, તે છે.”

“ મોટી બ્હેન ! તારા દુઃખની વાત સાંભળું છું. ત્યારે હું મારૂં દુઃખ વિસરી જાઉં છું.” સરલા આ સાંભળી બોલી.

“ નાના પ્રકારનાં સંકટો—દુઃખો—યાતનાઓ સહન કરવાને માટેજ પરમેશ્વરે સ્ત્રીજાતીને ઉત્પન્ન કરી છે. પુરૂષો કરતાં આપણામાં સહનશીલતા દશગણી વધારે છે.” કમલા બોલી.

“ પરંતુ કોઈ સ્ત્રી નજ સહન કરી શકે તો ? ”

“ ત્યારે તેણે જન્મ લીધેલોજ શા કામનો ? તુંજ જો ! પુરૂષને આ જગતમાં રહેવાને માટે કેટલી બધી સગવડો છે, સન્માન, સંપત્તિ, ગૌરવ, યશ, કીર્તિ વિગેરેના રસ્તા તેમને માટે ખુલ્લાં છે. તેમનું જીવતર કષ્ટદાયક ન થવાના હજારો કારણો છે, તેમના સુખના અનેક માર્ગો છે, એક નહીં તો બીજો, બીજો નહીં તો ત્રીજો, અર્થાત્ ગમે તે માર્ગે તે સુખ મેળવી શકે છે. આ કારણથીજ તેમના દિવસો સ્વમવત્ ક્યાં નીકળી જાય છે તે જણાતું નથી. પ્રયત્નમાં યશ મળો કે ન મળો પણ જ્યાં સુધી પ્રયત્ન ચાલુ હોય, જ્યાં સુધી આશા હોય ત્યાં સુધી જીવન કદી યાતનામય બનતું નથી. અને કયો પુરૂષ પ્રયત્ન

નથી કરતો કે આશા નથી ધરતો ? સર્વે પ્રયત્ન કરે છે; આશા ધરે છે, તરૂણોને મહત્ત્વાકાંક્ષા હોય છે, માન, ખ્યાતિ અને સામર્થ્ય સંપાદન કરવાની પ્રબળ ઈચ્છા તેમનામાં હોય છે. વૃદ્ધ પુરૂષોનું શેષ આયુષ્ય ધનકામના, પુત્રકામના, વંશવૃદ્ધિની કામના ઈત્યાદિ હજારો ઇચ્છાઓમાં સહેલાઇથી વ્યતીત થઈ જાય છે; પરંતુ મારા જેવી હતભાગિની સ્ત્રીને આવી કોઈ પણ જાતની આશા હોય કે ?"

આટલું બોલી કમલા કિંચિત્ વિરમી. સરલા ઔત્સુક્ય પૂર્ણ નેત્રે કમલાના મુખ તરફ જોઈ એકાગ્રચિત્તે તેનું સંભાષણ સાંભળતી હતી. કમલા આગળ બોલી.

"હતભાગિની સ્ત્રીજાતિને શું સુખ છે ? આ વિસ્તીર્ણ સંસાર સાગર તરી જવાને માટે તેની પાસે માત્ર એક નૌકા હોય છે. તે નૌકા પ્રેમ છે. માત્ર પ્રેમરૂપી નૌકાની મદદથી તે ભવસાગર તરી શકે છે; પરંતુ એ નૌકા વચમાંજ કોઈ ખડક સાથે અથડાઇને તેના કટકેકટકા થઈ જાય ત્યારે તો તેનું સર્વસ્વ નાશ પામ્યુંજ સમજવું. તે બીચારીનો સર્વ આધાર તુટી જાય છે. સુખ, આશા, શ્રદ્ધા સર્વથા નષ્ટ થઈ જાય છે. અથાગ સાગરમાં સમાધિ કર્યા સિવાય બીજો તેનો ઉપાય રહેતોજ નથી."

"મ્હોટી બ્હેન ! ખરેખર તારા જેવું દુઃખ બીજા કોઈ પણ માણસને નહીં હોય ! તારૂં પૂર્વવૃત્તાંત સાંભળવાની મારી ઘણીજ ઇચ્છા છે." સરલા બોલી.

"સરલા ! તો એ હું કાંઇ દુઃખી નથી, હું રાતદિવસ ચિંતા કરૂં છું, તેથી તું મને દુઃખી સમજીશ નહીં. ઉલટું આવી ચિંતા રાખવાને લીધેજ હું આજ સુધી જીવતી રહી છું. મારી આ ચિંતા મારા જીવનનો આધાર બની રહી છે. મધ્યાન્હકાળે વૃક્ષોની શિતળ છાયાએ બેસી ગળી પડેલાં પાંદડાંનો ખડખડ અવાજ સાંભળી મારૂં

હૃદય શાંતિરસથી ભરાઈ જાય છે. આકાશમાં આવેલા મેઘાડંબરને છેદી બહાર આવતો ચંદ્રનો શીતળ પ્રકાશ મારા હૃદયમાં અતુલનીય શાંતિનો પ્રાદુર્ભાવ કરે છે. સૃષ્ટિનું અનુપમ સૌંદર્ય જોઈ મારા મનમાં અનેક પ્રકારના ઉત્તમોત્તમ વિચારો ઉત્પન્ન થાય છે; તેથી મને અતિશય આનંદ ઉપજે છે. હું દુઃખી નથી સમજી ?"

" મોટી બ્હેન ! તારૂં પૂર્વવૃત્તાંત સાંભળવાની મારી પ્રબળ ઇચ્છાને કોઇ પણ રીતે હું દાબી શકતી નથી."

" સરલા ! તું તેનો તેજ પ્રશ્ન મને પુછે છે. આશ્રમમાંનાં ઘણાં માણસો મને એ પ્રશ્ન પુછેલો, મને વિનંતિ કરેલી, પણ મેં કોઇને પણ મારી પૂર્વકથા કહી નથી. પણ બ્હેની ! હું તારાથી તે વાત ગુપ્ત શી રીતે રાખી સકું ? હું સાચુંજ કહું છું કે મને મારી પાછલી હકીકત સ્મરણમાં આવતી નથી." કમળા બોલી.

" કાંઈ સાંભરતું નથી ? વારૂ, તારૂં ઘર ક્યાં છે ?" સરલા ચકિત થઈ બોલી.

" પશ્ચિમ દિશા તરફ પણ ગામનું નામ સ્મરણમાં રહ્યું નથી."

" તારા પિતાનું નામ શું ?"

" હું નાનપણથીજ અનાથ થઈ છું."

" ઠીક, તારા પતિનું નામ શું ?"

" નામ સાંભરતું નથી. પણ તે દેવમૂર્તિ આ હૃદયમાં સદોદિત જાગૃત રહે છે."

" મોટી બ્હેન ! તું અકાળેજ વિધવા શી રીતે થઈ ?"

" એક ઘોર વિપત્તિમાં પડી મારા પતિએ પ્રાણ છોડયાં. તે ભયંકર હકીકત સાંભળી મને અતિ દુઃખ ઉત્પન્ન થયું. ત્યાર પછીજ હું આ મહેશ્વરના મંદિરમાં આવી રહી છું." કમળા આગળ બોલી " મને એટલુંજ સાંભરે છે કે તે ભયંકર દુઃખી અવસ્થામાં હું ઘણા દિવસ

સુધી બેશુદ્ધ રહી. હૃદયમાં પુષ્કળ વેદના થતી હતી અને અસહ્ય યાતનાને લીધે હું તદ્દન અસ્વસ્થ બની ગઈ હતી. આ દુ:ખી અવસ્થામાં મને મારા પતિની દેવમૂર્તિ સર્વદા સ્વપ્નામાં દેખાવા લાગી. સ્વચ્છ નીલ અને વિસ્તીર્ણ આકાશમાં ઉજ્જવલ ચંદ્રપ્રભામાં એક નાના સરખાં વાદળાં ઉપર તે દેવમૂર્તિ વિરાજમાન થયેલી દેખાતી હતી. હજીયે જ્યારે હું આકાશ તરફ જોઉં છું ત્યારે મને તે મૂર્તિ તેજ અવસ્થામાં દેખાય છે.” વળી તે આગળ બોલી “હું તે ઘોર દુ:ખમાંથી પાછી બેઠી થઈશ, એવી કોઈને આશા નહોતી. તે વેળા પિતાજી ચંદ્રશેખર તિર્થ પર્યટન કરતા કરતા મારા ગામમાં આવી પહોંચ્યા. મારી દુ:ખી અવસ્થા જોઈ તેમનું અંત:કરણ દાઝયું અને તેમણે નિરાશ્રિત વિધવાને આશ્રય આપ્યો. તેમને મને પોતાની સાથે નૌકામાં લીધી. મારી પ્રકૃતિ તે વેળા એટલી તો મંદ હતી કે, ગામના લોકોને તો એમજ લાગ્યું કે મારૂં મૃત્યુ નૌકામાંજ થશે. જળમાર્ગે અત્રે આવતાં અમને ઘણાં દિવસ વહી ગયાં. નદીના આરોગ્યજનક વાયુની શુભ અસરથી અને પિતાજી ચંદ્રશેખરની કાળજીથી અહીંઆ આવતાં પહેલાંજ હું હુંશીયાર થઈ ગઈ. થોડા દિવસ પછી અમારી નૌકા મંદીર પાસે આવી પહોંચી અને હું પૂર્ણ તંદુરસ્તીમાં અહીંઆં ઉતરી. ત્યાર પછી હું અહીંઆ નિવાસ કરીને રહી છું.” કમળાની વાત સાંભળતાં સરલાની આંખો અશ્રુથી ભરાઈ ગઈ. કમલાનો હાથ પ્રેમથી પોતાના હાથમાં લઇને તે બોલી “મોટી બ્હેન! હવે હું કદી પણ દુ:ખી થઇશ નહીં. તારી અતિ દુ:ખની વાત સાંભળીને હું મારૂં પોતાનું દુ:ખ વિસરી ગઈ છું.”

આ પ્રમાણે સુખ દુ:ખની વાતો કરતાં તે બન્ને જણીઓ બે પ્રહર રાત્રી જતાં સુધી નદીના કિનારાપર બેઠી હતી. એવામાં કોઈએ પાછળથી આવી એકદમ સરલાની આંખપર પોતાના હાથ ઢાંક્યા. પછી તેણે પૂછયું “ બોલ, હું કોણ છું ? ”

સરલાને તે અવાજ ઓળખીતો હોય એમ લાગ્યું; પણ તે ખરે-ખર કોનો છે તે સ્પષ્ટપણે તેના ધ્યાનમાં આવી શક્યું નહીં. વનગામમાં રહેનારી તેની સખીઓનાં નામ તે એક પછી એક બોલવા લાગી. "શ્યામસુંદરી" હજી હાથ ઉપાડયા નહોતા.

"મનોમોહિની" હજી પણ આંખ ઉઘડી નહીં.

"નિર્મલકુમારી" આંખ જેવી સ્થિતિમાં હતી તેવીજ સ્થિતિમાં રહી.

"જોગેંદ્રમોહિની" ઉપલીજ સ્થિતિ.

"તારા" "તારૂં કપાળ! આટલીવારમાંજ મારૂં નામ વિસરી ગઈ? તો મારી બાઈ! હજી લગ્ન તો થયાં નથી, તે પહેલાંજ આવી સ્થિતિ છે, તો ચાર આંખ એકઠી થતાં તો કોણ જાણે કેમે થશે?" આમ બોલતી બોલતી સરલાની પ્રિય સખી અમલા સામી આવી ઉભી રહી. સરલાના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. "અમલા! અહીંઆ? ક્યારે આવી?" એટલું બોલતી બોલતી અશ્રુપૂર્ણ લોચને તે તેને કંઠે વળગી પડી અને તેના વક્ષઃસ્થળપર પોતાનું મસ્તક મૂકયું. અમલાએ પણ પોતાની પ્યારી સહિયર ઘણે દિવસે મળ-વાથી તેને ગાઢ આલિંગન દીધું અને આંખમાં આંસુ આણ્યાં થોડી વારે અમલા બોલી "આવી મધ્યરાત્રીના વખતે તું અહીંઆ અંધારામાં શું કરે છે? હું તને ક્યારનીએ શોધું છું; પણ ક્યાંએ તારો પત્તો લાગ્યો નહીં." અહીંઆ કમલાની સાથે વાત કરતી બેઠી હતી. વાતોના સપાટામા રાત કેટલી વીતી ગઇ, તેની કાંઈ ખબર રહી નહીં. તું આજેજ આવી કે?"

"હા આજેજ આવી. તને મળવાને માટે 'જાઉં જાઉં' કે-હાંડની કરી રહી હતી, પણ 'ડોસાજી' મને ક્યાં નીકળવા દે એવા છે. પણ આજે તો જ્યારે હું હઠ લઇનેજ બેઠી ત્યારે વળી રજા મળી." પછી ત્રણે જણ આશ્રમ તરફ ચાલ્યાં.

પ્રકરણ ૨૦ મું.

ઇચ્છાપુરનો જમીનદાર.

But I have woes of other kind,
Troubles and sorrows more severe,
Give me to ease my tortured mind,
Lend to my woes a patient ear.

Crabbe.

ચંદ્રશેખર અને કેશવાચાર્યના શિવાય બીજા કોઈને પણ મહાશ્વેતાની માહિતી નહોતી. આ બન્ને જણે કોઈની આગળ તેના સંબંધી વાત કદી કહી પણ નહોતી, એટલુંજ નહીં પણ મહાશ્વેતાની ખરી હકિકત કોઈની જાણમાં ન આવે એટલા માટે તેઓ પુરતો બંદોબસ્ત રાખતા હતા. મંદિરમાંના શાંત અને દ્વેષ રહિત માણસોના સહવાસથી મહાશ્વેતાનું હૃદય કિંચિત્ શાંત થયું હતું; તે છતાં પણ પતિના વધનું વેર લેવાની પ્રબળ ઇચ્છા તેના અંતઃકરણમાં હજુ સુધી જેવી ને તેવી જાગતી રહી હતી. વય વધવાની સાથે તેનો વિચાર પલટાયો નહોતો. તે પૂર્વની પેઠેજ સ્થિરભાવથી અને દ્રઢ નિશ્ચયથી દરરોજ મહાદેવની પૂજા કરતી હતી. આજે ચંદ્રશેખરને ઘેર એક મોટો ધનાઢ્ય પરોણો આવ્યો હતો. આશ્રમમાંના ઘણા ખરા માણસો જમી પરવારી પરોણાની પાસે જઈ બેઠાં. ઘરના મધ્યભાગમાં ચંદ્રશેખર બેઠો હતો. તેની વય પચાસ કરતાં પણ વધુ વર્ષની હતી; પરંતુ મંદિરમાંજ દેવકાર્યમાં સર્વ આયુષ્ય વ્યતીત થયેલું હોવાથી કહો કે તેના શાંત સ્વભાવથી કહો, પણ તેના પ્રશસ્ત લલાટપર વૃદ્ધાવસ્થાનાં કોઈ પણ ચિન્હ દેખાતાં નહોતાં. તેની બન્ને આંખો જ્યોતિઃપૂર્ણ હતી.

અંગકાંતિ સતેજ હતી; અને તે સતેજ કાંતિપર શુભ્ર યજ્ઞોપવિત વિશેષ શોભતી હતી. ચંદ્રશેખરની જમણી બાજુએ અતિથિ બેઠો હતો. તે અતિથિની વય પણ ચંદ્રશેખરના જેટલીજ હતી; પણ સંસારની ઘોર ચિંતાથી અને અનેક ઐહિક દુઃખોથી તેનું શરીર જીર્ણ થયું હતું. મસ્તકપરનાં ઘણાં કેશ શ્વેત થયા હતા; એટલુંજ નહીં પણ દાઢીના કેટલાક વાળ ધોળા દેખાતા હતા. આંખો નિ-સ્તેજ, વદન મંડળ કાંતિહીન, અને સર્વે અવયવો શિથીલ થયાં હતાં. ચંદ્રશેખર અને તેમના અતિથિ વચ્ચેનો વિરોધાભાસ જોઇ પ્રત્યેક માણસનું મન સંસારપરથી ઉઠી જઇને તે પુણ્યબળની ઉત્તમતા સ્વીકારે તો તેમાં આશ્ચર્ય થવા જેવું કાંઇ નથી. આ અતિથિને અમારા વાંચકો બિલકુલ ઓળખતા નથી એમ તો નથીજ. કાંઈ નહીં તો તેનું નામ તો સાંભળ્યું હશેજ. ઇચ્છાપુરના જમીનદાર અને સુરેન્દ્રનાથના પિતા તે એઓજ.

ચંદ્રશેખર અને નગેંદ્રનાથની આજુબાજુ ઘણાં માણસો બેઠા હતા. ચંદ્રશેખરની પાછળ કેટલેક છેટે અંધારામાં મહાશ્વેતા બુરખો ઓઢીને બેઠી હતી. તેની પાસેજ કેશવાચાર્ય બેઠો હતો અને તેની સાથે ધીમે અવાજે કાંઇકિ વાત કરતો હતો. તે વળી વચ્ચે વચ્ચે નગેંદ્રનાથની સામે પણ દ્રષ્ટિપાત કરતો જતો. ચંદ્રશેખરની ડાબી બાજુએ કમલા પોતાનાજ વિચારોમાં નિમગ્ન થઇને બેઠી હતી. તેનાથી થોડે દૂર કમલા અને સમલા બન્ને જોડાજોડ બેઠાં હતાં. આજે તેમના આનંદનો પાર રહ્યો નહોતો. તેમની વાતો પુરી થતી નહોતી. તેમના સુમિષ્ટ ઓષ્ઠપરથી મંદમંદ સુહાસ્યને અંતર્ધ્યાન થવાનો અવકાશજ મળતો નહોતો. શ્યામસુંદરી, મનોમોહિની, નિર્મલકુમારી, જોગેંદ્રમોહિની, તારા, સુંદરી વિગેરે નાની અને સમાન વયની બ્રાહ્મણ કન્યાઓ પોતાનું એક અલગ મંડળ જમાવી હાસ્ય વિનોદથી આનંદ કરતી—પામતી હતી.

નગેંદ્રનાથ એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી ચંદ્રશેખરને ઉદ્દેશીને બોલ્યો "મહારાજ! આપનું આ વિસ્તીર્ણ અને ભવ્ય મહેશ્વર મંદિર જોઈ હું ઘણો ખુશી થયો છું. આ મોહમય સંસાર છોડીને જો મેં આપની માફક ધર્મમાર્ગ સ્વીકાર્યો હોત તો આજે આવી વૃદ્ધાવસ્થામાં મારે અસીમ દુઃખસાગરમાં ડૂબવાનો વખત ન આવત."

"સર્વ સંસારનો ત્યાગ કરી અરણ્યવાસ કરવાથીજ મુક્તિ કિંવા ખરૂં સુખ મળે છે, અને સંસારમાં રહી પુણ્યકર્મ કરવાથી મોક્ષ કિંવા ખરૂં સુખ મળતું નથી. એમ આપ માનો છો? શાસ્ત્રોમાં કહ્યું છે કે સત્યાચરણ અને પરોપકાર કરવાથી જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે તેટલું પુણ્ય યજ્ઞયાગ કરવાથી પણ પ્રાપ્ત થતું નથી. જે જમીનદાર આજે પોતાના પરોપકારી સ્વભાવથી અને અત્યંત પ્રજા-વાત્સલ્યથી સર્વ લોકોને પ્રિય અને પૂજ્ય થઈ પડયો છે તેણે સર્વસ્વનો પરિત્યાગ કરી મંદિરનો આશ્રય લેવાની જરૂર પણ શી છે?" ચંદ્ર-શેખરે કહ્યું.

"મહારાજ? આપ મારો આટલો સન્માન અને આદરસત્કાર કરો છો, તેને માટે હું યોગ્ય નથી. જો હું એ સન્માનને યોગ્ય હોત તો પાપ ધોવાને માટે મહંત ચંદ્રશેખરની પાસે આવત નહીં, અને આવવાની પણ જરૂર પડી ન હોત."

"આ જગતમાં પાપી કોણ નથી? 'મેં પાપ કર્યું નથી.' એમ કોઈ પણ માણસ છાતી ઠોકીને કહી શકશે કે? હું નિરપરાધી અને નિષ્કલંક છું એમ કોઈ પણ માણસ સોગંદ લઈ કહી શકશે?" આ પ્રકારે બન્ને જણે ઘણીવાર સુધી વાતચિત કરી. પછી નગેંદ્રનાથ પોતાનો આવવાનો હેતુ શું છે તે કહેવા લાગ્યો.

પ્રકરણ ૨૧ મું.

જમીનદારનું પૂર્વવૃત્તાંત.

And let me if I may not find
A friend to help, find one to hear.

Crabbe.

નગેંદ્રનાથ બોલ્યો "મારા જેવો દુઃખી અને હતભાગી મનુષ્ય બીજો કોઈ નથી. હું મારાં દુઃખની વાત કહું છું તે કૃપા કરીને સાંભળો. મારી પત્નિના જન્મ સમયે આકાશમાં એક નવો ધૂમકેતુ દેખાયો હતો. આ પરથી તે છોકરી ગાંડી થશે એમ જ્યોતિષીઓ કહેતા હતા. જોસીઓના કહેવા પ્રમાણે મારી પત્નિ અક્ષરસઃ ગાંડી નીવડી નહીં; તોપણ તેની મનોવૃત્તિ એટલી વેગવાળી હતી કે તેમાં અને ગાંડી સ્ત્રીમાં કાંઇ ઘણો ફરક નહોતો. મારી પત્નીને ગુજરી ગયાને આજે બાર વર્ષ થઈ ગયાં છે. તેના ઉદરથી મને બે પુત્રોની પ્રાપ્તિ થઈ. આ બન્ને તેની માતા સરખા ગાંડાજ હતા. મોટો છોકરો ચિંતાથી ગાંડો થયો હતો અને નાના છોકરાને બીજાનાપર ઉપકાર કરવાનું ગાંડપણ લાગ્યું હતું. બન્ને પુત્રો મારી આંખના તારા હતા; પરંતુ આજે તેઓ ક્યાં છે? હે નિષ્ઠુર વિધાતા! વૃદ્ધાવસ્થામાં આવું દુઃખ જોવાનુંજ તેં મારા નશીબમાં લખ્યું હતું? મહારાજ! બન્ને પુત્રોના અભાવે હું બન્ને આંખે અંધ થયો છું. હું મારાં તે બન્ને રત્નો ગુમાવવાને લીધે કંગાલ બની ગયો છું." નગેંદ્રનાથના આ દુઃખોદ્દગારથી સર્વે માણસોનાં અંતઃકરણ દ્રવી ગયાં. ક્ષણેક પછી નગેંદ્રનાથ ફરીથી બોલ્યો "મારો વડો પુત્ર નાનપણમાંજ વાઘનો ભોગ થઈ પડયો. પુત્રના હમેશના વિરહ શોકથી તેની માતાનો થોડાજ

વખતમાં અંતકાળ થયો. જ્યેષ્ઠ પુત્રના અને પત્નીના વિયોગનું સર્વ દુઃખ મેં મારા નાના પુત્ર સુરેંદ્રનાથના મુખ તરફ જોઇને ભુલવા માંડયું. આહાહા! સુરેંદ્રનાથ જેવો વીરપુરૂષ કોઈએ કદિ પણ જોયો નહીં હોય! દયા, ધર્મ, વિદ્યા, બળ, શૌર્યાદિ સદ્ગુણોમાં તેની સાથે સ્પર્ધા કરનાર ઘણુંજ કરીને કોઈ નથી. નાનપણમાંજ તેના અંગમાં સિંહના જેટલું બળ હતું. મલ્લયુદ્ધમાં તેણે ઘણા અભિમાની મલ્લોના ગર્વ ઉતાર્યા છે. પોતાના બાહુબળથી તેણે સર્વેને વિસ્મિત કર્યા હતા. તેના સરખો ઘોડાપર બેસનાર પટાવત તો આખા પ્રાંતમાં મળવો મુસ્કેલ! જેણે સુરેંદ્રનાથને જોયો છે તે તે સર્વ તેને કર્ણ સરખો દાનશૂર અને ભીમ સરખો બલીષ્ટ માને છે. તેને રાજા સમરસિંહને મોઢેથી યુદ્ધ સંબંધી વાતો સાંભળવાનો નાનપણથીજ બહુ શોખ હતો. યુદ્ધવાર્તા સાંભળતાં સાંભળતાં તેની મુખ મુદ્રા ગંભીર થતી અને આંખો લાલ બની જતી. સમરસિંહની તલવાર હાથમાં લઈને યુદ્ધમાં જવાની ઉત્સુકતા તે બતાવતો. બાળકની વીરમૂર્તિ જોઈ રાજા સમરસિંહ તેનું સજલ નેત્રે ચુંબન લેતો. રાજાજી કહેતા કે 'પઠાણ લોકો બંગાળીઓને ડરપોક કહી મસ્કરી કરે છે; પણ તેમનામાં એ ઘણા વીરપુરૂષો નીકળે છે.

"સુરેંદ્રનાથ! મારૂં મૃત્યુ થતાં મારી તલવાર તું પકડજે. તારા હાથમાં મારી તલવાર આવવાથી તેને કદી પણ કલંક લાગશે નહીં. પરંતુ હાય! આજે તે સુરેંદ્ર ક્યાં છે? હે પ્રભુ! હવે હું કોના મુખ તરફ જોઇને મારો વિરહાગ્નિ શાંત કરૂં?" બોલતાં બોલતાં ડોસાની આંખમાંથી દડદડ આંસુઓ પડવા લાગ્યાં. એ જોઈ ચંદ્રશેખર શોક વિહ્વળ થઈ બોલ્યા "સુરેંદ્રનાથ વિષે કાંઈ અમંગળ વાત આપને કાને આવી છે?"

"તેમ હોત તો હું આટલા વખત સુધી જીવતો પણ રહ્યો હોત કે?"

આથી ચંદ્રશેખર બોલ્યા "ત્યારે તમે આટલી ચિંતા શા માટે કરો છો? સુરેન્દ્રનાથ કેટલાક દિવસ થયા પરદેશ ગયો છે. ઈશ્વર કૃપાથી થોડાજ દિવસમાં તે સુખરૂપ ઘેર આવશે."

"આપનો આશીર્વાદ વ્યર્થ થવાનો નથી; પણ ગઈ રાત્રે એક ખરાબ સ્વપ્નું આવ્યું હતું, તેથીજ હું આટલો ચિંતાતુર થાઉં છું; અને તેટલા માટેજ આપની પાસે આવ્યો છું. મારો તે દેવતુલ્ય પરંતુ દૂરના પરદેશમાં હોવાથી બંધુહીન, સહાય વિનાનો પુત્ર ભયંકર વિપત્તિમાં આવી પડયો છે. એવો દેખાવ સ્વપ્નામાં મારી દ્રષ્ટિએ પડયો હતો. મહારાજ! આ સ્પપ્નનો અર્થ શું? કાંઈ અનિષ્ટ, અમંગળ ઘટના બનશે તો હું મારો પ્રાણત્યાગ કરીશ."

"તમારે ગભરાવાનું કાંઈ કારણ નથી, ભગવાન આપના વીર પુત્રનું સંરક્ષણ કરો. પુણ્યાત્મા, પ્રજાવત્સલ જમીનદારને ભગવાન કદી પણ પુત્રવિહીન કરશે નહીં." ચંદ્રશેખરે કહ્યું. "મહારાજ! મને પુણ્યાત્મા કહેશો નહીં. હું ઘોર પાતકી છું. જો આપની ઇચ્છા હોય અને આજ્ઞા હોય તો હું મારી પાપકથા આપની આગળ નિવેદન કરૂં. ત્યાર પછી પાપ ધોઈ નાંખવાને માટે મને કાંઈ ઉપાય બતાવજો.

"મારો સુરેંદ્રનાથ જ્યારે બાર વર્ષનો હતો ત્યારે એક દિવસ તેને મારી સાથે લેઈ હું રાજા સમરસિંહને ત્યાં પરોણો ગયો હતો. રાજાજી સમસ્ત બંગાળાના જમીનદારોમાં અગ્રેસર હતા, એ કહેવાની કાંઈ જરૂર નથી. મારા પર તેમની સગા ભાઈ સરખી પ્રીતિ હતી. તે દિવસે અમે ઘણી વાર સુધી વાત કરતા બેઠા હતા. મારો સુરેંદ્ર અને રાજા સમરસિંહની એકની એક પુત્રીએ બન્ને સામેજ રમતાં હતાં. રમતાં રમતાં તે છોકરીએ એક પુષ્પમાળા સુરેંદ્રનાથના ગળામાં પહેરાવી દીધી. સરલા સમરસિંહના પ્રાણરૂપ હતી. પોતાની કન્યાનું આ કૃત્ય જોઇ રાજાના નેત્રો આનંદાશ્રુથી ભરાઈ આવ્યાં અને તેઓ મારા પ્રત્યે બોલ્યા. 'મોટા મોટા રાજાઓ પોતાના પુત્રોને માટે મારી કન્યાની માગણી કરે છે, પરંતુ સરલાએ સ્વહસ્તે જે પતિ પસંદ કીધો છે તેની સાથેજ હું તેના લગ્ન કરીશ.' આ સાંભળી માર

આનંદનો પણ પાર રહ્યો નહીં. બંગ ચૂડામણી રાજા સમરસિંહને પોતાની એકની એક પુત્રી મારા જેવા સામાન્ય જમીનદારના પુત્ર સાથે પરણાવવા તૈયાર થતા સાંભળી—જોઈ હું મને પોતાને મહાભાગ્યવાન સમજવા લાગ્યો. સમરસિંહના આ ઉપકારને માટે મેં તેનો ઘણો આભાર માન્યો; પરંતુ તે વચનનો મેં ભંગ કીધો."

મહાશ્વેતા બુરખામાંથી રોષયુક્ત દ્રષ્ટિથી જોવા લાગી. તેના શરીરમાં ક્રોધના ભભુકા ઉઠવા લાગ્યાં. નગેંદ્રનાથના મુખમાંથી તે વાત સાંભળવાને માટેજ ખાસ કરીને તે ત્યાં બેઠી હતી. નગેંદ્રનાથ આગળ બોલ્યો "મેં મારૂં વચન પાળ્યું નહીં, સમરસિંહના મૃત્યુ પછી તેની નિરાશ્રય અને અનાથ કન્યા સાથે મારા પુત્રના લગ્ન કરવાનો વિચાર મેં માંડી વાળ્યો અને બીજી જગ્યાએ કન્યાની શોધ કરવા લાગ્યો. બંગદેશમાં શ્રીમંત કાયસ્થ જમીનદારોનો કંઈ અભાવ નથી. ઇચ્છાપુરનો જમીનદાર આપણો સગો થાય એ કોને ન રૂચે? થોડાજ વખતમાં એક સારૂં સ્થળ શોધી કાઢી સુરેંદ્રનાથનાં લગ્ન કરવાનો મેં ઠરાવ કીધો. હું મારો વચનનો ભંગ કરવા તૈયાર થયો હતો; પરંતુ મારા સત્યનિષ્ઠ અને ધર્મપરાયણ પુત્રે તે વાત કબુલ કીધી નહીં. તેણે એક દિવસ મને કહ્યું 'પિતાજી! મેં આજ સુધી કદી પણ આપની અવજ્ઞા કીધી નથી; પણ મારો એક ગુન્હો માફ કરો; રાજા સમરસિંહને આપેલા વચનનો ભંગ કરશો નહીં.' પુત્રના આ વચન સાંભળી મને ઉલટો સંતાપ થયો. મેં બળપૂર્વક પુત્રનાં લગ્ન કરવાનો વિચાર કર્યો. તત્ક્ષણુજ જોસીને બોલાવી લગ્નની તીથિ વગેરે નક્કી કરી; પરંતુ છેવટે મારા પુત્રે પોતાનો ઠરાવજ અમલમાં આણ્યો. તે ગુપ્તપણે ઘેરથી નીકળી ગયો અને આજ સુધી તેનો પત્તો પણ નથી." થોડીવાર થોભી નગેંદ્રનાથ આગળ બોલ્યો "સમરસિંહને આપેલા વચનનો ભંગ કરવાથીજ મારે વૃદ્ધાવસ્થામાં આ દુઃખ

ભોગવવું પડે છે. પૂર્વનું મારૂં તે મનોરાજ્ય ક્યાં ગયું ? મારા પુત્રે જમીનદારીનો સર્વ ભાર મારે માથે નાંખી પ્રયાણ કીધું. વૃદ્ધાવસ્થામાં પિતાના શીરનો ભાર પોતાને માથે લઈ તેને મુક્ત કરવો, તેની સેવા-સુશ્રૂષા કરવી એતો દૂર રહ્યું પણ પોતેજ ઘરબાર છોડી ચાલ્યા જવું એ શું ? હું પુત્રહીન, પત્નીહીન બની એકલો આ ભવસાગરમાં ગોથાં ખાઉં છું. મહારાજ! મારા જેવો હતભાગી પ્રાણી ત્રણ લોકમાં પણ મળવો મુસ્કેલ છે." બોલતાં બોલતાં ડોસો બન્ને હાથોવતી પોતાની આંખો ઢાંકી ઉચ્ચ સ્વરે રૂદન કરવા લાગ્યો. તે જોઈ સર્વેને ઘણી અસર થઇ. ચંદ્રશેખરે તેના મનનું સાંત્વન કરવાને માટે ઘણો પ્રયાસ કર્યો. નગેંદ્રનાથ કિંચિત્ શાંત પડતાં કેશવાચાર્ય બોલ્યો " વચન ભંગ કરવાથી આપને જો ખરેખર પશ્ચાત્તાપજ થતો હોય તો હજીયે વચન પાળી શકશો."

"હું વચન પાળીશ. રાજા સમરસિંહની કન્યાને આણી આપો; હું તેની સાથે મારા સુરેન્દ્રનાં લગ્ન કરીશ. પૂર્વનો મારો તે ગર્વ, ઉચ્છૃંખળપણું, દ્રવ્યનું અભિમાન એ સર્વે નષ્ટ થયાં છે. હું ફરી પ્રતિજ્ઞાનો ભંગ કરૂં તો મને પુત્રનું મુખ ઇશ્વિર ન દેખાડો. " નગેન્દ્રનાથે કહ્યું.

આ સાંભળી કેશવાચાર્ય કાંઇ બોલ્યો નહીં. તે મહાશ્વેતાની સાથે ફરી વાતો કરવા લાગ્યો. કેશવાચાર્યે ધીમે રહીને મહાશ્વેતાને કહ્યું " બાઈ! હવે નકામું મોડું શા માટે કરે છે. પોતાની ઓળખ આપ."

"જ્યાં સુધી પરમેશ્વર મને અગાઉની માફક ઐશ્વર્ય સંપન્ન કરે નહીં ત્યાં સુધી હું મારી ઓળખાણ આપીશ નહીં અને કન્યાનો વિવાહ પણ કરીશ નહીં. " મહાશ્વેતાએ કહ્યું.

" કેમ વારૂ ? " કેશવાચાર્યે પુછ્યું.

" બીજાના ઉપકારનો ભાર પોતાના મસ્તકર વહન કરવો એ મારા ઘરધણીનો રિવાજ નહોતો. તેણે બીજાઓના ઉપર અનેક ઉપકારો કર્યા છે; પણ કોઇનો ઉપકાર તેણે સ્વીકાર્યો નથી. "

"ત્યારે નગેંદ્રનાથ પોતાનું વચન પાળવાને તૈયાર છે કે નહીં? સંબંધે પ્રશ્ન શા માટે પુછાવ્યો?"

"ફક્ત તેના મનની વાત જાણવાને માટેજ. હજીએ તે વચન પાળવાને તૈયાર છે કે નહીં, તે જાણવું તો જોઇએ. તે તો તૈયાર છે પણ હું તૈયાર નથી. મારો મનોરથ સફળ થયા વિના પુત્રીનું લગ્ન હું કરીશ નહીં."

પ્રકરણ ૨૨ મું.

નવું સંકટ.

All prevailing foe !
I curse thee! lat a suffering curse
Clasp thee, his torture, like remorse

Shelley.

ચંદ્રશેખરને ત્યાં એકઠું થયેલું મંડળ ધીમે ધીમે પોતનો માર્ગ સુધારવા લાગ્યું; પરંત મહાશ્વેતા હજુ પણ પોતાની જગા ઉપરજ બેઠી હતી. અને અમલા પોતાની સહિયરનું માથું હૃદય સાથે રાખીને ત્યાંજ વિચાર કરતી બેઠી હતી. તે એટલો બધો શાનો વારૂ વિચાર કરતી હતી? જમીનદારનું વૃત્તાંત સાંભળીને અમલાના મગજમાં નાના પ્રકારના વિચાર તરંગો ઉઠવા લાગ્યા. પોતે નિર્ધારિત છોકરીથી લગ્ન કરવાની ના પાડીને છોકરો ઘરમાંથી નિકળી કોઇ તરફ ચાલ્યો ગયો, એમ તે જમીનદાર બોલ્યો હતો. ત્યારે ઇંદ્રનાથ તો આ જમીનદારનો પુત્ર નહીં હોય? એવો તેના મનમાં સંશય આવ્યો. તે જેમ જેમ વિચાર કરવા લાગી તેમ તેમ તેને પોતાનો સંશય ખરો હોવાનો અધિકને અધિક સંભવ જણાવા લાગ્યો. તે મનમાં બોલી "મહાશ્વેતા અમર-

સિંહની સ્ત્રી છે કે ? તેની ચર્ચા જોતાં તે રાજપત્નિ હોવી જોઇએ, એવો સ્વાભાવિક તર્ક થાય છે. સાધારણ કાયસ્થ લોકોની સ્ત્રીસમાન તે દેખાતી નથી. કોઇથી ઘણું બોલાવું નહીં, રોજ નિયમ ધર્મથી શિવજીની પૂજા કરવી અને વૃદ્ધપણામાં પણ મુખ ઉપર સ્વર્ગીય તેજ વીરાજમાન થયેલું છે. આ સર્વે વાતો જોતાં તે કોઈ મોટા ખાનદાન કુટુંબની સ્ત્રી હોવી જોઇએ. એવું અનુમાન કરવામાં કાંઈ ભૂલ થનાર નથી. મારી પ્રિય સખી સરલા રાજકુમારી છે કે શું ? બિચારી આ વખતે કેવી ગાઢ નિદ્રામાં મગ્ન થઈ છે ! અને એનું મન એના કરતાં પણ અધિક નિર્દ્રિસ્ત છે. હું રાજકુમારી છું, એ બિચારીને બીલકુલ ખબર નથી; પણ આ ખરેખરજ રાજકુમારી છે કે શું ? રાજકુમારીના પગની રજથી રૂદ્રપુર અને વનગ્રામના રસ્તાઓ અને ઘાટ પવિત્ર થયાં કે શું ? પરમાત્મા તનેજ ખબર ! મને તો કંઈ સમજાતું નથી. ” આવા પ્રકારના વિચારોનું મસ્તકમાં ભ્રમણ ચાલતું હોવાને લીધે અમલા આજે ઉંઘ પણ વિસરી ગઇ હતી. સર્વે ગયા પછી નગેંદ્રનાથ વિશ્રાન્તિ લેવાને માટે પોતાના શયનમંદિર તરફ ચાલતો થયો. વૃદ્ધ અને શોકગ્રસ્ત જમીનદારની સેવાચાકરી કરવાનું કામ ચંદ્રશેખરે સ્નેહમયી કમલા અને સરલચિત્ત સરલાને સોંપ્યું હતું. તે બન્નેએ જમીનદારને માટે પોતાને હાથે ભોજન તૈયાર કરીને તેને પીરસ્યું; તેને સુવાની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરી દીધી; અને એવાજ પ્રકારની તેઓએ તેની સેવા કરી. તેઓ શાંત, વિનયસંપન્ન બાલિકાઓની કાર્ય કુશળતા અને દક્ષતા જોઇને મેમાનની ચિત્તવૃત્તિ પ્રસન્ન થઈ. જમીનદાર કમલાને ઉદ્દેશીને બોલ્યો “ બેટા ! તું અને સરલા બન્નેએ આજે મારી જે સેવા સુશ્રુષા કરી, તેવી સેવા સુશ્રુષા આજ ઘણા દિવસમાં મેં અનુભવી ન હતી. જો હું અભાગી ન હોત તો આજે તમારા સરખી વિનયશીલ, સુસ્વરૂપ અને સ્નેહમયી વધૂઓ મારી સેવામાં તત્પર હોત; અને તેને લેઈને આજ મારૂં ઘર

પ્રકાશિત થયું હોત. પરંતુ વિધાતાએ તે સુખ મારા ભાગ્યમાં લખ્યું નથી ! મારા વિષ્ણુ જેવા પુત્રોથી અને લક્ષ્મી સરખી વહુઓથી મારૂં ઘર હસતું હોત ! પણ ભાગ્યમાં નહીં તેને શું કરીએ ? આ ગામ જેવું શાંત અને એકાંતસ્થાન મને બીજે ક્યાંએ જણાયું નથી. તેમજ તમારા સરખી પ્રેમાળ, સર્વગુણસંપન્ન અને સુસ્વરૂપ બાલિકાઓ મને કોઈ પણ કાયસ્થ કુળમાં દેખાઈ નથી." કમલા પછી ત્યાંથી શયન કરવા ગઈ. બહારની પરસાળમાં મહાશ્વેતા અને સરલા બન્ને ત્યાં અત્યાર સુધી બેઠી હતી. ઉંઘવા માટે હવે જવુંજ, એવો મહાશ્વેતા વિચાર કરે છે, એટલામાં એક *પરિચારિકા મહાશ્વેતા પાસે આવી તેના કાનમાં કહેવા લાગી. "રાણી સાહેબ! ચાલો, જલ્દી ચાલો, તમારી ઘાટ ઉપર વાટ જુએ છે." રાણીસાહેબ આ સંબોધન શ્રવણ કરતાંજ મહાશ્વેતા ગભરાઈ. મને ઓળખનારા આ ગામમાં કોણ છે, એવો પ્રશ્ન તેના મનમાં ઉદ્ભવ્યો અને ક્ષણભર તે ગભરાયા જેવી થઈ. હવે શું કરવું એ તેને સૂઝ્યું નહીં. પરિચારિકા ફરી બોલી "રાણીસાહેબ, આપે મને ઓળખી નહીં ? હું આપનીજ એક જુની દાસી છું." ત્યારે ક્યાંક મહાશ્વેતાને ઓળખ પડી. તે 'ચતુર્વેષ્ટિત-દુર્ગ' માંની એક પરિચારિકા હતી. મહાશ્વેતા વિસ્મય થઈ બોલી "એટલા દિવસ પછી આજે તું ક્યાંથી અને શા માટે આવી છે ? હું આ ગામમાં છું એ તને કેમ સમજાયું ?"

"રાણી સાહેબ, આપ ચતુર્વેષ્ટિત દુર્ગમાંથી ન્હાસી ગયા પછી આપના પિયરના માણસોએ આપનો અને સરલાબેનનો ઘણોએ શોધ કર્યો. આપને માટે સર્વે મનુષ્યો કેટકેટલા રડ્યા, કકળ્યા તે હવે કહે-વાથી શું ફાયદો ! એટલો શોધ કર્યા પછી હવે જક્યા. સરલાબેનની મોટી માએ પોતાની સરલાનું મુખકમળ જોવાની ઇચ્છાથી કયા કયા

* દાસી.

દેશો ભટકતા ફર્યાં, તે કંઈ કહી શકાતું નથી. ફરતાં ફરતાં છેવટે રૂદ્રપુર આવ્યાં અને ત્યાંથી વહાણમાં બેસીને આજે અહીં આવ્યા છે; પરંતુ તેમને અહીં આવતાં ભય લાગે છે. એટલા માટે આપ સરલાબેનને લેઈને ઘાટ ઉપર મારી સાથે ચાલો એટલે ઘણા દિવસ પછી આપને બન્નેને જોઇને તેઓના આંખના પડળ દૂર થશે.”

ગઈ વાતનું સ્મરણ થતાંજ મહાશ્વેતાનું હૃદય દ્રવીભૂત થયું. આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં. પોતાની કન્યાને લેઈને તે પરિચારિકા સાથે ઘાટપર જવાને માટે નિકળી. ઘાટ પાસેજ હતો. ઘાટપર આવતાંજ પરિચારિકાએ મહાશ્વેતાને નૌકા બતાવી. નૌકા અત્યંત વેગથી ચાલતી હતી. તેમાં દસબાર ખારવાઓ હાથમાં વલ્હી–વાંસ લેઈને ઉભા હતા. નૌકામાંથી કોઈ એક વૃદ્ધ સ્ત્રીએ મહાશ્વેતાને પોતાની પાસે આવવા માટે હાથવતી ઇશારત કરી. તે પ્રમાણે મહાશ્વેતા સરલા સાથે નૌકામાં જઇ બેઠી અને તત્કાળ નૌકા ઝપાટાબંધ ચાલતી થઈ. મહાશ્વેતાને બોલાવવા આવેલી દાસી નૌકામાં ન બેસતાં બીજી તરફ પસાર થઈ ગઈ. નૌકામાંની વૃદ્ધ સ્ત્રી સરલાથી મોટી ન હતી; પરંતુ વૃદ્ધ સ્ત્રીનો વેષ લીધેલો શકુનીનો એક જાસૂસ હતો! આજે મહાશ્વેતા પોતાની કન્યા સાથે સતીશના કારાગૃહમાં પડી!

પ્રકરણ ૨૩ મુ.

નૌકાપતિનું પૂર્વવૃત્તાત.

હતું તેનું હૈયું કમળ સરખું કોમળ, અને
હતો તેમાં દૈવી પ્રણય રસ મીઠો ટપકતો;
હતું તેને મ્હોએ મધુર સ્મિત કાંઈ ઝળકતું,
દિસે તેનાં ગાત્રો પુલકિત થતાં હર્ષમય સૌ.

ઈંદ્રનાથ પોતાના નવા મિત્રને ઘેર આવ્યો, ઘર નાનું સરખું હતું ખરૂં, તો પણ તે અત્યંત સ્વચ્છ અને સુંદર હતું. બહારના ભાગમાં એક નાનું સરખું ઉદ્યાન હોઇને તેમાં કેટલાક ફળ ઝાડો હતાં. ઘરથી થોડી દૂર ઉપર એક નાનું ગામડું હતું. ઘરની સામે વિશાળ ગંગા નદી કલકલ શબ્દ કરતી વહેતી હતી, અને પાછલી બાજુએ એક નાનું કુંજવન હોઇને તેની આગળ અનાજનાં ખેતરો આવી રહ્યાં હતાં. આ ઘરનો માલેક મુંગેરમાં કોઈ સામાન્ય વ્યાપાર ધંધો કરતો હતો; પરંતુ તેનું મન સ્વભાવતઃ ચિંતા અને ખેદથી નિરંતર વ્યાપ્ત હોવાને લીધે પોતાનું રહેવાનું સ્થળ નગરથી ઘણે દૂર-એક નાના ગામડાની સમીપમાં એકાંત સ્થળે કર્યું હતું. એ ઘરમાં તે એકલોજ રહેતો હતો, એકલોજ ગાયન ગાતો અને સાંજે એકલોજ નૌકામાં બેસીને નદીમાં ફરતો. બન્ને નીચે બેઠા બાદ તે ગૃહસ્થ ઈંદ્રનાથ પ્રત્યે બોલ્યો-" ભાઈ સુરેન્દ્ર ! તારા હૃદયમાં ક્રોધ અને અભિમાન એ દુષ્ટ મનોવિકારોનો નિવાસ હોય તો તેનો એકદમ ત્યાગ કર ! આ અભિમાનેજ મારૂં સર્વસ્વ નાશ કર્યું છે. છેક નાનપણથી હું અતિ અભિમાની હતો. મેં એમ સાંભળ્યું છે કે નાનપણમાં જો મેં એકાદ વાતનો હઠ લીધો અને જો તે હઠ એકદમ પૂરો કરવામાં ન આવે તો હું ક્રોધથી એક બે દિવસના અપવાસ કરતો. આ વિલક્ષણ ક્રોધને લીધેજ મારૂં સર્વસ્વ નાશ પામ્યું છે.

" હું સાધારણ મોટો થયો, ત્યારે પણ મારી એજ સ્થિતિ હતી, સ્વભાવતઃ મારૂં મન વિદ્યાભ્યાસમાં ચોંટેલું રહેતું; પરંતુ કોઈ વખતે જો મહેતાજી મારાપર ચીડાતા તો હું ક્રોધાંધ થઇને હાથમાંનું પુસ્તક દૂર ફેંકી દેતો; ત્યારે જો મારી પીઠ ઉપર સો સોટીઓ તોડી નાંખે તો પણ મુખે એક શબ્દ બોલતો નહીં કે એક આંસુ મારી આંખમાં આવવા દેતો નહીં ! ગુરૂજીનો મારીપર અત્યંત પ્રેમ હતો પણ મારી

આ વિલક્ષણુ કુટેવ જોઈ તે મારીપર અત્યંત ચીડાતા. એવીજ રીતે એક વખત ચીડાઇને તેઓએ મને એવો સખત માર માર્યો કે હું બેશુદ્ધ થઇને જમીન પર છેકજ નિશ્ચેષ્ટ થઈ પડયો; તથાપિ મારી આંખમાં એક આંસુનું ટીપું નહીં કે મુખમાંથી એક પણ શબ્દ નહીં! મને મુર્ચ્છિત પડેલો જોતાંજ ગુરૂજી શુદ્ધિપર આવ્યા અને મને શુદ્ધિપર લાવવાના ઉપાય કરવા લાગ્યા. તેઓએ મને પુત્રની જેમ છાતીએ લગાડી મારા મુખ ઉપર કેટલોક વખત પાણી સીંચ્યું એટલે હું સાવધ થયો. તે દિવસથીજ મારો વિદ્યાભ્યાસ પૂરો થયો. ગુરૂજી પાસે હું ફરી ભણુવા ગયો નહીં, અને જન્મનો મૂર્ખ થઇ રહ્યો.

"મારી માતાએ મને કદી પણુ કડવાં વચનોથી દુભવ્યો નથી. તે મારો સ્વભાવ સારી રીતે જાણુતી હતી. તે મારીપર એટલો પ્રેમ કરતી કે, તેને મારૂં મન કદી દુભવ્યું હોય એવું મને યાદ આવતું નથી. હું પિતાજીની અવજ્ઞા કરતો, ગુરૂજીને ગાંઠતો નહીં; પરંતુ માતાની કદાપિ અવજ્ઞા કરી નથી. ઘરના માણુસો મને ગમે તેટલો વિનવે, બીક બતાવે, અથવા સખત રીતે માર મારે; તો પણુ હું જે વાત બીલકુલ ન કરતો તેજ વાત, માતાએ ફક્ત પોતાની ઇચ્છા પ્રગટ કરતાંજ હું તે તત્કાળ કરી નાંખતો. હાય ! હવે તે પ્રેમમયી માતા મને ફરી વાર ક્યાંથી નજરે પડશે!" બોલતાં બોલતાં તેનો કંઠ રૂંધાઇ આવ્યો. મુખમાંથી સ્પષ્ટ શબ્દ નિકળતો નહતો. નીચું મુખ કરીને તે અવિરલ આંસુની ધારાઓ વહેવડાવવા લાગ્યો.

એ જોઇને ઇંદ્રનાથ અતિ દુઃખી થઇને બોલ્યો. "શું આપની માતાનો અંત થયો કે?"

તે ગૃહસ્થ કરૂણા વાણીએ બોલ્યો "હા, એવું મેં અત્યારેજ સાંભળ્યું છે."

મન શાંત થતાં સુધી આંસુ વહી ગયા પછી તે ગૃહસ્થનું હૃદય કિંચિત્ શાંત થયું અને તે આગળ બોલવા લાગ્યો. " મારા પિતા કાયસ્થ જમીનદારમાંના એક હતા. તેમનું સામર્થ્ય વિલક્ષણ હતું. મારી જેમજ મારા પિતા પણ અભિમાની અને ક્રોધી હતા. ખરી રીતે જોતાં તેમનો મારીપર ઘણો પ્રેમ હતો. મારી પ્રશંસા સાંભળી તેમનાં નેત્ર આનંદના આંસુઓથી ભરાઈ આવતાં. મારી નિંદા સાંભળતાંજ તેમનું મુખકમળ નિસ્તેજ થઈ જતુ; તથાપિ તેઓ પોતાનો ક્રોધ સમાવી શકતા નહીં. એક દિવસે વિના અપરાધે મને મારીને તે આ બોલ્યા ' આજથી હું તારૂં મુખ જોવા ઇચ્છતો નથી. આજ વખતે મારા ઘરમાંથી ચાલતો થા.' ' આ જુઓ હું આ ચાલ્યો. ' એમ કહેતો કે ક્રોધથી હું પણ તેજ ક્ષણે તત્કાળ ત્યાંથી ચાલતો થયો.

" મારથી અને દમ ભરાવવાથી કેટલાક છોકરાઓ શાંત થાય છે. પણ હું તો ક્રોધથી અંધ બન્યો હતો, મારા હૃદયમાં ભયંકર ક્રોધાગ્નિ ભડકી ઉઠ્યો તે અગ્નિમાં માતાનો સ્નેહ અને પિતાનો પ્રેમ એ બળીને ભસ્મીભૂત થયાં. તેજ અગ્નિએ મારા ભવિષ્યના સંસાર સુખની અને માતાપિતાની બધી આશાઓની ધૂળધાણી કરી. પિતાજીએ મને ઘરમાંથી નિકળી જવાનું કહ્યું, હું પણ આગળ પાછળનો વિચાર ન કરતાં ઘરમાંથી તરત ચાલતો થયો. તે દિવસથી જ મેં પિતાનું ઘર જોયું નથી. તે વખતે હું ઘણો તો બાર વર્ષનો હઇશ.

" તે પછી મેં મારા આયુષ્યનાં કેટલાંક વર્ષો કેવી રીતે વીતાવ્યાં, તે કહી શકતો નથી ! મરૂ ભૂમિ ઉપરના પ્રચંડ વાયુની જેમ મારા આયુષ્યના દસ વર્ષો ફક્ત નકામાં ગયાં. શરીરમાં પ્રચંડ સામર્થ્ય હોય, પણ તે સામર્થ્યથી કંઈ ફળ નહીં, અર્થ નહીં, કોઈને પણ ફાયદો નહીં તો તેનો ઉપયોગ શું ? નિર્જન, પ્રાણિશૂન્ય પર્વતની તળેટીએ થનારી પ્રચંડ સમુદ્ર ગર્જના પ્રમાણે મારા અંતરમાંની દુષ્કર્મ-

નીચ મનોવૃત્તિ ભયંકર ગર્જના કરતી હતી; પરંતુ તે સાંભળવાને કોઈ શ્રોતા નહતો ! મારી તે પ્રચંડ ગર્જના સાંભળી કોઈ આનંદિત થયું નહીં; અથવા તે ગર્જનાથી વિસ્મિત થઈ તેનું કૌતુક કરનારાઓ પણ કોઈ મળ્યા નહીં ! પાતાળમાં વહેનારી ભોગવતી નદીની તરંગમાળા પ્રમાણે મારી પ્રબળ મનોવૃત્તિઓનાં ઉંચા ઉંચા મોજાંઓ ઘોર અંધકારમાં સમાઈ ગયાં.

"આ દસ વર્ષો નીકળી ગયા. તે ઘોર અંધકારના ઢગલાનો એકદમ નાશ થયો અને તે ઠેકાણે એક દિવ્ય અને સુંદર પ્રકાશની છટા દૃષ્ટિગોચર થવા લાગી."

એટલું બોલી તે ગૃહસ્થ એકદમ અચક્યો અને ગંભીરપણે કંઈ વિચાર કરવા લાગ્યો. ઇંદ્રનાથ તે ઉન્મત્ત જેવા ગૃહસ્થ તરફ એકી ટસે જોતો હતો, તેની વાત સાંભળતો હતો. કંઈક વાર પછી તે ગૃહસ્થ આગળ બોલ્યો—"આ દસ વર્ષોમાં જે મનોવૃત્તિ મારા હૃદયને એક સરખી રીતે દુઃખિત કરતી હતી; તેમાં પ્રેમ એ અગ્રગણ્ય હતી.

હવે ઇંદ્રનાથ વિશેષ લક્ષ્ય દઈ સાંભળવા લાગ્યો. તે ગૃહસ્થ બોલતોજ હતો. "હું સામાન્ય સ્ત્રીના પ્રેમની આકાંક્ષા કરતો નહતો. જે પ્રેમ માનવના અંતઃકરણને એકદમ પૂરિપૂર્ણ કરે છે, જે પ્રેમ જીવનનો મુખ્ય આધાર બની રહે છે, જે પ્રેમ દેહનો પ્રતિ આત્માજ બની રહે છે, જે પ્રેમનો અંત થતાંજ જીવનનો પણ અંત થાય છે, તેજ પ્રેમની હું આકાંક્ષા કરતો હતો. ઘણી વખત હું તે પ્રેમની કલ્પના કરતો અંધકારમાં બેસતો. કલ્પના સૃષ્ટિમાં એક અલૌકિક સ્નેહસંપન્ન પ્રેમ પ્રતિમા પેદા કરી તેના સમાગમમાં હું કેટલીક વખત રહેતો. એકાએક તે પ્રેમ પ્રતિમા પાણીના પરપોટાની પેઠે નષ્ટ થતી; કલ્પના શક્તિ થાકી જતી; અને હું અકસ્માત મૂર્ચ્છિત થઈ જમીનપર નિશ્ચિત પડતો.

" દિવસે દિવસે મારી તે કલ્પના વધવા લાગી. હું દિવસના અર્ધા ભાગથી પણ વધારે વખત આ દસ્ય જગતમાં નહીં પણ કલ્પના સૃષ્ટિમાં ભમતો હતો. મારૂં તે કલ્પનામય જગત અતિ રમણીય અને સુંદર હતું. આહાહા ! તેનું આકાશ કેટલું ઉજ્વલ હતું ? દિવ્ય પુષ્પવૃક્ષોથી ભરાઇ ગયેલા એવા તે રમણીય નંદનવનના મધ્યભાગમાં આવેલા, તે ઉજ્જવલ ગૃહમંદિરની અગાશીમાં ઉભી રહેલી મારી પ્રેમ પ્રતિમા હું જોતો હતો. તે જ્યોતિર્મય સુવર્ણ કાંતિયુક્ત મુખમંડળની ચારે તરફ કાળાભોર કેશ મંદવાયુની લ્હેરથી ફરફર ઉડે છે, રક્તવર્ણ અધરોષ્ટપર અર્ધું હસતું પ્રેમ હાસ્ય વિરાજમાન થયેલું છે, કાળા ભમરાના જેવા બન્ને નેત્રમાં પ્રેમાશ્રુ ચમકે છે, સમસ્ત મુખ મંડળપર પ્રેમરસ ઉભરે છે ! એવી તે સુંદર હૃદયંગમ પ્રેમમૂર્તિ હજુ પણ મારા નેત્રો સામે આવી ઉભી રહે છે. ત્યાંજ મારી કલ્પના શક્તિ એકદમ ભાગેલી વીણાની જેમ બંધ પડતી અને હું મૂર્ચ્છિત થઈ જતો, ભૂમિ ઉપર પછડાઇ પડતો.

"એક દિવસે રાત્રે હું એવીજ રીતે મૂર્ચ્છિત થઇને ગંગા કિનારા પરના આ કુંજવનમાં પડયો હતો. તે બેશુદ્ધ સ્થિતિમાં હું કેટલો વખત હતો તેની મને ખબર નથી. પરંતુ મને એમ જણાયું કે કોઇએ પણ મારૂં મસ્તક પોતાના ખોળામાં લીધું છે અને મુખપર જલસિંચન કરીને મને પવન નાંખે છે. ધીમે ધીમે મેં મારી આંખો ઉઘાડી તો મેં શું જોયું ? સુરેન્દ્રનાથ ! તું મારી વાત માનીશ નહીં. મારી કલ્પના સૃષ્ટિમાંની તેજ પ્રેમ પ્રતિમા દ્રશ્ય જગતમાં મૂર્તિમંત હાજર થઇને મને પવન નાંખે છે ! "

બન્ને જણ ઘણીવાર સુધી સ્તબ્ધ બેઠા. આ અસંભવિત વાત સાંભળી ઈંદ્રનાથ વિસ્મિત થયો . કંઇક વખત પછી તે ગૃહસ્થ ફરી બોલવા લાગ્યો. " સુરેન્દ્ર ! મારે હવે વધારે કહેવાનું નથી. તપાસ અંતે મને માલમ પડયું કે તે કાયસ્થ કુમારી અવિવાહિત અને અનાથ

છે. મેં તેનું પાણિગ્રહણ કર્યું. તેના સહવાસમાં મારાં કેટલાક વર્ષો એટલા સુખમાં વીત્યાં હતાં કે તેનું વર્ણન કરવું અશક્ય છે.

"આ સામે દેખાતા કુંજવનમાં અમે બન્ને જણાં રહેતાં હતાં. શરદ્‌ઋતુના પ્રભાતના સમયમાં આકાશ જે પવિત્ર વર્ણ ધારણ કરે છે, તેના કરતાં પણ પવિત્ર પ્રેમ વર્ણ અમારાં હૃદયાકાશને ઉજ્જ્વલ અને પવિત્ર કરતો હતો. સાયંકાળનો ઝાંખો પ્રકાશ જેવી રીતે શાંત અને નિસ્તબ્ધ હોય છે, તેના કરતાં પણ અમારા હૃદયમાંનો પ્રેમ વધારે શાંત અને નિઃસ્તબ્ધ હતો. મારી મનોમોહિની–પ્રિયતમાને હું કુંજવાસિની કહેતો હતો. આ સામે જે કુંજવન દેખાય છે ને **ત્યાંજ——ત્યાંજ** ——એટલું બોલી તે ગૃહસ્થ એકદમ સ્તબ્ધ થઇને તે કુંજવન તરફ છેક ગાંડાની જેમ આંખો ફાડીને જોવા લાગ્યો. તેના મુખપર કોઈ પણ જાતના વિકારની છાયા જણાતી નહતી. આ વખતે તે શુદ્ધિપર ન હતો. ઇંદ્રનાથે મહા પ્રયાસ વડે તેને શુદ્ધિપર આણ્યો. પછી આમ તેમની વાતો થતાં થતાં રાત્રી ઘણીજ વીતી ગઈ. બન્ને સગા ભાઇની જેમ એકજ બિછાનાપર શયન કરવા જતાં ફરી વાર તે ગૃહસ્થ તેજ કુંજવન તરફ જોઈ બોલ્યો "ઇંદ્રનાથ! **ત્યાંજ——ત્યાંજ——**" એમ કહી બન્ને સુઈ રહ્યા અને તરતજ ગાઢ નિદ્રાવશ થયા.

सर्वेऽत्र सुखिनः सन्तु, सर्व सन्तु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु, माकश्चिद्दुःख माप्नुयात् ॥ १ ॥

પ્રથમ ભાગ સમાપ્ત.

આ પુસ્તકના બીજા પ્રકરણમાં ફ્યૂડલ સિસ્ટમ શબ્દ વપરાયો છે. તેનો અર્થ " નીતિ સિદ્ધાંત " નામના પુસ્તકમાં આવી રીતે લખ્યો છે.

મધ્ય યુગમાં યુરોપ ખંડની રાજ્ય વ્યવસ્થા ફ્યૂડલ સિસ્ટમની પદ્ધતિથી ચાલતી હતી. રાજા એ સર્વ જમીનનો માલેક અને તેણે જે લૅાર્ડના તાબામાં જમીનના જુદા જુદા ભાગ આપ્યા હોય તેઓ લડાઇની વખતે નિયમિત ફોજની મદદ કરે, અને બીજે પ્રસંગે ઠરાવેલા કરાર પ્રમાણે વર્તન કરે; તોજ તે જમીનનો ભાગ તેમના તાબામાં રહે; નહીં તો રાજા તે જપ્ત કરે. એવી આ વ્યવસ્થાના સંબંધી મુખ્ય સમજૂતી હતી. એકવાર જમીન આપી એટલે ઉપર કહ્યા પ્રમાણે કંઈ અડચણ નહીં આવે તો તે વંશ પરંપરા ચાલતી. ફ્યૂડલ લૅાર્ડ પોતાની જમીનના વિભાગ કરીને તે પોતાના અધિકારથી વહેંચી દેતા. આ લોકોને **'વ્હાસલ'** કહેતા. લૅાર્ડનો રાજા સાથે જે સંબંધ રહેતો ને વ્હાસલનો લૅાર્ડ સાથે હતો. ફ્રાન્સ દેશમાં ફ્યૂડલ સિસ્ટમને પ્રથમ વ્યવસ્થિત રૂપ આપ્યું. અગિયારમા સૈકામાં વિલીયમ વિજયી એણે જે વખતે ઇંગ્લાંડ દેશ જીતી લીધો, તે વેળા ઇંગ્લાંડમાં ફ્યૂડલ સિસ્ટમ દાખલ કરવી સહેલ પડી. ઇંગ્લાંડ દેશ ખરેખર વિલિયમે જીતવાથી તે સર્વ દેશ ઉપર તેનીજ સત્તા હતી. તેણે પોતાના સરદારોને જમીન આપીને લાૅર્ડ બનાવ્યા; અને ફ્રાંસની સર્વ વ્યવસ્થા ઇંગ્લાંડમાં શરૂ કરી. હાલ જે સુધરેલી રાજ્ય વ્યવસ્થા સર્વ યુરોપખંડમાં જોવામાં આવે છે તે ફ્યૂડલ સિસ્ટમથી ધીમે ધીમે વૃદ્ધિ પામી છે. ફ્યૂડલ સિસ્ટમને લીધે જેમના હાથમાં જમીન ગઇ તેમનેજ આગળ જતાં પ્રતિનિધિ રાજ્ય વ્યવસ્થામાં મત આપવાનો અધિકાર મળ્યો. ઇંગ્લાંડ અમીરોની સભામાં એ ફ્યૂડલ સિસ્ટમનુંજ પરિણામ છે. પ્રતિનિધિ રાજ્ય પદ્ધતિ જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ મૂળની ફ્યૂડલ સિસ્ટમ પાછળ પડતી ગઇ અને આખરે જમીન જેમની તેમની પાસે રહી, ને ચાકરી બદલ કરના રૂપમાં પૈસા લેવાની શરૂઆત થઈ.

નીતિસિદ્ધાંત પાનું ૧૦૪

આ તમારા હ્રદયપટ ઉપર ચીતરી રાખો.

“ જો તમોને કાંઇ પણ સારૂં પ્રાપ્ત કરવું હોય તો સર્વદા સ્
ણુમાં રાખો કે તમારે તે તરફ વિજળીની ઝડપથી જવું જોઇએ. મ
અત્યંત આગ્રહપૂર્વક નિશ્ચય કરો કે આ કામ કર્યેજ છૂટકો છે. ર
પ્રતિજ્ઞા કરો અને પછી તે કાર્ય તરફ આગળ વધો. જેને પોત
કાર્યની સિદ્ધિ કરવી છે તેને બીજી તરફ લક્ષ રાખવું ઠીક ન
પોતાના સ્વીકૃત કાર્યમાં પરની આશા ઘણે ભાગે નિરાશાજનક હોય

વિશ્વમાં તમારે વિજયી થવાની ઇચ્છા હોય તો તે પ્રાપ્ત કરવાનું સબળ શસ્ત્ર તે ખંતીલાપણું છે. ઘણાએ મનુષ્યો એમ માને છે કે વિજયી થવાને માટે બુદ્ધિ અને ધનની જરૂર છે; તથાપિ ઘણે સ્થળે બન્નેનો યોગ હોવા છતાં નિષ્ફળતા મળે છે. જેને ખંત હોય છે, દ્રઢનિશ્ચયથી કાર્ય સિદ્ધ કરવું હોય છે; તેને તે સિદ્ધ કરવાનાં સાધનોની પ્રાપ્તિ મોડી કે વ્હેલી થયા વિના રહેતી નથી. સ્વીકૃત કાર્યને વળગી રહેવું અને તેને માટે કંઇને કંઇ કાર્ય કર્યાજ કરવું એથી દરેક મનુષ્ય પોતાના કાર્યને પાર પહોંચાડે છે. વિશ્વની અંદર એવા માણસને સારૂજ વિજય સરજાયેલો છે. ખંતીલા મનુષ્યો ગમે ત્યાંથી પોતાને માટે સાધનો મેળવી લે છે. મિત્રો બનાવી લે છે. તેમને માટે દુનિયા એમ માને છે કે તેઓએ કોઇ પણ કાર્ય માથે લીધું તેટલેથી તે અર્ધું સિદ્ધ થયું. માટે ખંતથી કામ કરો. ખંતીલા બનો. એજ વિજયી થવાનું સબળ શસ્ત્ર છે. માટે દરેક કામમાં ખંત રાખો !

અનુભવી.